અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ જૂન ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૭
વર્ષ : ૧૬
અંક : ૩૩૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કોલકાતાના નેતાજી ઇન્ડોર સ્ટેડિયમમાં બોલ્યા અમિત શાહ

# ૨૦૨૬ માં મમતા બેનર્જી સરકાર હંમેશા માટે ઉખેડી નાખવામાં આવશે

## મુર્શિદાબાદમાં રમખાણો થયા ત્યારે અમે મમતાને BSF મોકલવા વિનંતી કરી હતી, મમતાએ આ વાત સાથે અસંમત થઈ અને હિન્દુઓને ત્રાસ આપ્યો : શાહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે કોલકાતાના નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં ભાજપ કાર્યકર્તાઓને સંબોધિત કરતી વખતે કહ્યું હતું કે ૨૦૨૬ માં મમતા બેનર્જી સરકાર હંમેશા માટે ઉખેડી નાખવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, ‘‘જ્યારે પણ શુભેન્દુ વિધાનસભામાં ઉભા રહે છે, ત્યારે દીદી ડરી જાય છે. ચૂંટણીમાં મમતા બેનર્જી પર હિંસાનો આશરો લેવાનો આરોપ લગાવતા અમિત શાહે કહ્યું હતું કે લોકશાહીમાં હિંસાનું કોઈ સ્થાન નથી. હિંસા વિના મતદાન કરો અને તમે વાસ્તવિકતા સમજી શકશો.’’

શાહે દાવો કર્યો હતો કે, બંગાળમાં ચૂંટણી એકમાત્ર પરિબળ નથી, પરંતુ સુરક્ષા પણ એક પરિબળ છે. વર્ષોથી, તેમના આશીર્વાદથી, બાંગ્લાદેશથી મોટી સંખ્યામાં ઘુસણખોરો ભારતમાં પ્રવેશ કરી રહ્યા છે જેથી તેમની વોટ બેંકની રાજનીતિ ચાલુ રહે, પરંતુ આ લાંબા સમય સુધી ટકશે નહીં.’

તેમણે એક એવો આંકડો પણ રજૂ કર્યો જે દર્શાવે છે કે બંગાળમાં ભાજપ ખૂબ જ ટૂંક સમયમાં જીતશે. શાહે કહ્યું, ‘‘૨૦૧૭ની ચૂંટણી પછી, અમે ૧૯મી લોકસભા માટે તૈયારી કરી. પછી ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં, અમે ૭૭ બેઠકો જીતી. પછી ૨૪મી લોકસભામાં, ભાજપ ૯૭ વિધાનસભા બેઠકો પર આગળ હતું. અમને ૧૪૩ બેઠકો પર ૪૦ ટકાથી વધુ મત મળ્યા. એટલે કે, જો આપણે લક્ષ્ય પ્રાપ્ત કરવામાં થોડી વધુ પ્રગતિ કરીશું, તો અમારી સરકાર આગામી ચૂંટણી માટે તૈયાર રહેશે.’’ અમિત શાહે કહ્યું કે મુર્શિદાબાદમાં રમખાણો થયા



હતા, અમે મમતાને રમખાણો રોકવા માટે BSF મોકલવા વિનંતી કરી હતી, મમતાએ આ વાત સાથે અસંમત થઈ અને હિન્દુઓને ત્રાસ આપ્યો. બાદમાં BSF તેમને બચાવવા આવ્યું. મુર્શિદાબાદ રાજ્ય પ્રાયોજિત રમખાણો છે. શું મોદીએ વકફ બિલ લાવીને કંઈ ખોટું કર્યું છે? વકફનો વિરોધ કરવાના નામે મમતા કોને બચાવી રહી છે?

તેમણે કહ્યું કે ૨૦૨૬ માં અમે મમતા બેનર્જી સરકારને હંમેશા માટે ઉખેડી નાખીશું. સંદેશખલીનો મુખ્ય ગુનેગાર કોણ છે, તે કઈ પાર્ટી સાથે સંકળાયેલો છે? આરજીકાર ગુનેગાર કઈ પાર્ટી સાથે સંકળાયેલો છે? તેમણે કહ્યું કે હું ગોરખાઓને ખાતરી આપું છું કે જો અમે સત્તામાં આવીશું, તો કોઈ નેતા જેલમાં જશે નહીં. જો અમે સત્તામાં આવીશું, તો ઝછછછ લાગુ કરવામાં આવશે. તેમણે પૂછ્યું કે મમતા, તમે બંગાળ માટે શું કરો છો? મોદીએ રાજ્ય સરકારને ૮,૨૭,૦૦૦ કરોડ રૂપિયા આપ્યા. તેમણે કહ્યું કે જો તમે મોદીના પૈસા લેવા માંગતા હો, તો બંગાળમાં મોદી સરકાર લાવો. બંગાળમાં ઘૂસણખોરી રોકવા અને બંગાળમાં હિન્દુઓને બચાવવા માટે કમળને તક આપો. અમે તમને હાથ જોડીને વિનંતી કરીએ છીએ. અમિત શાહે એવો પણ આરોપ લગાવ્યો હતો કે, કેન્દ્ર સરકારે બાંગ્લાદેશ સરહદ પર વાડ કરવા માટે રાજ્ય પાસેથી જમીન માંગી હતી પરંતુ મમતા સરકારે વોટ બેંકના ડરથી તેને અટકાવી દીધી. અમિત શાહે કહ્યું, પશ્ચિમ બંગાળમાં સરકારી નોકરીઓ ખુલ્લેઆમ વેચાઈ રહી છે આ વલણ હવે બંધ થવું જોઈએ. તેમણે વચન આપ્યું હતું કે, ૨૦૨૬માં ભાજપ સરકાર બન્યા પછી મમતા સરકાર દરમિયાન જે ભાજપના કાર્યકરો પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો તેમને ન્યાય મળશે. શાહે કહ્યું કે, છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૪૦% મત મળ્યા હતા. હવે આપણે ફક્ત થોડા વધુ ટકા મત ઉમેરવાના છે અને આપણે સરકાર બનાવીશું. પહેલગામ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું, શું પ્રવાસીઓને તેમનો ધર્મ પૂછ્યા પછી મારનારાઓને જવાબ આપવો યોગ્ય ન હતો?’ તેમણે કહ્યું કે મમતાને ઓપરેશન સિંદૂર ગમ્યું નહીં કારણ કે તે તુષ્ટિકરણની રાજનીતિ કરે છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે, મમતાએ ઓપરેશન સિંદૂરનો ખુલ્લેઆમ વિરોધ કર્યો ન હતો પરંતુ દેશની મહિલાઓની ભાવનાઓ સાથે ચોક્કસ રમત રમી હતી. ગૃહમંત્રીએ કહ્યું, આ વખતે બંગાળની મહિલાઓ મમતા દીદીને સિંદૂરનું મહત્વ સમજાવશે. તેમણે ભાજપના કાર્યકરોને અપીલ કરી કે, તેઓ લોકોની વચ્ચે જાય અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સંદેશ પહોંચાડે. તેમણે કહ્યું, ૨૦૨૬ની ચૂંટણી ફક્ત બંગાળની ચૂંટણી નથી તે રાષ્ટ્રીય સુરક્ષાની ચૂંટણી છે. મમતા સરકારે સરહદ ખુલ્લી રાખી છે અને ઘુસણખોરોને છૂટ આપી છે.




કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના કોલકાતામાં સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના નવા મકાનનું ઉદ્ઘાટન કર્યું

## દેખાવો વખતે થયેલી હિંસા બદલ શેખ હસીના જવાબદાર



। (એજન્સી) ઢાકા, તા.૧ ।

ભારતમાં આશરો લઈ રહેલા બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીના વિરુદ્ધ તેમના દેશમાં ફાંસીની સજા જેવો કેસ દાખલ કરવામાં આવ્યો છે. બાંગ્લાદેશનું આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલે હસીના વિરુદ્ધ માનવતા વિરુદ્ધના ગંભીર આરોપ દાખલ કર્યા છે. બાંગ્લાદેશી મીડિયાના અહેવાલો મુજબ ગત વર્ષે દેશભરમાં થયેલા બળવા દરમિયાન હસીનાએ નરસંહાર કરવાનો આદેશ આપ્યો હોવાને આક્ષેપ કરાયો છે. મુખ્ય ફરિયાદી મોહમ્મદ તાજુલ ઈસ્લામ અને તેમની ટીમે હસીના વિરુદ્ધ આ આરોપો રજૂ કર્યા છે. ધ ઢાકા ટ્રિબ્યૂનલના રિપોર્ટ મુજબ ફરિયાદીઓ હસીનાને તે હિંસક કાર્યવાહી બદલ જવાબદાર ઠેરવ્યા છે, જેમાં અનેક સામાન્ય નાગરિકોના મોત થયા હતા. આ કેસમાં હસીનાના બે પૂર્વ સહયોગી પૂર્વ ગૃહમંત્રી અસદુઝ્ઝમાન ખાન કમાલ અને પૂર્વ પોલીસ વડા ચૌધરી મમૂને પણ સહ-આરોપી દર્શાવાયા છે. ફરિયાદ ઈસ્લામે કહ્યું કે, પુરાવાથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, આ કાર્યવાહી શેખ હસીનાના ઈશારા પર કરવામાં આવી હતી.

### પૂર-ભૂસ્ખલનને કારણે મૃત્યુઆંક ૨૫

# સિક્કિમ સહિતના પૂર્વોત્તર રાજ્યોમાં મુશળધાર વરસાદ

## મિઝોરમ, અસમ, મણિપુરથી લઈને ત્રિપુરા અને અરૂણાચલ સુધીના રાજ્યોમાં વરસાદના કારણે ક્યાંક ભૂસ્ખલન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દેશમાં નૈઋત્યના ચોમાસાએ સમય પહેલાં પ્રવેશ કરી દક્ષિણ ભારતમાં ભારે તોફાન મચાવ્યું હતું. હવે પૂર્વોત્તર ભારતમાં વરસાદે ભારે વિનાશ કર્યો છે. મિઝોરમ, અસમ, મણિપુરથી લઈને ત્રિપુરા અને અરૂણાચલ પ્રદેશ સુધીના રાજ્યોમાં વરસાદના કારણે ક્યાંક ભૂસ્ખલન થયું છે તો ક્યાંક ફ્લેશ ફ્લડ આવ્યું છે. આ વિસ્તારમાં વરસાદ સંબંધિત ઘટનાઓના કારણે ૨૫ લોકોનાં મોત નીપજ્યાં છે. પૂર્વોત્તર ભારતમાં મુશળધાર વરસાદના કારણે અનેક વિસ્તારોમાં રસ્તા તૂટી ગયા છે અને ભૂસ્ખલન તથા ફ્લેશ ફ્લડના કારણે અનેક મકાનો તૂટી પડયા છે, જેના પગલે ૧૨૦૦૦થી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે અને સેંકડો લોકો વિવિધ સ્થળો પર ફસાયા હોવાની આશંકા છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં વધુ ભયાનક વરસાદની ચેતવણી આપી છે.



અરૂણાચલ પ્રદેશમાં ભૂસ્ખળનના કારણે નવ લોકોએ જીવ ગુમાવ્યા છે. રાજ્યના અનેક ભાગમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. એનએચ ૧૩ પર અચાનક ભૂસ્ખલનના કારણે એક વાહન તણાઈ ગયું હતું, જેથી તેમાં સાત લોકોનાં મોત નીપજ્યાં હતા. સરકારે લોકોને રાતના સમયે પ્રવાસ નહીં કરવા સલાહ આપી છે. ત્રિપુરામાં પણ મૂશળધાર વરસાદ અને આંધીના કારણે અનેક ઘરોને નુકસાન થયું હતું. આસામની રાજધાની ગુવાહાટીમાં ભૂસ્ખલનને કારણે અનેક ઘર લપેટમાં આવી ગયા હતા. આ દુર્ઘટનામાં પાંચ લોકો મૃત્યુ પામી ગયા હતા. જેમાં એક જ પરિવારના ત્રણ લોકો પણ સામેલ છે. આ સિવાય ગોલાઘાટ જિલ્લામાં બે અને લખીમપુરમાં એક વ્યક્તિ મૃત્યુ પામી હતી. અગરતલામાં હાવડા નદીનું જળસ્તર સતત વધી રહ્યું છે. ત્રિપુરામાં એક વ્યક્તિનું ડૂબી જવાથી મોત થયું હોવાના સમાચાર છે. અનેક સ્થળો પર વૃક્ષો તૂટી પડતા રસ્તામાં અવરોધો ઊભા થઈ ગયા છે. મણિપુરમાં પણ નદીઓ જોખમના સ્તરથી ઉપર વહી રહી છે. ઈમ્ફાલ પૂર્વમાં અનેક વિસ્તાર પૂરના પાણીમાં ડૂબી ગયા છે. ઈમ્ફાલના પશ્ચિમ જિલ્લામાં ૧૯૭.૮ મીમી વરસાદ નોંધાયો હતો. આસામમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં છ જિલ્લામાં મૂશળધાર વરસાદના કારણે ભૂસ્ખલન થતાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં હતા તથા ૧૦૦૦૦થી વધુ લોકો અસરગ્રસ્ત બન્યા હતા. હવામાન વિભાગે અનેક વિસ્તારોમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરી છે. દરમિયાન રાજસ્થાનમાં અનેક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ થયો હતો.

## મે મહિનામાં GST કલેક્શન ૧૭૩૮૪૧ કરોડને પાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

મે મહિનામાં સરકારી તિજોરીને GST કલેક્શનમાંથી રૂ. ૨.૦૧ લાખ કરોડ પ્રાપ્ત થયા છે, આ કલેક્શન વાર્ષિક ધોરણે ૧૬.૪ ટકા છે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે મે ૨૦૨૪ માં સરકારને GST થી કુલ રૂ. ૧.૭૨ લાખ આવક થઈ હતી, જ્યારે મે ૨૦૨૫ માં તે ૧૬.૪ ટકા વધીને રૂ. ૨.૦૧ લાખ કરોડના આંકડા પર પહોંચી ગઈ છે. જીએસટી કલેક્શન ડેટા અનુસાર રિફંડ પછી પણ મે ૨૦૨૫ માં વાર્ષિક ધોરણે મે ૨૦૨૪ ની સરખામણીમાં ૨૦.૪%નો વધારો થયો છે. તમને જણાવી દઈએ કે મે ૨૦૨૫ માં ચોખ્ખો જીએસટી કલેક્શન ૧.૭૩ લાખ કરોડ રૂપિયા છે, જે મે ૨૦૨૪ માં ફક્ત ૧.૪૪ લાખ કરોડ રૂપિયા હતો.

### રેડિયો ટેલિકોમ્યુનિકેશનના નિયમોમાં બદલાવ

# એમેઝોન, ફ્લિપકાર્ટ, મીશો પર વોકી-ટોકીના વેચાણ પર પ્રતિબંધ

## આ બદલાવને કારણે હવે એમેઝોન, ફ્લિપકાર્ટ અને મીશો જેવા ઓનલાઇન પોર્ટલ પર વોકી-ટોકી વેચી શકાશે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સરકારે રેડિયો ટેલિકોમ્યુનિકેશનના નિયમોમાં ફેરફાર કર્યા છે. આ બદલાવને કારણે હવે એમેઝોન, ફ્લિપ કાર્ટ અને મીશો જેવા કોઈપણ ઓનલાઈન પોર્ટલ પર વોકી-ટોકી વેચી શકાશે નહીં. જેના કારણે યુઝર્સને વોકી-ટોકી ખરીદવામાં મુશ્કેલીઓ થશે. સામાન્ય રીતે, વોકી-ટોકીનો ઉપયોગ નાના-મોટા બિઝનેસ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને બાળઉમંગ માટે થાય છે. જોકે, હવે આ ડિવાઈસ રેડિયો કોમ્યુનિકેશનને સંલગ્ન હોવાને કારણે સરળતાથી ઉપલબ્ધ નહીં




રહે. રેડિયો ટેલિકોમ્યુનિકેશનના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેના અનુસાર હવે આવા ઉપકરણો ખુલ્લા બજારમાં વેચી શકાશે નહીં. આ ડિવાઈસના ઉપયોગ માટે હવે લાઈસન્સ અને પરવાનગી લેવી પડશે. દેશની સુરક્ષા અને સંવેદનશીલ રેડિયો ફ્રીકવન્સીના અનધિકૃત ઉપયોગને અટકાવવા માટે આ નિયમ લાગુ કરવામાં આવ્યો છે. આ ઉપકરણો ગેરવાપર થવાના જોખમને ધ્યાનમાં રાખીને સરકારે કડક નિયમો લાગુ કર્યા છે, જેથી તેમાં સરકાર અને ઈમરજન્સી સર્વિસોની કોમ્યુનિકેશન સિસ્ટમ સાથે અવ્યાખ્યાયિત દખલગિરી રોકી શકાય. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન અને મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સે મળીને આ નિયમો ઘડ્યા છે. તેમણે કેટલીક ચોક્કસ ગાઈડલાઈન્સ બનાવી છે, કારણ કે ઓનલાઈન વેચાણ દરમિયાન કેટલાક નિયમોનું ઉલંઘન થતું હતું.

# ઉત્તર ભારતમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દેશના ઉત્તર-પૂર્વ ભાગમાં છેલ્લા ૨૪ કલાકથી ભારે વરસાદનો સિલસિલો અટકી રહ્યો નથી. ખાસ કરીને આસામ, મેઘાલય, સિક્કિમ, નાગાલેન્ડ, મિઝોરમ અને અરુણાચલ પ્રદેશ જેવા રાજ્યોમાં સતત વરસાદ નોંધાઈ રહ્યો છે. આસામના સિલચરમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો, જ્યાં ૩૫૮ મીમી વરસાદ નોંધાયો હતો. ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગામી ૨૪ કલાક માટે ઉત્તરપૂર્વ ભારત માટે રેડ એલર્ટ જારી કર્યું છે, જે સ્પષ્ટ કરે છે કે વરસાદનો કહેર હજુ અટકશે નહીં.

IMD અનુસાર સોમવારે દેશના ઉત્તરીય રાજ્યો, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની શક્યતા છે. IMDએ કેટલાક વિસ્તારો માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. ૧૨ જૂને દિલ્હીમાં હવામાન લગભગ સામાન્ય રહેશે. આજે દિલ્હીના સફદરજંગ હવામાન મથક પર મહત્તમ તાપમાન 39.7°C રહેશે, જે સામાન્ય કરતાં 0.3°C ઓછું છે. અહીં લઘુત્તમ તાપમાન 27.2°C રહેશે. આ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે દિલ્હીમાં દિવસનું તાપમાન સામાન્ય કરતા થોડું ઓછું રહેશે. જોકે, દિવસ દરમિયાન પવન સક્રિય રહેવાની શક્યતા છે, જેના કારણે ધૂળ અને વાવાઝોડાની શક્યતા રહેશે.

૨ જૂનથી ૪ જૂન દરમિયાન પશ્ચિમ રાજસ્થાનમાં અલગ અલગ સ્થળોએ વંટોળ આવવાની શક્યતા છે. આનાથી દૃશ્યતા ઘટી શકે છે અને સામાન્ય જનજીવન પ્રભાવિત થઈ શકે છે.

૨ જૂનથી ૩ જૂન દરમિયાન ભારતના દક્ષિણ ભાગના દરિયાકાંઠાના વિસ્તારો અને કોંકણ અને ગોવા ક્ષેત્રમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની સંભાવના છે. ઉપરાંત દક્ષિણ અને દરિયાકાંઠાના કર્ણાટકમાં હવામાન ખૂબ જ સક્રિય રહેશે. અહીં પણ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

### RJDમાંથી સસ્પેન્ડ થયા બાદ તેજપ્રતાપની પ્રતિક્રિયા

# મમ્મી-પપ્પાનો આદેશ ભગવાનથી પણ મોટો છે

। (એજન્સી) પટણા, તા.૧ ।

લાલુ યાદવ પરિવારના આંતરિક વિખવાદો હાલ ચર્ચામાં છે. લાલુ યાદવના મોટા પુત્ર તેજપ્રતાપની અનુષ્કા યાદવ સાથેની વાઈરલ તસવીરો તેમજ બંને પ્રેમ સંબંધમાં હોવાનો ખુલાસો થયા બાદ આરજેડી પ્રમુખ લાલુ યાદવે તેજપ્રતાપ છ વર્ષ માટે પક્ષ અને પરિવારમાંથી હાંકલપટ્ટી કરી છે. પિતાના આ એક્શન પર તેજપ્રતાપનું પ્રથમ રિએક્શન આવ્યું છે. તેમણે પોતાના માતા-પિતાને ભગવાનથી પણ અધિક ગણાવી તેમની આ



પ્રતિક્રિયાનો સ્વીકાર કર્યો છે. તેજપ્રતાપ યાદવે હાલમાં જ સોશિયલ મીડિયા પર અનુષ્કા યાદવ સંગ એક તસવીર પોસ્ટ કરી દાવો કર્યો હતો કે, તે અનુષ્કા સાથે ૧૨ વર્ષથી પ્રેમસંબંધમાં છે. જો કે, બાદમાં તસવીર ડિલિટ કરી તેમનું એકાઉન્ટ હેક થયુ હોવાનું જણાવ્યું હતું. લાલુ યાદવ દ્વારા પક્ષ અને પરિવારમાંથી હાંકલપટ્ટી બાદ તેજપ્રતાપે સોશિયલ મીડિયા ઠ પર પોસ્ટ કરી ભાવુક મેસેજ લખ્યો હતો કે, મારા પ્રેમાળ માતા-પિતા...મારી આખી દુનિયા તમારા બંનેમાં જ છે. તમે અને તમારા દ્વારા આપવામાં આવેલો આદેશ ભગવાનથી પણ અધિક છે. તમે મારા માટે બધુ જ છો. મને માત્ર તમારો વિશ્વાસ અને પ્રેમ જોઈએ, બીજુ કાંઈ નહીં. વધુમાં લખ્યું હતું કે, પિતા તમે ન હોત તો આ પાર્ટી ન હોત અને મારી સાથે રાજકારણ રમનારા અમુક જયચંદ જેવા લાલચુ લોકો પણ ન હોત.

### CNG-PNGની કિંમતમાં થઈ શકે છે ઘટાડો

# સરકારે બે વર્ષમાં પહેલીવાર ઘટાડ્યા APMના ભાવ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ટૂંક સમયમાં વાહનોમાં વપરાતા CNG અને રાંધણ ગેસ PNGના ભાવમાં ઘટાડો થઈ શકે છે. સરકારે બે વર્ષમાં પહેલી વાર CNG અને PNGના ઉત્પાદનમાં વપરાતા નેચરલ ગેસના ભાવ ઘટાડ્યા છે. ક્રૂડ ઓઈલના સતત ઘટી રહેલા ભાવોને ધ્યાનમાં લેતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પેટ્રોલિયમ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC) દ્વારા ONGCને ફાળવવામાં આવતાં જૂના ક્ષેત્રોમાંથી નેચરલ ગેસનો ભાવ $6.75થી ઘટી $6. 41 પ્રતિ મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટ (MMBTU) કરવામાં આવ્યો છે. APM ના ભાવ માટે એક નવી ફોર્મ્યુલા લાગુ કરવામાં આવી છે. એપ્રિલ ૨૦૨૩માં સરકારે નેચરલ ગેસના ભાવ માટે નવું ફોર્મ્યુલા લાગુ કર્યા પછી આ પહેલો ઘટાડો છે. જેથી ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ, મહાનગર ગેસ લિમિટેડ અને અદાણી ટોટલ ગેસ લિમિટેડ જેવા શહેરી ગેસ રિટેલર્સનો બોજો ઘટશે. ઉત્પાદન ખર્ચ વધુ પડતો હોવાથી આ કંપનીઓના માર્જિનમાં પ્રેશર જોવા મળતું હતું.

### હવે ફાઈટર જેટના ટાયર લગાવાયા

# ભગવાન જગન્નાથના રથમાં ૪૮ વર્ષે પૈડાં બદલાયા

। (એજન્સી) કોલકાતા, તા.૧ ।

ઈસ્કોન દ્વારા આયોજિત કોલકાતાની પ્રસિદ્ધ રથયાત્રા આ વર્ષે એક અનોખા ફેરફાર સાથે ભક્તો સામે આવશે. આ વખતે ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાના રથ સુખોઈ ફાઈટર વિમાનના ટાયર પર સવાર થઈને ધીમી ગતિએ આગળ વધશે. છેલ્લા ૪૮ વર્ષની જૂના આ ટાયર હવે બદલાઈ જશે. અત્યાર સુધી બોઈંગ વિમાનના પૈડાની મદદથી રથ ખેંચવામાં આવતો હતો.

છેલ્લા ૪૮ વર્ષથી કોલકાતાની રથયાત્રામાં બોઈંગ ટાયરનો



ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો, પરંતુ આ ટાયર ખૂબ જૂના થઈ ગયા હતા અને છેલ્લા ૧૫ વર્ષથી બોઈંગ ટાયરના રિપ્લેસમેન્ટની શોધ ચાલુ હતી કારણ કે, હવે બોઈંગ ટાયર મળવા ખૂબ મુશ્કેલ છે. ઈસ્કોનના પ્રવક્તા રાધારમણ દાસે જણાવ્યું કે, ’સુખોઈના ટાયરનો વ્યાસ બોઈંગના ટાયર જેટલો જ છે, જેના કારણે આ વર્ષે રથમાં સુખોઈના ટાયર ફિટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અનોખા પરિવર્તનની પ્રક્રિયા પણ પોતાનામાં રસપ્રદ રહી છે.’ રાધારમણ દાસના જણાવ્યા પ્રમાણે ‘ઈસ્કોને સુખોઈ ટાયર બનાવનારી કંપની પાસેથી ક્વોટેશન માગ્યું, ત્યારે કંપનીને આશ્ચર્ય થયું હતું. કંપનીના અધિકારીઓ સમજી ન શક્યા કે કોઈ તેના ટાયરનું ક્વોટેશન કેમ માગી રહ્યું છે અને તે પણ રથયાત્રા માટે. ત્યારબાદ ઈસ્કોને કંપનીને આખી સ્થિતિ સમજાવી અને તેમની એક ટીમને કોલકાતા બોલાવી અને તેમને રથ પણ બતાવ્યો.

# ગુજરાતમાં સમયસર ચોમાસાની એન્ટ્રી થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાતભરમાં છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૬ જૂન સુધી સૌરાષ્ટ્ર, દક્ષિણ, ઉત્તર અને મધ્ય ગુજરાતના ૧૭થી વધુ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. બીજી તરફ, આ વખતે ગુજરાતમાં સમયસર ચોમાસુ આવવાના એંધાણ છે. હવામાન વિભાગ મુજબ, દક્ષિણ ભારતમાં સર્જાયેલી સિસ્ટમને કારણે આગામી ૧૫ જૂન સુધી હળવો વરસાદ અને ત્યારબાદ ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદની શક્યતા છે. જ્યારે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વધુ વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ગુજરાતમાં સમયસર ચોમાસુ બેસવાનું છે, ત્યારે ૧૫ જૂન સુધી હળવા વરસાદ બાદ કડાકા-ભડાકા સાથે સારો એવો વરસાદ થવાની શક્યતા છે. જ્યારે જૂન મહિનાનું સરેરાશ મહત્તમ તાપ માન ૩૭.૫ ડિગ્રી રહી શકે છે. ડિસ્કાયમેટ મુજબ વાત કરીએ તો, જુલાઈ અને ઑગસ્ટ મહિનામાં ગુજરાતમાં સૌથી વધુ વરસાદ પડે છે. તમને જણાવી દઈએ કે, ગત ૨૭ મેના રોજથી કેરળમાં ચોમાસાએ વિધિવત રીતે આગામન કરી લીધી હતું, જે સામાન્ય કરતાં ૫ દિવસ વહેલું હોવાનું જણાય છે. રાજ્યમાં આઘામી ૧૨ જૂનની અંદરમાં દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ચોમાસાનું આગમન થવાનું અનુમાન છે. આ પછી ૨૦થી ૨૫ જૂનમાં અમદાવાદ સહિતના આસપાસના વિસ્તારોમાં અને ૩૦ જૂન સુધીમાં તો સમગ્ર ગુજરાતભરમાં ચોમાસુ બેસવાની શક્યતા છે.

૧ જૂન : બોટાદ, અમરેલી, ભાવનગર, મહીસાગર, દાહોદ, છોટા ઉદેપુર, સુરત, તાપી, નર્મદા, નવસારી, ડાંગ, વલસાડના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

૨-૫ જૂન : સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, નર્મદા, સુરત, ભરૂચ, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથના હળવાથી મધ્યમ વરસાદની શક્યતા.

૬ જૂન : ગીર સોમનાથ, ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

# રેલવે હોસ્પિટલમાં બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ પર સેમિનાર યોજાયો

### પ્લાસ્ટિક જાગૃતિ કાર્યક્રમ અને મિશન લાઈફ સંકલ્પ સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ અપાયો

। રાજકોટ, તા.૧ ।

રાજકોટ રેલવે હોસ્પિટલ ખાતે ૨૭ મેના રોજ બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ, પ્લાસ્ટિક જાગૃતિ કાર્યક્રમ તેમજ મિશન લાઈફ સંકલ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આરોગ્ય ક્ષેત્રમાં ઊત્પન્ન થતાં બાયો મેડિકલ વેસ્ટની યોગ્ય વ્યવસ્થાપન પદ્ધતિઓ અંગે જાગૃતિ ફેલાવવાનો અને પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવાનો હતો. કાર્યક્રમની શરૂઆતમાં નિષ્ણાતોએ બાયો મેડિકલ વેસ્ટના વિભિન્ન પ્રકારો, તેના યોગ્ય વિભાજન, સંગ્રહ, પરિવહન અને નિકાલ સંબંધિત



માર્ગદર્શિકાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ડૉક્ટરો, નર્સિંગ સ્ટાફ અને હોસ્પિટલના કર્મચારીઓએ પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત, પ્લાસ્ટિકના ઉપયોગની વિપરિત અસરો વિશે માહિતી અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા રેલવે હોસ્પિટલ, રાજકોટે સ્વચ્છતા, પર્યાવરણ અને જવાબદાર નાગરિકત્વની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું.

### જિલ્લા પસંદગી અંગેનું નવું સમયપત્રક જાહેર કરાશે

# ધો. ૧ થી ૫ માટે વિદ્યાસહાયક ભરતી પસંદગી પ્રક્રિયા રદ

। ગાંધીનગર, તા.૧ ।

ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં શિક્ષકોની ભરતીની પ્રક્રિયા શરૂ છે, ત્યારે ધોરણ ૧થી ૫ ગુજરાતી માધ્યમની વર્ષ ૨૦૨૪ની વિદ્યાસહાયક ભરતી પસંદગી પ્રક્રિયા રદ કરવાનો શિક્ષણ વિભાગે નિર્ણય કર્યો છે.

જ્યારે હવે આ ભરતીને લઈને નવેસરથી જિલ્લા પસંદગી અંગેનું સમયપત્રક ટૂંક સમયમાં વિદ્યાસહાયક ભરતી અંગેની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા વિદ્યાસહાયક ભરતી ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમની વર્ષ ૨૦૨૪ની ભરતી અન્વયે ઉમેદવારોની જિલ્લા પસંદગીની પ્રક્રિયા મુદ્દે નવેસરથી જિલ્લા પસંદગી અંગેનું સમયપત્રક ટૂંક સમયમાં વિદ્યાસહાયક ભરતી અંગેની વેબસાઈટ પર જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાર્ષિક પરીક્ષા પદ્ધતિથી સ્નાતક થયેલા ઉમેદવારોની માર્કશીટમાં છેલ્લા ખાનામાં માત્ર રિઝલ્ટ શબ્દ હોવાના કારણે પ્રથમ વર્ષ, બીજા વર્ષ અને ત્રીજા વર્ષની માર્કશીટના કુલગુણ અને મેળવેલ ગુણનો સરવાળો કરી ટકાવારી કાઢતાં ઉમેદવારોના મેરીટમાં ફેરફાર થતા ઉમેદવારોમાં અસંતોષ થવાની શકયતાને ધ્યાનમાં રાખીને આ પ્રકારનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ માટેની વિદ્યાસહાયક ભરતી વર્ષ ૨૦૨૪ માટે ઉમેદવારોની જિલ્લા પસંદગીની પ્રક્રિયા ૨૨ મે ૨૦૨૫થી શરૂ કરવામાં આવી છે. જ્યારે હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉમેદવારોના મેરીટમાં ફેરફારને ધ્યાને રાખીને શિક્ષણ વિભાગે અન્ય ઉમેદવારને અન્યાય ન થાય તે હેતુથી ૨૨ મે ૨૦૨૫થી ૩૧ મે, ૨૦૨૫ સુધી કરવામાં આવેલી જિલ્લા પસંદગીની પ્રક્રિયા રદ કરવાનો નિર્ણય કર્યો છે.

# ઈન્સ્પેક્ટર જનરલ અને પ્રધાન મુખ્ય સુરક્ષા કમિશનરે રેલવે સુરક્ષા બળ પોસ્ટ અમદાવાદનું નિરીક્ષણ કર્યું







। અમદાવાદ, તા.૧ ।

પશ્ચિમ રેલવેના ઈન્સપેક્ટર જનરલ અને પ્રધાન મુખ્ય સુરક્ષા કમિશનર શ્રી અજય સાદાનીએ અમદાવાદની મુલાકાત લીધી. આ દરમિયાન તેમણે અમદાવાદ રેલવે સ્ટેશને આવેલ રેલવે સુરક્ષા બળ (RPF) પોસ્ટ અને આરપીએફ બેરેક સરસપુરનું વિગતવાર નિરીક્ષણ કર્યું.

નિરીક્ષણની શરૂઆત આરપીએફ બેરેક સરસપુરમાં પરેડથી થઈ, જ્યાં શ્રી સાદાનીએ પરેડની સલામી લીધી અને સુરક્ષા બળના સભ્યોથી પરેડ પ્રેકટીસ કરાવી. ત્યારબાદ તેમણે સંપૂર્ણ બેરેકનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન સરસપુરમાં આયોજિત સુરક્ષા સંમેલનમાં સુરક્ષા બળના સભ્યો સાથે વાર્તાલાપ કર્યો. આ દરમિયાન તેમણે શિસ્ત, ઈમાનદારી અને યાત્રી સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં કર્તવ્યોનું પાલન કરવાની સલાહ આપી. સાથે જ સુરક્ષા બળના સભ્યોની સમસ્યાઓને ધ્યાનથી સાંભળી અને તેમના નિરાકરણ માટે જરૂરી નિર્દેશ આપ્યા.

આના પછી શ્રી સાદાનીએ અમદાવાદ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું તથા પુનઃવિકાસ કામોની પ્રગતિની સમીક્ષા કરી. આ દરમિયાન તેમણે સુરક્ષાથી જોડાયેલા પાસાઓ પર RLDA (રેલવે ભૂમિ વિકાસ પ્રાધિકરણ) ના અધિકારીઓ સાથે વાત કરી. આ ઉપરાંત આરપીએફ પોસ્ટ અમદાવાદનું ઝીણવટથી નિરીક્ષણ કરવામાં આવ્યું.

નિરીક્ષણ દરમિયાન તેમણે તમામ આરપીએફ કર્મચારીઓને યાત્રી સેવામાં ઈમાનદારી અને કર્તવ્યનિષ્ઠાથી કામ કરવા માટે પ્રેરિત કર્યા. તેમણે એ પણ સુનિશ્ચિત કર્યું કે બળની તૈયારીઓ ઉચ્ચ સ્તરની હોય અને યાત્રીઓની સુરક્ષા તથા સુવિધા સર્વોચ્ચ પ્રાથમિકતા બની રહે.

### યુવકની કારમાંથી ગાંજો જપ્ત

# ભુજમાંથી ગાંજા સાથે યુવક ઝડપાયો, પશ્ચિમ કચ્છ SOGએ કાર્યવાહી કરી

### કચ્છમાંથી ડ્રગ્સ તસ્કરો ડ્રગ્સ અને ગાંજાની હેરાફેરી કરે છે

। (એજન્સી) ભુજ, તા.૧ ।

ગુજરાતમાં ડ્રગ્સ અને ગાંજાની તસ્કરી મોટા પ્રમાણમાં થાય છે. દરિયા અને સડક માર્ગેથી ડ્રગ્સ પેડલરો ડ્રગ્સ અને ગાંજાને ગુજરાતમાં ઘૂસેડતા હોય છે. ગુજરાતમાં મોટી માત્રામાં પોલીસ ડ્રગ્સનો જથ્થો ઝડપીને આરોપીઓ સામે કાર્યવાહી કરતી હોય છે.

ગુજરાતના કચ્છમાંથી ડ્રગ્સ તસ્કરો મોટા પ્રમાણમાં ડ્રગ્સ અને ગાંજાની હેરાફેરી કરે છે.તો કચ્છના ભુજમાંથી એક યુવક ગાંજા સાથે ઝડપાયો હતો. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ કચ્છના ભુજમાંથી એક યુવકની ગાંજાના જથ્થા સાથે અટકાયત કરવામાં આવી હતી. આરોપી યુવકની કારમાં તેણે ગાંજો છુપાવી રાખ્યો હતો.જે મામલે પશ્ચિમ કચ્છ એસઓજી પોલીસે આરોપી યુવક ધ્રુવ નિલેશ જોશીને ઝડપી લીધો હતો. તેની કારની શોધખોળ કરતા SOG પોલીસને તેની પાસેથી ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજા સાથે આરોપીની ધરપકડ કરી હતી. ભુજમાંથી પશ્ચિમ કચ્છ એસઓજી દ્વારા આરોપીની કારમાંથી કુલ ૨૪૨ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

પોલીસે આરોપી પાસેથી ગાંજો, કાર,મોબાઈલ સહિત કુલ ૨,૧૨,૭૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી લીધો હતો. તો ગાંજો મળી આવતા પશ્ચિમ એસઓજી પોલીસે આરોપી ધ્રુવ નિલેશ જોશી સામે એનડીપીએસ એક્ટ હેઠળનો ગુનો નોંધ્યો હતો. જે મામલે પોલીસે આરોપીને ઝડપી લઈને વધુની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટની તક્ષશિલા સોસાયટીમાં આઠ લોકોને કોરોના થયો

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

ગુજરાતમાં કોરોનાના કેસમાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. એક પછી એક કોરોનાના કેસ સામે આવતા તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયું છે. રાજકોટમાં કોરોના કેસમાં સતત વધારો રહ્યો છે. તક્ષશિલા સોસાયટીમાં એક સાથે ૮ લોકો કોરોના પોઝિટિવ આવતા હડકંપ મચી જવા પામ્યો છે. આરોગ્ય વિભાગની ટીમે સોસાયટીની મુલાકાત લીધી હતી.રાજકોટમાં કોરોનાનો રાફડો ફાટતા તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. તક્ષશિલા સોસાયટીમાં કોરોનાના કેસમાં વધારો નોંધાયો છે. સોસાયટીમાં એક સાથે ૮ વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારે હવે કુલ પોઝિટિવ કેસનો આંક ૨૭એ પહોંચ્યો છે. આરોગ્ય વિભાગની ટિમ પોહચી તક્ષશિલા સોસાયટીમાં હતી. સાથે જ લોકોને ભીડથી દૂર રહેવા તેમજ માસ્ક પહેરવા આરોગ્ય વિભાગની અપીલ કરી હતી.તમને જણાવી દઈએ કે, રાજ્યમાં ફરી એક વખત કોરોના વાયરસ વકર્યો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગુજરાતમાં આજે એટલે કે ૩૦મેના રોજ કોરોના વાયરસના નવા ૬૮ કેસ નોંધાયા છે. કોરોનાના કેસ નોંધાયા બાદ આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે અને પોઝિટિવ કેસ પર કંટ્રોલ લેવા માટે અલગ અલગ પગલા ભરવામાં આવી રહ્યા છે.

### પેકેટો પર લખ્યું છે અફઘાન પ્રોડક્ટ્સ

# દ્વારકામાંથી ફરી ૧૬ કરોડથી વધુનો ચરસનો જથ્થો મળ્યો

### આ જથ્થો ૧૦ પેકેટમાં કાપડની બેગમાં પેક કરેલો હતો, જેની કિંમત આશરે ૬.૬૨ કરોડ રૂપિયા જેટલી છે

। (એજન્સી) દ્વારકા, તા.૧ ।

વર્ષોથી ગુજરાતના દરિયાકાંઠેથી સતત કરોડોના માદક પદાર્થો મળી આવવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ત્યારે ફરી એક વખત દ્વારકામાંથી કરોડોની કિંમતનું બિનવારસુ ચરસ મળી આવ્યું છે. જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ગોજીનેસ ગામના દરિયાકાંઠે પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ૧૩.૨૩૯ કિલોગ્રામ ચરસનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થો ૧૦ પેકેટમાં કાપડની બેગમાં પેક કરેલો હતો, જેની કિંમત આશરે ૬.૬૨ કરોડ રૂપિયા જેટલી છે. કલ્યાણપુર પોલીસે આ માદક પદાર્થ ગુગળિયા બારૂના દરિયાકાંઠે જપ્ત કર્યો અને NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી, આ જથ્થો મોકલનાર અને મંગાવનાર શખ્સોની શોધખોળ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ચરસ દરિયામાં કે કાંઠે પકડાઈ જવાના ડરથી ફેંકી દેવાયો હોવાની શક્યતા છે.આ ઘટના ભાટિયા આઉટપોસ્ટ હેઠળના દરિયાકાંઠાના વિસ્તારમાં સાંજના સમયે બની, જ્યાં પોલીસ ફૂટ પેટ્રોલિંગ કરી રહી હતી. પેકેટો પર "અફઘાન પ્રોડક્ટ" લખાણ સૂચવે છે કે, આ ચરસ અફઘાનિસ્તાનથી ભારત થઈ અન્ય સ્થળે મોકલવામાં આવતું હતું. આ પ્રથમ વખત છે કે, ગોજીનેસના દરિયાકાંઠે ચરસનો જથ્થો મળ્યો, જ્યારે અગાઉ દ્વારકા, ઓખા અને બેટ દ્વારકાના દરિયાકાંઠે આવા જથ્થા મળી આવ્યા હતા.

# મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના ઓપરેટરશ્રી જિતેન્દ્રભાઈ પરમારનો વિદાય સમારંભ યોજાયો

। (માહિતી) રાજકોટ ।

રાજકોટ શહેરમાં આજી ડેમ ખાતે ગુજરાત સરકારના જળસંપત્તિ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવીણાબેન રંગાણીની વિશેષ ઉપસ્થિતિ અને સંયુક્ત માહિતી નિયામકશ્રી મિતેશભાઈ મોડાસીયાની અધ્યક્ષતામાં પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના ઓપરેટરશ્રી જિતેન્દ્રભાઈ પરમારનો વિદાય સમારંભ યોજાયો હતો. શ્રી જિતેન્દ્રભાઈએ માહિતી ખાતાંમાં ૩૪ વર્ષ ઓપરેટર તરીકે ફોટોગ્રાફીની ફરજ સુપેરે નિભાવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ શ્રી જિતેન્દ્રભાઈને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્યની શુભકામના પાઠવતાં જણાવ્યું હતું કે કોઈ સભ્ય પરિવારમાંથી અલગ પડે ત્યારે મનમાં રંજ રહેતો હોય છે, પણ એ જ સભ્ય જ્યારે નિવૃત્ત જીવન સરસ રીતે જીવે, ત્યારે હર્ષ અનુભવાતો હોય છે. શ્રી જિતેન્દ્રભાઈ ભલે વયનિવૃત્ત થઈ રહ્યા હોય, પણ તેમના અનુભવોનો લાભ, માર્ગદર્શન અને મદદ ભવિષ્યમાં પણ માહિતી ખાતાને મળતા રહે, તેવી લાગણી વ્યક્ત કરું છું. રાજકોટ સાથે જૂનો નાતો છે. અહીં ભૂતકાળમાં વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ નિભાવી હતી, તેમ કહી મંત્રીશ્રીએ રાજકોટ સાથેના સ્મરણો વિશે વાત કરી હતી. મંત્રીશ્રીએ રાજકોટ માહિતી કચેરીની કામગીરીની સરાહના કરતા જણાવ્યું હતું કે કચેરીની ટીમ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત હોય, લોકાર્પણ હોય કે અન્ય સરકારી કાર્યક્રમો હોય, ત્યાં નિયમિતપણે સમયસર પહોંચી જતી હોય છે. માહિતી ખાતું એ સરકાર અને જનતા વચ્ચે સેતુ



સમાન છે. રાજ્ય સરકાર પ્રજા માટે શું કરી રહી છે, કઈ નવી યોજનાઓ અમલમાં મૂકી રહી છે, જેવી અનેક બાબતોને જનતા સુધી પહોંચાડવા માટે માહિતી ખાતું સૌથી મહત્વનું માધ્યમ છે. માહિતી ખાતું જરૂર પડે ત્યારે જનતાની સમસ્યાઓને સરકારના ધ્યાન પર લાવવાનું કામ પણ કરે છે. એક રીતે કહીએ તો, સમાચારોના વાહક તરીકે માહિતી ખાતું અવિરત કાર્ય કરે છે. રાજ્ય સરકારમાં રહીને જનતાની સેવા કરવાનો મોકો મળ્યો છે, ત્યારે પ્રાથમિકતા એ છે કે સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે, જે કાર્ય માહિતી ખાતું સુપેરે કરી આપે છે. કોઈનું કર્મ ક્યારેય એળે જતું નથી. ખરી દાનત અને સારી ભાવનાથી કરેલા કાર્યની નોંધ ઈશ્વર ચોક્કસપણે લેતો હોય છે. ત્યારે જરૂરિયાતમંદ વ્યક્તિને સરકારી યોજનાની જાણકારી પહોંચાડીને, તેના આશીર્વાદ મેળવવામાં માહિતી ખાતું ખરા અર્થમાં નિમિત્ત બને છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવીણાબેન રંગાણીએ પ્રાસંગિક ઉદબોધનમાં શ્રી જિતેન્દ્રભાઈની ફોટોગ્રાફીની કુશળતાને બિરદાવી નિરામય જીવનની શુભેચ્છા આપી હતી. રીજીયોનલ ડાયરેક્ટરશ્રી મિતેશભાઈ મોડાસીયાએ શ્રી જિતેન્દ્રભાઈને સરળ સ્વભાવના અને મિતભાષી ગણાવીને તેમની પ્રામાણિકતા અને સકારાત્મકતાને બિરદાવી હતી. નાયબ માહિતી નિયામકશ્રી પ્રશાંતભાઈ ત્રિવેદીએ શ્રી જિતેન્દ્રભાઈ સાથે રાજકોટ અને સુરેન્દ્રનગર કચેરીના અનુભવોને વાગોળીને તેમની ફરજ પર હાજર રહેવાની તત્પરતાને વખાણી હતી. તેમજ અગ્રણીશ્રી ભાવેશભાઈ વેકરીયાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ તકે મંત્રીશ્રી સહિત મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કરાયું હતું. મંત્રીશ્રીએ શ્રી જિતેન્દ્રભાઈને જસદણ-વીંછિયાના પંથકનું પ્રખ્યાત આરતીનું મશીન ભેટ આપી અને ભાતીગળ શાલ ઓઢાડીને વિદાયમાન આપ્યું હતું. કાંતા સ્ત્રી વિકાસ ગૃહના આચાયશ્રી જયશ્રીબેન વોરાએ શ્રી જિતેન્દ્રભાઈની લાક્ષણિકતાઓ દર્શાવતી સ્વરચિત કવિતા રજૂ કરી હતી. શ્રી જીતુભાઈના સાથી મિત્રોએ તેને ભેટસોગાદો આપી હતી. મહત્વનું છે કે શ્રી જિતેન્દ્રભાઈએ નારણ સંસ્થા, બોલબાલા ટ્રસ્ટ અને સદભાવના ટ્રસ્ટને આર્થિક દાન આપ્યું હતું. સંયુક્ત માહિતી નિયામકશ્રીએ વિદાય સમારંભમાં પધારવા બદલ મંત્રીશ્રીનો આભાર માન્યો હતો. કાર્યક્રમના અંતે શ્રી જીતુભાઈએ પ્રાસંગિક ઉદબોધનમાં કાર્યકાળ દરમિયાનના અનુભવો યાદ કરીને સૌનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઓપરેટરશ્રી કેતનભાઈ દવેએ કર્યું હતું. પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે આયોજિત કાર્યક્રમમાં સાથી કર્મીઓએ સંસ્મરણો વાગોળ્યા હતાં. આ કાર્યક્રમમાં અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રી જીતુભાઈ સાથેના પ્રસંગો યાદ કરીને નિવૃત્ત જીવન માટે શુભેચ્છા પાઠવી હતી. તેમજ તેમને સ્ટાફ વતી શુકન તરીકે શ્રીફળ-પળો તથા ભેટ આપી હતી.

ઉલ્લેખનીય છે કે શ્રી જિતેન્દ્રભાઈની વર્ષ ૧૯૯૧માં માહિતી ખાતાં અંતર્ગત કચ્છ જિલ્લામાં નિમણુંક થઈ હતી. ત્યારબાદ જામનગર, બનાસકાંઠા, જૂનાગઢ, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર જિલ્લા ખાતે બદલી થયા બાદ છેલ્લે તેઓ રાજકોટ જિલ્લામાં કાર્યરત હતાં. આ વેળાએ અગ્રણીશ્રી મનસુખભાઈ જાદવ, કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ ઉપરાંત અમરેલી, જામનગર, મોરબી સહિતના જિલ્લાઓમાંથી આવેલા સાથી કર્મચારીઓ, નિવૃત અધિકારીઓ સહિત શ્રી જિતેન્દ્રભાઈના પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ઈન્સ્ટાગ્રામ પર છોકરીએ એવી વાત લખી નાખી કે પોલીસ દોડતી થઈ

। (એજન્સી) ગુરુગ્રામ, તા.૧ ।

ઓપરેશન સિંદૂરનો આખી દુનિયામાં ડંકો વાગી રહ્યો છે. દેશ-વિદેશના લોકો ભારતના આ ઓપરેશનના વખાણ કરી રહ્યા છે. પણ દેશમાં અમુક એવા લોકો છે, જે બદનામ કરવાની કોશિશ કરી રહ્યા છે. આ જ ક્રમમાં કોલકાતા પોલીસે પુણેની લો છાત્રાને ગુરુગ્રામમાંથી ધરપકડ કરી છે. કોલકાતા પોલીસે લો છાત્રા શર્મિષ્ઠા પનોલીને ઓપરેશન સિંદૂર સાથે જોડાયેલા સોશિયલ મીડિયા પર કથિત રીતે ટિપ્પણી કરવાના આરોપમાં ધરપકડ કરી છે. કોલકાતા પોલીસે જણાવ્યું કે, શર્મિષ્ઠા પનોલીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. જેમાં એક ખાસ ધાર્મિક સમુદાય માટે અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. પનોલીએ ઓપરેશન સિંદૂર પર બનાવેલા વીડિયો, જે હવે ડિલીટ થઈ ચૂક્યા છે, તેમાં તેની કોમેન્ટમાં ખાસ ધર્મને લઈને ટિપ્પણી કરી હતી. પનોલીના ઓપરેશન સિંદૂર પર આ વીડિયો ઝડપથી વાઈરલ થઈ ગયા અને જબરો આક્રોશ ફેલાયો. ત્યારબાદ કોલકાતાના એક પોલીસ સ્ટેશનમાં ઔપચારિક ફરિયાદ નોંધાઈ. ત્યારબાદ શર્મિષ્ઠા પનોલી વિરુદ્ધ દુશ્મનીને પ્રોત્સાહન આપવા અને ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડવા સંબંધિત ધારાઓ અંતર્ગત ફરિયાદ નોંધાઈ. એક પોલીસ અધિકારીએ કહ્યું કે, શર્મિષ્ઠા પનોલી દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયોના સંબંધમાં મામલો નોંધાયો હતો. જેમાં એક ખાસ સમુદાયની ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડી હતી.

### આફ્રિકન દેશ નાઇઝીરિયાના નાઇઝર પ્રાંતનું મોક્વા શહેર હાલ લાશોની ઢગલા પર બેઠુ



। (એજન્સી) નાઇઝર, તા.૧ ।

આફ્રિકન દેશ નાઈઝીરિયાના નાઈઝર પ્રાંતનું મોક્વા શહેર હાલ લાશોની ઢગલા પર બેઠું છે. સતત ભારે વરસાદ બાદ શહેરની પાસે બનેલો એક ડેમ તૂટી ગયો હતો. ત્યાર બાદ અહીં એવું પૂર આવ્યું કે, મોતનું તાંડવ જોવા મળ્યું. એક બે નહીં અત્યાર સુધીમાં કુલ ૮૮ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યાં છે. રોજ મૃતદેહોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. રાજધાની મિન્નાથી મળેલી જાણકારી અનુસાર રેસ્ક્યુ ઓપરેશન હજું પણ શરૂ છે. રાહત અને રેસ્ક્યુ ટીમના પ્રમુખ હુસૈની ઈસાએ જણાવ્યું કે, ઘણાં લોકો હજુ પણ ફસાયેલા છે. અમે સતત મૃતદેહો બહાર કાઢી રહ્યાં છીએ. મૃતદેહોની સંખ્યા વધી રહી છે. મોક્વા નાઈજર રાજ્યનું એક મોટું વેપારી કેન્દ્ર છે. હવે તે સંપૂર્ણ રીતે બરબાદ થઈ ચૂક્યું છે. આ આપત્તિની શરૂઆત કેટલાક કલાકો સુધી ચાલેલા ભારે વરસાદથી થઈ. પરંતુ શહેરની મુશ્કેલી ત્યારે વધી જ્યારે ડેમ તૂટી ગયો. સ્થાનીકોનું માનીએ તો પાણી એટલી ઝડપથી ફેલાઈ ગયું કે, લોકોને ઘરની બહાર નીકળવાની તક પણ ન મળી, એક મહિલાએ રડતાં રડતાં જણાવ્યું કે, મારી આંખોની સામે મારો દીકરો તણાઈ ગયો...

અમેરિકા ટેન્શનમાં આવી ગયું

# S-400 સિસ્ટમે એવું કામ કર્યુ કે રશિયાએ સૈનિકોને ઈનામ આપ્યું

## રશિયાએ દાવો કર્યો છે કે, તેમની જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમે યુક્રેની F-16 લડાકૂ વિમાનને તોડી પાડ્યું

। (એજન્સી) મોસ્કો, તા.૧ ।

રશિયાએ દાવો કર્યો છે કે, તેમની S-400 મિસાઈલ સિસ્ટમે યુક્રેની F-16 લડાકૂ વિમાનને તોડી પાડ્યું છે. આ પ્રથમ વખત છે જ્યારે S-400એ F-16નો શિકાર કર્યો છે. આ ઘટના બાદ રશિયામાં S-400 ઓપરેટ કરનારા સૈનિકોને ઈનામ પણ આપવામાં આવ્યું છે. આ ઘટનાથી અમેરિકાનું ટેન્શન વધી ગયુ છે, કારણ કે તે દુનિયામાં F-16નો સૌથી મોટો ઓપરેટર અને એકમાત્ર ઉત્પાદક છે. આ વિમાનનો વિશ્વના ડઝનો દેશ ઉપયોગ કરે છે, જેમાં ભારતનો પાડોસી દેશ પાકિસ્તાન



પણ સામેલ છે. એક અહેવાલ પ્રમાણે રશિયન તેલ ઉદ્યોગ માટે પ્રોપેન્ટ્સ બનાવતી ફોરોસ કંપનીએ F-16 ને તોડી પાડવામાં સામેલ S-400 સિસ્ટમના ૧૨ ક્રૂ સભ્યોને ૧૫ મિલિયન રુબલ (લગભગ ૧૯૫,૦૦૦ ડોલર) ચૂકવ્યા છે. પુરસ્કાર સમારોહ ૨૯ મેના રોજ સરહદી ક્ષેત્રમાં કમાન્ડિંગ અધિકારીઓની હાજરીમાં યોજાયો હતો. આ અગાઉ એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે, Su-35S લડાકૂ વિમાને S-400 સિસ્ટમને ટાર્ગેટ કરવાની જાણકારી આપી હશે, જેથી તેને તોડી પાડવાનું સરળ બન્યું હશે. એવું માનવામાં આવતું હતું કે F-16ની ઓછી ઊંચાઈ અને S-400 થી વધુ અંતરના કારણે આ સિસ્ટમના એન્ગેજમેન્ટ રેન્જની બહાર થઈ ગયા હશે. જોકે, એવોર્ડ વિજેતાઓમાં Su-35S પાઈલટની ગેરહાજરી સૂચવે છે કે માત્ર S-400 સિસ્ટમે જ યુક્રેનિયન F-16ને શોધી કાઢ્યું, ટ્રેક કર્યું અને ત્યારબાદ તેને તોડી પાડ્યું.

કોર્ટે પણ ટ્રમ્પને આપી ખુલ્લી છૂટ

# અમેરિકામાં પાંચ લાખથી વધુ લોકો પર ડિપોર્ટ થવાનો ખતરો

## આ નિર્ણય દેશનિકાલ પ્રક્રિયાને ઝડપી બનાવી શકે છે અને ટ્રમ્પની કડક ઇમિગ્રેશન નીતિને મજબૂત બનાવી શકે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

શુક્રવારે યુએસ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રને અમેરિકામાં રહેતા લાખો ઈમિગ્રન્ટ્સની અસ્થાયી કાનૂની સ્થિતિને સમાપ્ત કરવાની મંજૂરી આપતો એક મોટો નિર્ણય આપ્યો છે. આ ઈમિગ્રન્ટ્સ વેનેઝુએલા, ક્યુબા, હૈતી અને નિકારાગુઆ જેવા દેશોના છે. આ નિર્ણય દેશનિકાલ પ્રક્રિયાને ઝડપી બનાવી શકે છે અને ટ્રમ્પની કડક ઈમિગ્રેશન નીતિને મજબૂત બનાવી શકે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં સરહદ પારથી વધતી ઘૂસણખોરીને ધ્યાનમાં રાખીને, બાઈડન સરકારે આ દેશોના



લોકો માટે પેરોલ કાર્યક્રમ શરૂ કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત, ચોક્કસ શરતો પૂરી કરીને બે વર્ષ માટે અમેરિકામાં કામ કરવા અને રહેવાની પરવાનગી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા લગભગ ૫.૩ લાખ લોકોને દેશનિકાલમાંથી રાહત મળી. અગાઉ એક ફેડરલ કોર્ટે આ નિર્ણય સામે સ્ટે મૂક્યો હતો, પરંતુ હવે સુપ્રીમ કોર્ટે તે સ્ટે ઉઠાવી લીધો છે. પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળની શરૂઆતમાં આ કાર્યક્રમ સમાપ્ત કરવાનો આદેશ આપ્યો હતો. તેમણે હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નોએમને પેરોલ યોજના સમાપ્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ પછી, માર્ચમાં, નોમે જાહેરાત કરી હતી કે આ યોજના ૨૪ એપ્રિલથી સંપૂર્ણપણે બંધ થઈ જશે. આ નિર્ણય અગાઉ મેસેચ્યુસેટ્સની એક કોર્ટે રોકી દીધો હતો જ્યાં ૨૩ લોકોના જૂથે તેનો વિરોધ કર્યો હતો.




પંજાબમાં અટારી-વાઘા બોર્ડર પર આયોજિત સાયકલ રેલી દરમિયાન બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) ના કર્મચારીઓ અને સ્થાનિક લોકો સાયકલ રેલીમાં જોડાયા.

ફિલ્મો પર લાગી શકે છે પ્રતિબંધ

### દિગ્ગજ અભિનેતાની ટિપ્પણી બાદ દક્ષિણના બે રાજ્યો વચ્ચે ભાષાને લઈને વિવાદ



। (એજન્સી) ચેન્નઈ, તા.૧ ।

કમલ હાસનના કન્નડ ભાષા પરના વિવાદાસ્પદ નિવેદનથી કર્ણાટકમાં તૂફાન આવી ગયું છે. કર્ણાટકના કન્નડ અને સંસ્કૃતિ મંત્રી શિવરાજ તંગડગીએ કમલ હાસનની ફિલ્મો પર પ્રતિબંધ લગાવવાની ચેતવણી આપી છે, કારણ કે, તેમણે પોતાના નિવેદન બદલ માફી માગવાનો ઈનકાર કરી દીધો છે. આ વિવાદ તેમની આગામી ફિલ્મ ઠગ લાઈફના ઓડિયો લોન્ચ ઈવેન્ટ દરમિયાન શરૂ થયો હતો, જ્યાં તેમણે કહ્યું હતું કે કન્નડ ભાષા તમિલમાંથી જન્મી છે. કમલ હાસને ચેન્નઈમાં ઠગ લાઈફના એક ઈવેન્ટમાં કહ્યું હતું કે, મારું જીવન અને પરિવાર તમિલ છે. તમારી (કન્નડ) ભાષા તમિલમાંથી જન્મી છે, તેથી તમે પણ તેમાં સામેલ છો. હવે અભિનેતાના આ નિવેદનથી કર્ણાટકમાં ઘણા લોકો નારાજ થયા છે. કન્નડ રક્ષક વેદ જેવા સંગઠનોએ તેને કન્નડ ભાષા અને સંસ્કૃતિનું અપમાન ગણાવ્યું છે. બેલગામ, મૈસુર, હુબલી અને બેંગ્લુરુમાં તેમના વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા, જ્યાં તેમના પોસ્ટરો સળગાવવામાં આવ્યા હતા. મંત્રી શિવરાજ તંગડગીએ કહ્યું કે, કોઈ ગમે તેટલું મોટું હોય પરંતુ કન્નડ ભાષા, કન્નડગીઓ કે કર્ણાટકની જમીન અને પાણી વિરુદ્ધ બોલવું સહન કરવામાં આવશે નહીં. તેમણે કર્ણાટક ફિલ્મ ચેમ્બર ઓફ કોમર્સ (KFCC)ને પત્ર લખીને કમલ હાસનની ફિલ્મો પર પ્રતિબંધ મૂકવાની માગ કરી હતી. KFCC એ માફી માગવા માટે ૩૦ મે સુધીનો સમય આપ્યો હતો, પરંતુ કમલ હાસને માફી માગવાનો ઈનકાર કરી દીધો. KFCCના અધ્યક્ષ એમ. નરસિંહાલુએ કહ્યું કે, અમે થિયેટર માલિકો અને વિતરકોને કહ્યું છે કે માફી ન મળે ત્યાં સુધી ફિલ્મ ઠગ લાઈફ રિલીઝ નહીં થશે, કમલ હાસને કહ્યું કે, મેં પ્રેમથી આ વાત કહી હતી. જો હું ખોટો હોઉં, તો હું માફી માગીશ, નહીંતર નહીં માગીશ. તમિલનાડુની સમાવેશી સંસ્કૃતિનો હવાલો આપતા તેમણે કહ્યું કે, ત્યાં અલગ-અલગ સમુદાયોના લોકો મુખ્યમંત્રી બન્યા છે. કર્ણાટકમાં ઠગ લાઈફના રિલીઝ પર ખતરો મંડરાઈ રહ્યો છે, જે ૫ જૂને રિલીઝ થવાની છે. કન્નડ સંગઠનોએ બેંગલુરુ પોલીસમાં પણ ફરિયાદ નોંધાવી છે પરંતુ હજુ સુધી કોઈ FIR નોંધવામાં નથી આવી.

કુલ ૨૦ લોકોના મોત, અનેક ઘર-હોટલો ધરાશાયી

# ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે પૂર્વોત્તરમાં ભારે તબાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દેશમાં હાલ વહેલા આવેલું ચોમાસું પૂર્વોત્તરમાં તબાહી મચાવી રહ્યું છે. ગત દિવસોમાં પૂર્વોત્તરના મણિપુર, મિઝોરમ, આસામ, અરૂણાચલ પ્રદેશ અને ત્રિપુરામાં સતત ભારે વરસાદ, ભૂસ્ખલન અને પૂરમાં ૨૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. જ્યારે ૧૨ હજારથી વધુ પરિવાર અસરગ્રસ્ત થયા છે. આ રાજ્યોમાં અનેક ઘર પડવાથી મોટી સંખ્યામાં લોકો બેઘર થઈ ગયા છે. નદીઓમાં પૂર આવ્યા છે. ત્યારે હવામાન વિભાગે તમામ રાજ્યો માટે એલર્ટ જાહેર કર્યું છે. નેપાળમાં ભારે વરસાદના કારણે બિહારના કિશનગંજ જિલ્લાની નદીઓ બેકાંઠે વહી રહી છે. કનકઈ, બૂઢી કનકઈ અને મેચી નદીનું જળસ્તર વધ્યું છે. નદીના કિનારાના વિસ્તારોમાં પાણી ઘુસી ગયા છે. જેના કારણે મક્કા અને શાકભાજીનો પાક બરબાદ થઈ ગયો છે. દક્ષિણ મિઝોરમના લોન્ગતલાઈ શહેરમાં ભારે વરસાદને લઈને ભૂસ્ખલન થવાથી પાંચ ઘર અને એક હોટલ ધરાશાયી થઈ ગઈ. જેમાં અનેક લોકો ફસાયા. જોકે ત્રીજા ભારતીય રિઝર્વ બટાલિયનના કર્મીઓ દ્વારા બચાવ અભિયાન હાથ ધરાયું છે. મિઝોરમમાં અનેક ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા ૫ લોકોના મોત થયા છે. મિઝોરમમાં છેલ્લા ૩ દિવસથી અવિરત વરસાદ પડી રહ્યો છે, જેના કારણે રાજ્યના વિવિધ ભાગોમાં



ભૂસ્ખલન થયું છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનથી આસામમાં કામરૂપ મેટ્રો જિલ્લામાં પાંચ લોકોના મોત થયા. જ્યારે પાંચ જિલ્લામાં ૧૨,૦૦૦થી વધુ લોકો પૂરના કારણે અસરગ્રસ્ત થયા. ગુવાહાટી અને સિલચરમાં પૂરથી ૧૦ હજારથી વધુ લોકો અસરગ્રસ્ત થયા. જ્યારે, લખીમપુરમાં પાણીના કારણે રિંગ ડેમ તૂટ્યો. અરૂણાચલ પ્રદેશમાં પણ વરસાદ અને ભૂસ્ખલને તબાહી મચાવી છે. અહીં ભૂસ્ખલનમાં નવ લોકોના મોત થયા. જેમાં પૂર્વ કામેંગ જિલ્લામાં બાના-સેપ્પા ખંડ પર ભૂસ્ખલનના કારણે સાત લોકોના મોત થયા. જ્યારે લોઅર સુબનસિરી જિલ્લામાં બૂશ્કલન બાદ બે શ્રમિકોના મોત થા અને બે અન્યને બચાવી લેવાયા. આ સિવાય ત્રિપુરામાં પણ ભારે વરસાદના કારણે એક યુવકનું ડૂબી જવાથી મોત થયું. મણિપુરમાં વરસાદને લઈને નદીઓનું જળસ્તર વધી ગયું છે. નમ્બુલ, ઈરિલ અને નમ્બોલ નદીનું જળસ્તર પણ ચેતવણી સ્તર સુધી પહોંચી ગયું છે.

શશિ થરૂરની સ્ટ્રાઈક બાદ હવે બદલ્યા સૂર

# આતંકવાદીઓના મોત બાદ શોક સંવેદના વ્યક્ત કરનારા કોલંબિયાના સૂર બદલાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

આતંકવાદીઓના મોત બાદ શોક સંવેદના વ્યક્ત કરનારા કોલંબિયાના સૂર ૪૮ કલાકમાં જ બદલાઈ ગયા. તેની પાછળનું કારણ કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂરની સ્ટ્રાઈક છે. ત્યારબાદ કોલંબિયાએ પોતાનું નિવેદન અધિકૃત રીતે પાછું ખેંચ્યુ છે. વાત જાણે એમ હતી કે પહેલગામ આતંકી હુમલા બાદ જ્યારે ભારતીય સેનાએ પાકિસ્તાનમાં છૂપાઈને બેઠેલા આતંકીઓ પર સ્ટ્રાઈક કરી તો આતંકીઓના મોત બદલ કોલંબિયાએ સંવેદના વ્યક્ત કરી હતી. પરંતુ જ્યારે ઓપરેશન સિંદૂર બાદ આતંકવાદ પર પાકિસ્તાનનો પર્દાફાશ કરવા માટે વિવિધ દેશોમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરતા શશિ થરૂરે કોલંબિયાને સંભળાવી દીધુ તો હવે તેમના સૂર બદલાઈ ગયા છે અને હવે તેઓ ભારતને મજબૂત સમર્થન આપતું એક નિવેદન જાહેર કરશે. કોલંબિયાના પૂર્વ રાષ્ટ્રપતિ સીઝર ઓગસ્ટસ ગેવિરિયા ટૂઝિલોએ આતંકવાદ વિરુદ્ધ ભારતની લડતને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. વોશિંગ્ટનમાં ભારતના પૂર્વ રાજદૂત તરનજીત સિંહ સંધુએ શુક્રવારે (ભારતીય સમય મુજબ) સવારે ગેવિરિયા સાથે મુલાકાત બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ શેર કરતા લખ્યું કે તેમણે આતંકવાદ વિરુદ્ધ લડતમાં ભારતને



પૂર્ણ સમર્થન આપ્યું છે. સંધુએ કહ્યું કે ગેવિરિયા સાથે પ્રતિનિધિમંડળની સારી વાતચીત થઈ. ગેવિરિયા કોલંબિયા લિબરલ પાર્ટીના નેતા છે જે રાષ્ટ્રપતિ પ્રણાલીવાળા દેશ કોલંબિયાની સંસદમાં સૌથી મોટી પાર્ટી છે. પોતાના રાષ્ટ્રપતિ કાર્યકાળ દરમિયાન ગેવિરિયાએ ડ્રગ માફિયાઓ અને રાજકીય ઉગ્રવાદીઓનો ડટીને મુકાબલો હતો. તેમાંથી કેટલાક ડ્રગ માફિયાઓ વિદેશી સીમાઓ સુધી સક્રિય હતા, જ્યારે ઉગ્રવાદીઓએ તેમની સરકાર વિરુદ્ધ આતંકી હુમલા કર્યા જેની અસર સામાન્ય નાગરિકો ઉપર પણ પડી. ભારતીય સાંસદોના પ્રતિનિધિમંડળનું મિશન ભારતના આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરેન્સનો સંદેશ આપવાનો છે. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરના નેતૃત્વમાં ભારતીય પ્રતિનિધિમંડળ ન્યૂયોર્ક અને ગુયાનાની મુલાકાત બાદ ગુરુવારે પનામાથી કોલંબિયાની રાજધાની બોગોટા પહોંચ્યું.

ઈન્ડોનેશિયામાં સલમાન ખુર્શીદનો મોટો ખુલાસો

# સીઝફાયર માટે પાકિસ્તાને જ પહેલા કોલ કર્યો હતો

। (એજન્સી) જાકાર્તા, તા.૧ ।

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ વિદેશ મંત્રી સલમાન ખુર્શીદે ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં પત્રકારો સાથે વાત કરતા સ્પષ્ટ કર્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત નહીં પરંતુ, પાકિસ્તાને સૌથી પહેલા સંપર્ક કરી સીઝફાયરની રજૂઆત કરી હતી. પાકિસ્તાનના ડીજીએમઓએ ભારતના ડીજીએમઓને ફોન કરી સંઘર્ષવિરામની માંગ કરી અને ભારતે ત્યારે જવાબી કાર્યવાહી રોકવાનો નિર્ણય લીધો હતો. જણાવી દીઈએ કે, તેમની પાર્ટી કોંગ્રેસ સીઝફાયરને લઈને સતત પ્રશ્ન કરી રહી છે. રાહુલ ગાંધીએ ખુદ અનેકવાર કહ્યું કે, અમેરિકાના દબાણના કારણે ભારતે સીઝફાયર કર્યું છે. ખુર્શીદે કહ્યું કે, જો કોઈ કહે છે કે, ભારતે પહેલા ફોન કર્યો હતો તો આ બકવાસ છે. કૉલ આવ્યો ત્યાં સુધી પાકિસ્તાનને પણ ભારે નુકસાન થઈ ચુક્યુ હતું. તેથી અમે ત્યારે હુમલો



રોકવાનો નિર્ણય લીધો, તેમ છતા સરહદ પર ગોળીબારી ત્રણ-ચાર કલાક સુધી ચાલતી રહી. પાકિસ્તાનમાં ન તો સરકારનું નિયંત્રણ છે અને ન તો સેના એકજૂટ છે. ત્યાં તો સૈન્યની અંદર જ અનેક જૂથ છે, જે એક-બીજાસાથે તાકાતથી લડી રહ્યા છે. ભારતની માંગ વિશે વધુ સ્પષ્ટતા આપકા ખુર્શીદે કહ્યું કે, ભારત હવે મહાશક્તિ બનવાના રસ્તા પર છે અને કોઈપણ તેને નહીં રોકી શકે. ભારત મહાન બનવાની રસ્તે છે અને કોઈ અમને ભટકાવી નહીં શકે. એ જરૂરી નથી કે, અમે અમારી તાકાત દુનિયાને બતાવીએ. ભારતની એકમાત્ર અને સ્થાયી માંગ એ છે કે, પાકિસ્તાન આતંકવાદનો સાથ છોડી દે. ભારતનો અવાજ આજે સત્તાપક્ષ અને વિપક્ષ એકસાથે ઉઠાવી રહ્યો છે. જો પાકિસ્તાનમાં થોડી પણ સમજ બચી હોય તો સમજે કે ભારત શું માંગે છે. આ વિશે વધુ વાત કરતા તેમણે કહ્યું કે, હું ભલે કોંગ્રેસ પાર્ટીમાંથી છું અને મારા સાથી ભાજપ અને અન્ય પાર્ટીના છે, પરંતુ અમે બધા પાર્ટી નહીં ભારતનો મેસેજ લઈને આવ્યા છીએ. અમારામાંથી અમુક સત્તાપક્ષમાંથી નથી. તેમ છતાં અમે એકસાથે છીએ કારણ કે, અમે ભારત નામના એક વિચારનું સમર્થન કરી રહ્યા છીએ. જણાવી દઈએ કે, ૭ મેના દિવસે શરૂ થયેલા ઓપરેશન સિંદૂરમાં ભારતના જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલો (૨૨ એપ્રિલ)ના જવાબમાં પાકિસ્તાન અને PoKમાં આતંકવાદી ઠેકાણા પર હુમલો કર્યો હતો.

દેશમાં ફરી વકર્યો કોરોના

# ૨૪ કલાકમાં ૭ લોકોના મોતથી દેશમાં ભારે હડકંપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દેશમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૫ દિવસમાં કોવિડના ૧૭૦૦ કેસ સામે આવ્યા છે અને હવે તે સંખ્યા વધી ૨૭૦૦ને પાર પહોંચી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે ૩૦ મે સુધી દેશભરમાં ૨૭૧૦ કેસ નોંધાયા છે. આ પહેલા એક સપ્તાહમાં ૭૫૨ કેસ સામે આવ્યા હતા. દેશમાં પોઝિટિવ કેસની સંખ્યા સતત વધી રહી છે. જો દેશના વિવિધ રાજ્યોની વાત કરીએ તો, આંધ્રપ્રદેશમાં ૧૬, અરુણાચલ પ્રદેશમાં ૩, આસામમાં ૨, ચંદીગઢમાં ૧, છત્તીસગઢમાં ૩, દિલ્હીમાં ૨૯૪, ગોવામાં ૭, ગુજરાતમાં ૨૨૩, હરિયાણામાં ૨૦, જમ્મુ અને કાશ્મીરમાં ૪, કર્ણાટકમાં ૧૪૮, કેરળમાં ૧૧૪૭, મધ્યપ્રદેશમાં ૧૦, મહારાષ્ટ્રમાં ૪૨૪, મિઝોરમમાં ૨,



ઓડિશામાં ૫, પુડુચેરીમાં ૩૫, પંજાબમાં ૪, રાજસ્થાનમાં ૫૧, તમિલનાડુમાં ૧૪૮, તેલંગાણામાં ૩, ઉત્તરાખંડમાં ૨, ઉત્તર પ્રદેશમાં ૪૨ અને પશ્ચિમ બંગાળમાં ૧૧૬ કેસ છે. દિલ્હીમાં પણ એક મહિલાનું મોત થયું છે. ઘણા રાજ્યોમાં સક્રિય કેસ વધી રહ્યાં છે, જેમાં કેરલ (+૩૫૫), મહારાષ્ટ્ર (+૧૫૩), અને દિલ્હી (+૨૪) સામેલ છે, આ સિવાય કેટલીક જગ્યાઓ મોતમાં પણ વધારો થયો છે, જેમાં મહારાષ્ટ્ર (+૪), અને કર્ણાટક (+૧) સામેલ છે. પરંતુ ઘણા રાજ્યોમાં કોઈ નવા કેસ કે મોત નોંધાયા નથી. આ સિવાય કોરોનાથી સૌથી વધુ દર્દીઓ મહારાષ્ટ્રમાં સાજા થયા છે. મહારાષ્ટ્રમાં ૮,૨૯,૮૪૯, કેરલમાં ૬,૮૪,૯૨૭ અને આંધ્ર પ્રદેશમાં ૨,૩૨,૬૩૫ દર્દીઓએ કોરોનાને માત આપી છે.

કોરોનાની પ્રથમ લહેર પછી અત્યાર સુધી સૌથી વધુ મૃત્યુઆંકઃ મહારાષ્ટ્ર (૧,૪૮,૬૦૬), તમિલનાડુ (૩૮,૦૮૬) અને કર્ણાટક (૪૦,૪૧૨). ૧૯ મે પછી, દેશના ઘણા રાજ્યોમાં કોરોના વાયરસના નવા કેસ નોંધાયા છે. તેમાં આંધ્રપ્રદેશ (૪), છત્તીસગઢ (૧), ગોવા (૧), ગુજરાત (૭૬), હરિયાણા (૮), કર્ણાટક (૩૪), મધ્યપ્રદેશ (૨), રાજસ્થાન (૧૧), તમિલનાડુ (૩) અને તેલંગાણા (૧)નો સમાવેશ થાય છે.

# તંત્રી લેખ...

## ફ્રાન્સે પણ હવે આકરું વલણ અપનાવ્યું

સિગારેટ જેવી વસ્તુઓનું સેવન ધુમ્રપાન કરનારાઓ માટે તો નુકસાનકારક છે જ પરંતુ સાથે સાથે ત્યાં આસપાસ રહેનારા લોકોનું સ્વાસ્થ્ય પણ જોખમાય છે. સિગારેટનો ધુમાડો ફેફસા, હૃદય અને શ્વાસ સંલગ્ન બીમારીઓનું મોટું કારણ બને છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે. આ કારણસર દુનિયાભરમાં સરકારો જાહેર સ્થળો પર ધ્રુમપાન અટકાવવા પર પગલાં ભરી રહી છે. આ જ કડીમાં ફ્રાન્સે પણ હવે આકરું વલણ અપનાવ્યું છે અને ૧ જુલાઈથી જાહેરમાં ધુમ્રપાન પર સંપૂર્ણ પણે પ્રતિબંધ લગાવવાનો કડક નિર્ણય લીધો છે. અસલાં ફ્રાન્સ સરકારે જાહેરાત કરતા કહ્યું છે કે ૧ જુલાઈથી દેશમાં તમામ જાહેર સ્થળો પર ધુમ્રપાનને સંપૂર્ણ રીતે પ્રતિબંધિત કરવામાં આવશે. સ્વાસ્થ્ય અને પરિવાર મંત્રી કેથરીન વોત્રિને જણાવ્યું કે આ પ્રતિબંધ ખાસ કરીને એવી જગ્યા પર લાગૂ થશે જ્યાં બાળકો આવે છે જેમ કે દરિયા કિનારે, પાર્ક-બસ સ્ટોપ, શાળાઓની બહાર, અને રમતના મેદાન. તેમણે સ્પષ્ટ કહ્યું કે જ્યાં બાળકો હોય ત્યાં તમાકૂને ખતમ કરવું પડશે. ઈન્ટરનેશન મીડિયા રિપોર્ટ્સ મુજબ સરકારે કહ્યું કે આ પગલું બાળકોને સ્વચ્છ હવા આપવાના અધિકારની રક્ષા માટે ઉઠાવવામાં આવ્યું છે. ધુમ્રપાનની આઝાદી ત્યાં ખતમ થઈ જાય છે જ્યાં કોઈ બાળકની શ્વાસ લેવાની આઝાદી શરૂ થાય છે. નવા નિયમ હેઠળ જો કોઈ વ્યક્તિ જાહેર જગ્યાએ ધુમ્રપાન કરતા પકડાય તો તેના પર ૩૫ યુરો એટલે કે લગભગ ૧૫૪ ડોલર સુધીનો દંડ ઠોકવામાં આવશે. જો કે સરકારે કેટલીક છૂટ પણ આપી છે. કેફે કી ટેરિસને આ નિયમમાંથી બહાર રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈ સિગારેટ પર આ પ્રતિબંધ લાગૂ થશે નહીં. એટલે કે લોકો આ જગ્યાઓ પર વપિંગ કરી શકશે. એક રિપોર્ટ મુજબ ફ્રાન્સમાં દર વર્ષે લગભગ ૭૫,૦૦૦ મોત તમાકૂ સંલગ્ન બીમારીઓના કારણે થાય છે. જેના કારણે જનમત પમ આ નિર્ણયના પક્ષમાં નજરે ચડે છે.

## ડો. મનસુખ માંડવિયાએ હિમાચલ પ્રદેશના કાલા અંબમાં નવનિર્મિત ૩૦-પથારીવાળી ESIC હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું



કામદારો માટે આરોગ્યસંભાળ માળખાને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલામાં, કેન્દ્રીય શ્રમ અને રોજગાર અને યુવા બાબતો અને રમતગમત મંત્રી, ડૉ. મનસુખ માંડવિયાએ આજે હિમાચલ પ્રદેશના કાલા અંબ ખાતે નવનિર્મિત ૩૦-પથારીવાળી કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતું. ૧૦૦ પથારી સુધી અપગ્રેડ કરી શકાય તેવી ડિઝાઈનવાળી આ હોસ્પિટલ, આ પ્રદેશમાં ESI યોજના હેઠળ ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ સેવાઓના વિસ્તરણમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.

હૃદયસ્પર્શી સંકેત તરીકે, ડૉ. માંડવિયાએ હોસ્પિટલના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા બાંધકામ કામદારોનું પણ સન્માન કર્યું હતું, શ્રમના ગૌરવનું સન્માન કરવાની સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમમાં બોલતા, ડૉ. માંડવિયાએ ટિપ્પણી કરી, "આ હોસ્પિટલ ફક્ત દિવાલોથી ઘેરાયેલી રચના નથી - તે એક મંદિર છે જે આપણી શ્રમ શક્તિ, આપણા રાષ્ટ્રની શક્તિનું સન્માન કરે છે. આ શક્તિએ જ આપણા રાષ્ટ્રનું નિર્માણ કર્યું છે, આ શક્તિને ઓળખવી અને તેને ઉત્થાન આપવું એ આપણા દેશને આગળ વધારવા માટે જરૂરી છે." કેન્દ્રીય મંત્રીએ જાહેરાત કરી કે સરકારે ૨૦૦ કે તેથી વધુ પથારી ધરાવતી તમામ ESIC હોસ્પિટલોમાં મેડિકલ કોલેજો સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. વધુમાં, આ સંસ્થાઓમાં ૪૦% બેઠકો વીમાધારક વ્યક્તિઓના બાળકો માટે અનામત રાખવામાં આવશે, જે કામદારોના પરિવારો માટે વધુ શૈક્ષણિક તકો સુનિશ્ચિત કરશે, એમ તેમણે ઉમેર્યું હતું.

ડૉ. માંડવિયાએ ભાર મૂક્યો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એવા પહેલા પ્રધાનમંત્રી છે જેમણે ભારતના શ્રમબળની ખરેખર પૂજા અને આદર કર્યો છે. એટલા માટે ESIC સતત તેની શાખાઓનો વિસ્તાર કરી રહ્યું છે અને આ ૩૦-પથારીવાળી હોસ્પિટલનું ઉદ્ઘાટન એ મિશનનો એક ભાગ છે, એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે ખાતરી આપી કે ESIC હોસ્પિટલો બધા કામદારો માટે છે, પછી ભલે દવાની કિંમત રૂ. ૧ હોય કે રૂ. ૧ કરોડ. તેમણે ઉમેર્યું કે દરેક જીવન સમાન મૂલ્યવાન છે અને ગરીબોની સારવારમાં કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગરીબીને સમજે છે એમ બીજું કોઈ ન સમજી શકે અને તેથી જ આજે આપણે ગરીબો અને આપણા કામદારોને આપવામાં આવતી સાચી માન્યતા અને ગૌરવ જોઈ રહ્યા છીએ. બધા માટે સુલભ આરોગ્યસંભાળ સુનિશ્ચિત કરવાના સરકારના સંકલ્પ પર પ્રકાશ પાડતા, કેન્દ્રીય મંત્રીએ એક કરુણ ઉદાહરણ શેર કર્યું: "જ્યારે ગરીબ વીમાકૃત કામદારના પુત્ર માટે રૂ. ૨ કરોડની જીવનરક્ષક દવાઓ માટે મંજૂરી માંગતી ફાઈલ અમારી સમક્ષ લાવવામાં આવી, ત્યારે તેને વિલંબ કર્યા વિના મંજૂરી આપવામાં આવી હતી. ગરીબી ક્યારેય જીવનરક્ષક સંભાળમાં અવરોધ ન હોવી જોઈએ." તેમણે ઉમેર્યું કે ધ્યેય એક સ્વસ્થ નાગરિક બનાવવાનો છે, જે બદલામાં, એક સ્વસ્થ સમાજ તરફ દોરી જશે અને અંતે એક સ્વસ્થ રાષ્ટ્રનું નિર્માણ કરશે. તેમણે આપણા કાર્યબળના કલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરીને સમાપન કર્યું હતું. ડૉ. માંડવિયાએ વચન આપ્યું હતું કે બધી ભરતી પ્રક્રિયાઓ મિશન મોડમાં પૂર્ણ કરવામાં આવશે અને ESIC હોસ્પિટલોમાં બધી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. જેથી આપણા કામદારોને તેઓને લાયક બધી સંભાળ અને સેવાઓ મળી શકે. લગભગ રૂ. ૧૦૦ કરોડના ખર્ચે બનેલી આ આધુનિક હોસ્પિટલ ૧ લાખથી વધુ લાભાર્થીઓને લાભ આપશે તેવી અપેક્ષા છે. જે સિરમૌર અને પડોશી જિલ્લાઓના રહેવાસીઓ માટે સુધારેલ માળખાગત સુવિધાઓ અને અદ્યતન આરોગ્યસંભાળ સેવાઓની ઍક્સેસ પ્રદાન કરશે.

આજના સમયમાં અખબારો એક મોટો બિઝનેસ બની ગયો છે, મીડિયા પેપરથી આગળ વધીને ન્યુઝ ચેનલ, ડિજિટલ ક્ષેત્રમાં આવી ગયુ છે

# ૩૦ મે હિન્દી પત્રકારત્વ દિવસ ! : આઝાદીના આટલા વર્ષે સાચા પત્રકારનું દાયીત્વ શું છે?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ઓપરેશન સિંદુર વખતે આપણે જોયું તેમ આજકાલ જ્યાં જુવો ત્યાં ન્યુઝ પેપર અને ચેનલોનાં રાફડા ફાટ્યા હોય તેવું વાતાવરણ છે, અને દરેકે દરેકને પોતાની ચેનલ વધુ જાણે છે, માટે તેને પ્રસિદ્ધ કરવું છે, એટલે રાજકીય વાત હોય, મર્ડર મિસ્ટ્રી હોય, કુદરતી આપત્તિ હોય, કે અંધશ્રદ્ધા જેવી જાતભાતની અને ચટપટી ખબરોનો ઢગલો જનતા સમક્ષ કરે છે.**

હમણાં જ ૩૦ મેં હિન્દી પત્રકાર દિવસ ગયો!; ભારતમાં જ્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું રાજ્ય હતું ત્યારે હિન્દી પત્રકારત્વનો ઉદભવ 'ઉદંત માર્તંડ' થી થયો છે. ૧૮૨૬માં ૩૦ મે ના દિવસે આ હિન્દી ભાષાના અખબારનું પ્રથમ પ્રકાશન કોલકાતાથી શરૂ થયું હતું. ઉદાંત માર્તંડ એક સાપ્તાહિક સામયિક તરીકે શરૂ થયું. હિન્દી પત્રકારત્વ બંગાળમાં શરૂ થયું, અને તેનો શ્રેય રાજા રામમોહન રાય ને જાય છે. પંડિત જુગલ કિશોર શુકલ એનાં સંપાદક હતા. જોકે આજના સમયમાં અખબારો એક મોટો બિઝનેસ બની ગયો છે. મીડિયા આજે પેપરથી આગળ વધીને ન્યુઝ ચેનલ, ડિજિટલ ક્ષેત્રમાં આવી ગયુ છે.

ઓપરેશન સિંદુર વખતે આપણે જોયું તેમ આજકાલ જ્યાં જુવો ત્યાં ન્યુઝ પેપર અને ચેનલોનાં રાફડા ફાટ્યા હોય તેવું વાતાવરણ છે, અને દરેકે દરેકને પોતાની ચેનલ વધુ જાણે છે. માટે તેને પ્રસિદ્ધ કરવું છે, એટલે રાજકીય વાત હોય, મર્ડર મિસ્ટ્રી હોય, કુદરતી આપત્તિ હોય, કે અંધશ્રદ્ધા જેવી જાતભાતની અને ચટપટી ખબરોનો ઢગલો જનતા સમક્ષ કરે છે, અને એ પણ જાહેરાતની જેમ રંગીન અને મસાલેદાર બનાવીને. આપણે સૌ જાણીએ છીએ, એમ બધું જ સાચું નથી હોતું, અથવા તો જેટલી માત્રામાં બતાવવામાં આવે છે, એટલું તો નથી જ હોતું. યુદ્ધમાં જે રીતે મિસાઈલ તૂટતી કે ટકરાતી દેખાડાય છે!: અને ડ્રોન વગેરે ના ફોટો વિડિયો જોઈએ તો આપણને એમ લાગે ફિલ્માંકન થયું હોય.



અથવા કુદરતી આપત્તિનાં ન્યુઝ હોય કે ચોરી ડકૈતીનુ આટલું ભયંકર વર્ણન જોઈ લોકો ભયભીત પણ થઈ જાય! ટૂંકમાં સાવધાન કરાવનારું આ પ્લેટફોર્મ સમસ્યા પણ સર્જી શકે છે. આવા સમયે પ્રશ્ન થાય કે પત્રકારનું સાચું દાયીત્વ શું છે?? તો બહુ સ્વાભાવિક રીતે જ આપણે કહીએ કે પ્રજા સમક્ષ સાચી હકીકતની જાણકારી લાવે તે પત્રકાર કહેવાય, પછી તે ગમે તે મીડિયા હોય! આજકાલ તો દરેકના હાથમાં સ્માર્ટફોન નામનું રમકડું હોવાથી સોશ્યલ મીડિયા પણ સમચાર પ્રસારનું બહુ મોટું અને ખતરનાક પ્લેટફોર્મ બની ગયું છે,અને એ રીતે જોઈએ તો દરેક સ્માર્ટફોન ધારક એક પત્રકાર છે, જે સાચું ખોટું કંઈ જાણ્યા વગર એવી વાતો આ માધ્યમથી ફેલાવે છે. આવાં સંજોગો ઉદભવે ત્યારે પત્રકારનું દાયીત્વ તેને યાદ રહેવું બહુ જરૂરી બની જાય છે, કે જનતા સમક્ષ કોઈ ખોટી માહિતી કે સમચાર પહોંચે નહીં.

જોકે રાજનીતિ આપણી લાઈન નથી એટલે સાચું ખોટું રામ જાણે! ટૂંકમાં જે પક્ષનું વજન વધુ ત્યાં ઘણાં ઘણાં બેસી જતા હોય છે,અને જનતાની સેવાનો મુખ્ય સંકલ્પ જ ભૂલી જતા હોય છે. આવાં લોકોને વારંવાર બતાવી મિડિયા વગર કારણે એમને હિરો બનાવી દેતી હોય છે, એટલે ખોટી પ્રસિદ્ધ પણ મળી જતી હોય છે, તો ક્યારેક સગાવાદમા સત્તાની ખેચમખેચીમાં ત્રીજો પણ ફાવી જતો હોય છે, માટે જ પત્રકારે આ બધું ખાસ ધ્યાનમા રાખવાનું કે, જનતામાં ખોટી માહિતી જાય નહીં, ડર અને નિરાશાનું પ્રમાણ વધે નહીં, એટલે કે કોઈ પણ પ્રકારની અફવાને રદિયો આપી, જનતા સમક્ષ નિષ્પક્ષ સત્યને ઉજાગર કરવાનું હોય છે.

લોકશાહીમાં લોકતંત્ર દ્વારા સરકાર નક્કી થાય છે, એટલે હારેલા પક્ષ, વિરોધી પક્ષ, તરીકે સરકાર પર પરિસ્થિતિ પ્રમાણે આક્ષેપ કરતી હોય છે, અને વર્ષોથી આપણે આવા રાજકીય સ્ટંટ થતાં જોવા મળે છે. પહેલા તો એમાં પણ મર્યાદા હતી હવે તો અમર્યાદ વાણી.. , અને જે પક્ષે વર્તમાન સમયમાં સરકાર રચી હોય, તેની પર વિપક્ષ દ્વારા સતત આક્ષેપ બાજી થતી હોય છે.જ્યારે આવી પરિસ્થિતિ આવે ત્યારે પત્રકારનું દાયીત્વ વધી જાય છે કે, તે જનતા સમક્ષ સાચી માહિતી પહોંચાડે. એટલે કે જે તે સમાચાર તે પ્રજા સમક્ષ રજૂ કરે છે, એ પત્રકાર કોઈ પણ રાજકીય પક્ષના દબાણ હેઠળ સમચાર પ્રસારિત કરે નહીં, કે કોઈ પણ પક્ષની તરફદારી કર્યા વગર નીડરતાથી સત્ય હકીકતને જનતા સમક્ષ લાવે. સાચો પત્રકાર જનતાને સમજાય, અને ગેરમાર્ગે દોરાયા વગર સાવચેત થાય એ રીતે સમાચાર પ્રસ્તુત કરે છે,

દરેક ક્ષેત્રમાં રાજકારણ પ્રવેશી ગયું હોવાથી પરિસ્થિતિ દિવસેને દિવસે વધુ વિકટ થતી જાય છે, તેમજ આંતરરાષ્ટ્રીય સંબંધો આયાત નિકાસ વેપાર વ્યવસાય વગેરે પણ હવે વિકાસના આ દોરમાં જાણવું જરૂરી બની ગયું છે. ઉપરાંત ધર્મને નામે રાજકારણમાં કોમવાદ પણ આઝાદીના સમયથી એક હથિયાર જેમ ઈસ્તેમાલ થાય છે, અને સરહદો પરનાં છમકલાં પણ દેશની એકતાને તોડે છે. એટલે આ સમયે દરેક પત્રકારની ફરજ છે કે, તેનાં દ્વારા પ્રસારિત થતા કોઈપણ સમાચાર, કોઈ પણ માધ્યમ એટલે કે ન્યુઝ પેપર મિડિયા,કે ટેલિવિઝન મીડિયા દ્વારા પ્રસારિત કરે, ત્યારે તેની નજર સમક્ષ રાષ્ટ્ર પ્રથમ હોવું જોઈએ, કારણકે આ સમાચારથી રાષ્ટ્રની ગરિમાને નુકશાન તો પહોંચતું નથી ને? એ વિચારવું પડશે, અને એ જોવાની દરેક પત્રકારની પહેલી ફરજ છે. પક્ષ ગમે તે હોય,સરકાર ગમે તે હોય, પરંતુ દેશ મારો છે, એ ભાવ પ્રથમ હોવો જોઈએ, એટલે જનતા ઉશ્કેરાઈ જાય નહીં એવા સમાચારો પ્રસારિત કરવા જોઈએ,તો પ્રજા ગુમરાહ થાય કે અંધારામાં રહી જાય અંધશ્રદ્ધા વધે એવા સમાચાર પણ પ્રસારિત કરવા જોઈએ નહી. જે તે સમયની યોગ્ય સમીક્ષા કરી તે મુજબના સમાચારો જનતા સમક્ષ લાવવાનું કાર્ય પત્રકારનું હોય છે. કોઈ પણ પ્રકારના પ્રલોભનોથી મુક્ત થઈ, કર્તવ્ય નિષ્ઠા તેમજ દેશપ્રેમની ભાવના રાખી, પોતાના દ્વારા પ્રસ્તુત થતા સમાચારથી જનતા ગુમરાહ થાય નહીં, તેમજ દેશની ગરિમા ખરડાય નહીં! તે પહેલાં જોવું જોઈએ. મોટેભાગે પત્રકાર તો પોતાની ફરજ પૂર્ણપણે નિભાવતા હોય છે, જેમ બને તેમ જનતાને દેશમાં ઘટતી ઘટનાઓથી વાકેફ કરવાનું કાર્ય કરતા હોય છે. પરંતુ હાલમાં પ્રિન્ટ મીડિયા કરતાં ઈલેક્ટ્રોનિક મીડિયા વધુ અસરકારક બનતું જાય છે. ચેનલો વાળા ટીઆરપી માટે જાતભાતનાં નુસખા અજમાવીને સમચારને જુદી રીતે પ્રસ્તુત કરતાં હોય છે, અને એ રીતે જનતા ગેરમાર્ગે દોરાય છે. ઉપરાંત વિપક્ષ જાણે કે વિરોધ કરવા માટે જ સંસદમાં હાજરી આપતો હોય એમ કોઈ પણ બિલ કે ખરડો પસાર થવા દેતો નથી, અને આમ એકંદરે સામાન્ય નાગરિકના ટેક્સમાંથી મળતાં નાણાં જ દાવ પર લાગે છે, અને દેશની સરકાર વિકાસને લગતું કાર્ય એનાં નિયત સમયમાં પૂરું કરી શકતી નથી.તો પ્રશ્ન થાય કે આ બધું ક્યાં સુધી... માટે અંદરોઅંદર એક થઈને આવી બધી સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરીને, દેશને માથેથી બધી પ્રકારના સંકટ દૂર કરીએ. વારેવારે સરકાર ફેઈલ ગઈ! સીસ્ટમ ફેઈલ ગઈ ! રાજકીય માળખું જ ખોટું છે! વગેરે વગેરે,વાતે વિરોધ કરીને સમાજની શાંતિનાં મહોલને ખરાબ કરીએ નહીં, તે બંને પક્ષે ખાસ યાદ રાખવું જોઈએ. જનતાએ પણ કોઈનાં કહેવામાં આવ્યાં વગર સત્તાધીશ સરકાર પર કોઈ જાતનાં આક્ષેપ કર્યા વગર સરકારનાં કાર્યમાં સહયોગ અને સહકાર આપવો જોઈએ, તો જ આવાં સંકટમાંથી વહેલાં બહાર આવીશું, કારણ કે પત્રકારના મનમાં સરકાર અને જનતા બંને માટે પણ રાષ્ટ્ર પ્રથમની ભાવના હોય તે અત્યારનાં તબક્કામાં બહુ જરૂરી છે.જય હિન્દ.

જો વ્યક્તિની પોતાની આંતરિક ઇચ્છા ન હોય અને તે પ્રભુને ઉત્કટપણે પોકારે નહીં તો પ્રભુ એમને એમ બોલાવ્યા વગર આવતા નથી

# કંઈક કહીએ અને લાગી આવે એને "બાળપણ કહેવાય, ઘણું બધુ લાગી આવે છતાં કંઈ પણ કહી ન શકે "તેને " ઘડપણ કહેવાય..!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં સોમવારે જોઇએ તો જો કોઇ વ્યક્તિને તેના ગંભીર ગુનામાં સુપ્રીમ કોર્ટે ફાંસીની સજા આપી દીધા પછી રાષ્ટ્રપતિને દયાની અરજી કરી શકાય છે, અને જો રાષ્ટ્રપતિને યોગ્ય લાગે તો કૃપા કરી એને માફી બક્ષી જીવતદાન પણ આપી શકે છે, પ્રભુ પણ કંઈ કઠોર દંડનાયક નથી.**

પહેલગામ પર્યટકો પર થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ સર્જાઈ છે જે પછી ઑપરેશન સિંદૂર સફળ થયું કે નિષ્ફળ ગયું તે ચર્ચા કરતા તમે બધા એ જે જોયું.. સાંભળ્યું તે તમારી સમજભક્તી પર આધાર છે.પણ ૩૧ મે-૨૦૨૫ શનિવારે ચોવીસ દિવસ બાદ ગુજરાત સહિત દેશના પાંચ રાજયોમાં ઑપરેશન શિલ્ડ મોકડ્રીલ યોજાઈ તે કેમ અને શા માટે યોજાઈ તે કોઈને ખબર નથી ઓપરેશન સિંદૂર જ..આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં સોમવારે જોઇએ તો જો કોઈ વ્યક્તિને તેના ગંભીર ગુનામાં સુપ્રીમ કોર્ટે ફાંસીની સજા આપી દીધા પછી રાષ્ટ્રપતિને દયાની અરજી કરી શકાય છે. અને જો રાષ્ટ્રપતિને યોગ્ય લાગે તો કૃપા કરી એને માફી બક્ષી જીવતદાન પણ આપી શકે છે. પ્રભુ પણ કંઈ કઠોર દંડનાયક નથી.એ પ્રેમાળ પિત ૧ પિતા છે. વત્સલમાતા છે. સહૃદય ભ્રાતા છે. સ્નેહમય સખા પણ છે. એમના કર્મના કાયદાની ઉપર છે, એમનો કૃપાનો કાયદો,કે જે કાયદા ને કોઈ જ નીતિનિયમ લાગુ પડતા નથી. જે કાયદાને કોઈપણ ભેદ ભાવ નથી. જેઓ એ કાયદાના લાભને પાત્ર બને તેઓ કર્મના કાયદામાંથી મુક્તિ પણ મેળવી શકે અથવા તેની સજા હળવી પણ થઈ શકે.એવી જ રીતે પ્રભુને પણ દયાની અરજી કરવી પડે છે.અને તે તીવ્ર ભાવે કરવી પડે છે.ભૂતકાળની કરેલી ભૂલોના એક રાર અને તીવ્ર પશ્ચાતાપના આંસુ ઓથી અને નવા સુંદર જીવનની બાંહેધારી આપીએ અરજી કરવી પડે છે.સાચા દિલથી પ્રભુને આજીજી કરવી પડે છે. જ્યાં સુધી તેઓ સાંભળે નહીં ત્યાં સુધી સતત નિવેદન કરવું પડે છે.તે દ્વારા ભગવાનની કૃપાનું અવતરણ થાય છે અને એ કૃપા દ્વારા ગમે તેવું કુમાર્ગે ગયેલું જીવન પ્રભુના માર્ગે વળી શકે છે. ભગવાનની કૃપાનો કાયદો પાપીને સંત બનાવી શકે છે.ડાકુ અને લુંટારાને મહાત્મા બનાવી શકે છે. આથી કુમાર્ગે ગયેલું જીવન સદા કાળ કુમાર્ગે જ ચાલતું રહેશે, એવું નથી. જે ક્ષણે મનુષ્યને એવા હીન જીવન પ્રત્યે તિરસ્કાર જાર્ગે અને તે એવા જીવનમાંથી મુક્ત થવા આતુર પણે પ્રભુને પોકાર કરે, એ જ ક્ષણે પ્રભુ એના માટે નવ જીવન નાં દ્વાર ખોલી આપે છે. પછી તીવ્રતમ આંતરિક ઈચ્છાથી જેમ જેમ તેનો પોકાર ઉત્કટ બને છે તેમ તેમ કૃપા ધારા વધુ ને વધુ વહે છે,અને એ વહેંતી કૃપાધારા માં તેના ભૂતકાળ ના કુકર્મોનાં ફળ ધોવાતાં જાય છે. તેની આંતરિક શુદ્ધિ થવા લાગે છે. તેથી તેની વિવેકબુદ્ધિ જાગૃત થાય છે. સત્ય જીવનની ઝંખના વધુ ને વધુ તીવ્ર બનવા લાગે છે. તેમ તેમ તે પ્રભુના માર્ગ વધુ ને વધુ આગળ વધે છે. પણ તેના પાયામાં રહેલી છે, આંતરિક ઈચ્છા. જો વ્યક્તિની પોતાની આંતરિક ઈચ્છા ન હોય અને તે પ્રભુને ઉત્કટપ ણે પોકારે નહીં તો પ્રભુ એમને એમ બોલાવ્યા વગર આવતા નથી. બહારનું વાતાવરણ ગમે તેટલું ભક્તિપ્રેરક હોય, સંતો અને મહાત્માઓ માર્ગદર્શન આપવા પણ તૈયાર હોય, પણ જો વ્યક્તિની પોતાની સાચી આંતરિક હોય, અને તે ખાલી દેખાવ પૂરતી ભગવાનની પૂજા-આરાધના કરતો હોય, તો કંઈ ભગવાનનો રસ્તો ખૂલતો નથી. ભગવાનને મળવા માટે ફક્ત ઈચ્છા જ નહીં પણ તીવ્રતમ વ્યાકુળતા હોવી જરૂરી છે. એવી વ્યાકુળતા કે એના વગર રહી જ ન શકાય. શ્રીરામકૃષ્ણદેવ આ માટેનું ઉદાહરણ આપતા કહે છે કે બાળક રડે છે, ત્યારે મા એને રમકડાં આપે છે. તે તેનાથી રમવા લાગે છે.ફરી રડે છે તો મા તેને મિઠાઈને ચોકલેટ આપે છે. તેનાથી તે છાનુ રહી જાય છે. એટલે મા તેને એકલું રમવા દઈને કામે વળગી જાય છે. પણ પછી બાળક એવું રડે છે કે તે રમકડાં કે ચોકલેટ કશાયથી છાનુ રહેતું નથી. બસ તેને તો મા જ જોઈએ છે. જ્યાં સુધી મા તેને તેડતી નથી ત્યાં ત્યાં સુધી તે રયા જ કરે છે. ત્યારે મા તેને તેડીને વહાલ કરવા લાગે છે. ભગવાન પણ મનુષ્યની જ્યાં સુધી એના માટેની આવી વ્યાકુળતા થતી નથી, ત્યાં સુધી રમકડાં - ચોકલેટ પીપરમીટ વગેરે આપ ીને મનુષ્યને ભૂલાવામાં નાંખી દે છે, તેઓ પોતે આવતા નથી. પણ જ્યારે મનુષ્ય આ બધાં રમકડાં-સિદ્ધિઓ-વૈભવ બધું ફેંકીને બસ ભગવાનને માટે તીવ્ર પણે રૂદન કરવા લાગે છે, ત્યારે તેઓ આવે છે. પણ પછી જ્યાં સુધી ભગવાન ન મળે ત્યાં સુધી આ પોકાર, આ વ્યાકુળતા સતત રહેવી જોઈએ. શ્રી અરવિન્દ આવી ઉત્કટ ઈચ્છાને અભીપ્સા કહે છે. તેમના 'મા' પુસ્તકમાં તેઓ કહે છે કે ભગવાનના સાક્ષાત્કાર માટે બે વસ્તુ જરૂરી છે : એક તો માનવના અંતરમાંથી ઊઠતી અભીપ્સા અને બીજી છે, અભીપ્સના પ્રત્યુત્તરમાં ઊતરી આવતી ભગવાનની કરુણા આ બેનો સંયોગ સાક્ષાત્કારના માર્ગને એકદમ સરળ બનાવી દે છે. પરંતુ આ અભીપ્સા સતત, એકધારી, સ્થિર અને પ્રભુ પ્રત્યે ઊંચે ને ઊંચે જતી હોવી જોઈએ. જયાં સુધી આ અભિપ્સાનો પ્રત્યુત્તર કૃપા રૂપે ન મળે, ત્યાં સુધી પોકાર કરતા રહેવાથી, પ્રભુની કૃપા અવશ્ય મળે છે. એ કૃપાથી પ્રભુનો માર્ગ ખુલ્લો જ નહીં.પણ સ્પષ્ટ બને છે.એક વાર્તા જોઈએ. એક શેઠે મોટો ભોજન સમારંભ યોજ્યો હતો અને ઘણાં આમંત્રણ આપ્યાં હતાં. ભોજનના સમયે તેણે પોતાના નોકર મારફતે કહેવરાવ્યુંકે 'પધારો ભોજન તૈયાર છે. પણ એક પછી એક બધા જ બહાનાં કાઢવા લાગ્યા. પહેલાએ કહ્યું, 'મેં એક ફ્લેટ ખરીધ્યો છે અને મારે તે જોવા જવું પડે તેમ છે, એટલે મને માફ કરજો.બીજાએ કહ્યું, 'મેં એક ગાડી ખરીદી છેતેની કંડીશન જોવા જાઉં છું, એટલે એટલે મને માફ કરજો. વળી, બીજા એકે કહ્યું, 'હમણાં જ મારાં લગ્ન થયાં છે એટલે આવી શકું તેમ નથી. નોકરે પાછા આવી બધી વાત શેઠ ને કહી. ત્યારે તેમને ગુસ્સો ચડયો અને તેણે નોકરને કહ્યું, 'એક દમ શહેરના રાજમાર્ગોમાં અને ગલી ઓમાં જઈને ગરીબોને લૂલાં લંગડાંઓને અને આંધળા ઓને અહીં લઈ આવ.નોકરે કહ્યું, સાહેબ, તમારી આજ્ઞા પ્રમાણે કર્યું છે, છતાં હજી જગ્યા ખાલી રહે છે. ત્યારે શેઠે નોકરને કહ્યું, રસ્તા ઓ અને નેળિયામાં જઈને લોકોને ખેંચી લાવ કે જેથી મારું ઘર ભરાઈ જાય.હું તમને કહું છુંકે, મેં જે મને આમંત્રણ આપેલાં છે તેમાંનો એક પણ મારું ભોજન ચાખવા પામવાનો નથી" આમાં માલિક પોતાના નોકરોને જે હુકમ આપે છેતે આપણને વિચિત્રને માન્યામાં ન આવે તેવો લાગે છે. માલિક પોતાના નોકરોને શેરીઓમાં ભટકતાં નાગાંપૂગાંને ગરીબ-ગરબાંને મિજબાનીમાં તેડી લાવવા જણાવે છે. ઈશ્વર આપણી સાથે આવો જ વ્યવહાર કરે છે. એ તમારા ધ્યાનમાં આવ્યું કે ? હું તો ઈશ્વરના ઉંબરે પગ મૂકવા પણ લાયક નથી.પણ ઈશ્વરની રહેમનો પાર નથી.એ મને કાદવમાં આળોટતા મેલાઘેલા મને પોતાની મિજ બાનીમાં તેડી જાય છેને મારી સર ભરા કરે છે. મેં તો પાપો કરીને ઈશ્વર જોડે દુશ્મનાવટ બાંધી હતી હું તો લૂલાં-લંગડાંને આંધળા કરતાં ય લાચાર બની ગયો હતો. મારાં પાપે મને શબવત્ બનાવી દીધો હતો. ઈશ્વરના પ્રેમ પૂરતો તો હું મર્યો-પરવાર્યો હતો. આવા શબ સમાન બનેલા માણસ ને માટે કશી આશા ક્યાંથી? ઈશ્વર જ એને બેઠો કરે તો એ બેઠો થાય ઈશ્વર ની દયા હોય તો જ એ નવેસર થી જિંદગી જીવતો થાય. ધર્મશાસ્ત્ર આ જ વાત આપ ણને કહે છેઃ વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત. આજે સોમવાર છે સદા શિવ ભગવાન ભોળાનાથને પ્રાર્થના કરીએ બફારા ગરમીથી રાહત મળે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### હરભજન સિંહ અને ગીતા બંને એક શો હોસ્ટ કરશે

## હરભજન પોતાની બાયોપિકમાં વિકીને જોવા ઉત્સુક

બોલીવુડમાં ઘણી બાયોપિક બની છે. હવે હરભજન સિંહને તાજેતરમાં પૂછવામાં આવ્યું હતું કે તે કયા અભિનેતાને પોતાની બાયોપિકમાં જોવા માંગે છે ત્યારે તેમને કહ્યું કે હું વિકીને જોવા માગું છું. તે દેખાવમાં મારા કરતા વધુ સુંદર છે.હરભજન સિંહ તેમની પત્ની ગીતા બસરા સાથે એક ટોક શો લઈને આવી રહ્યા છે, બોસ કોણ છે? આ શો દ્વારા, ક્રિકેટરો અને તેમની પત્નીઓ બંને જીવન વિશે ચર્ચા કરશે. હરભજન અને ગીતા બંને તેને હોસ્ટ કરશે.હરભજને ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે વિકી તેની બાયોપિક માટે પરફેક્ટ છે. એક મનોરંજક અને સંબંધિત ટોક શો જે સંબંધો વિશે વાત કરશે કારણ કે દરેક ઘરમાં એક કે બે બોસ હોય છે તેણે કહ્યું, 'વિકી મહાન છે. તે પંજાબી છે અને તેનો ઉચ્ચાર પણ એ જ છે. તે ડોબેનો છે અને અમે બંને એક જ જગ્યાના છીએ. ઉચ્ચાર અદ્ભુત છે. દેખાવની વાત કરીએ તો, તે મારા કરતા વધુ સુંદર છે. પરંતુ મેકઅપથી, આપણે તેને મારા જેવો બનાવી શકીએ છીએ. તે એક મહાન અભિનેતા છે. વિકી તે કરશે.ગીતાએ પણ હરભજન સાથે સંમતિ દર્શાવી. તેણીએ કહ્યું, 'અમને બંનેને લાગે છે કે ભજ્જી (હરભજન સિંહ) ની બાયોપિક માટે વિકી શ્રેષ્ઠ રહેશે. તે આજે શ્રેષ્ઠ અભિનેતાઓમાંનો એક છે.



આ ઉપરાંત, તે પંજાબી છે. તે ઊંચો છે અને તેનો દેખાવ પણ એવો જ છે.'હરભજન અને ગીતાએ તેમના શોની જાહેરાત કરતી વખતે સોશિયલ મીડિયા પર લખ્યું, 'અમે જીવનમાં, મેદાનમાં અને ફિલ્મોમાં અને સૌથી અગત્યનું પતિ-પત્નીમાં ઘણી ભૂમિકાઓ ભજવી છે. હવે તમારા સ્ક્રીન પર પ્રેમ, હાસ્ય અને થોડી અરાજકતા લાવવાનો સમય આવી ગયો છે.' અમને અમારા નવા શો હુ ઈઝ ધ બોસની જાહેરાત કરતા ખૂબ જ આનંદ થાય છે. એક મનોરંજક અને સંબંધિત ટોક શો જે સંબંધો વિશે વાત કરશે કારણ કે દરેક ઘરમાં એક કે બે બોસ હોય છે. અમારી આ નવી સફરમાં તમને સામેલ કરવા માટે અમે ખૂબ જ ઉત્સાહિત છીએ.

### વીડિયોમાં, મહવશે પીળો હૂડી અને કાળો શોર્ટ્સ પહેર્યો છે

## ચોરી પકડી ગઈ : ચહેરો ઢાંકીને પહોચી તોય મહવાશ છાની ન રહી


### યુઝવેન્દ્ર ચહલે માર્ચ ૨૦૨૫ માં ધનશ્રી વર્માથી છૂટાછેડા લીધા હતા



યુઝવેન્દ્ર ચહલ અને આરજે મહવાશ ગમે તેટલા છુપાવવાનો પ્રયાસ કરે, તેમના ચાહકો હવે એવું માનવા લાગ્યા છે કે બંને વચ્ચેની મિત્રતા ઘણી ગાઢ છે. તાજેતરમાં માહવાશ તેની હોટેલ પહોંચી અને તેનો વીડિયો વાયરલ થયો.આરજે માહવાશ અને ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલના લિંકઅપની વાર્તાઓ ઘણા સમયથી ગોસિપ કોરિડોરમાં ગુંજતી રહી છે. તે ઘણીવાર ક્રિકેટના મેદાન પર રમતા ચહલને ચીયર કરતી જોવા મળે છે. હવે માહવાશનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આમાં, તે યુઝવેન્દ્ર ચહલને મળવા માટે તેની હોટેલ પહોંચી છે. મહવશે પોતાનો ચહેરો છુપાવ્યો છે અને કેમેરા જોતાં જ તે ઝડપથી ચાલવા લાગે છે. જોકે, લોકોએ તેને ઓળખી લીધી. આ વીડિયોમાં, મહવશે પીળો હૂડી અને કાળો શોર્ટ્સ પહેર્યો છે. મહવશે માસ્ક પણ પહેર્યો છે. કેમેરા જોતાં જ તે ઝડપથી ચાલતી જોવા મળે છે. મહવશે ખાતરી કરવાનો ઘણો પ્રયાસ કર્યો કે લોકો તેને ઓળખી ન જાય, જોકે લોકોએ તેને ઓળખી લીધી. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે કે, યુઝવેન્દ્ર ચહલની કથિત ગર્લફ્રેન્ડ આરજે મહવેશ તેને મળવા આવી હતી. કોમેન્ટ સેક્શનમાં પણ લોકો લખી રહ્યા છે કે તેની ચાલ પરથી સ્પષ્ટ થાય છે કે તે મહવેશ છે. કેટલાક લોકો વીડિયો સામે પણ વાંધો ઉઠાવી રહ્યા છે કે કેમેરામેન તેમના ખાનગી જીવનમાં દખલ ન કરે.

### ક્રિતિ સેનને ફરહાન અખ્તરની ઓફિસની મુલાકાત લીધા પછી ચર્ચાઓ શરૂ થઈ

## રણવીર સિંઘની 'ડોન ૩'માં કિઆરાને રીપ્લેસ કરશે ક્રિતિ સેનન



ક્રિતિ સેનનના કારણે નવી ચર્ચા શરૂ થઈ છે. આ ચર્ચા એવી છે કે ફરહાન અખ્તરની 'ડોન ૩'માં ક્રિતિ જોવા મળશે. કેટલાક ઓનલાઈન પાપરાઝી દ્વારા એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. જેમાં ક્રિતિની કાર ઓફિસમાં પ્રવેશ કરતી દેખાય છે. જેમાં ક્રિતિ બ્લૅક એન્ડ વ્હાઈટ કેઝ્યુઅલ ડ્રેસમાં વાળ અડધા ઉંચા બાંધીને દેખાતી હતી. તેના આ લૂક અને આ મુલાકાતથી હવે ચર્ચાઓ અને અફવાઓ શરૂ થઈ છે કે રણવીર સિંહ સાથે 'ડોન ૩'માં ક્રિતિ જોવા મળશે.હવે શાહરુખના બદલે રણવીર સિંહ ડોનની સ્ટોરી આગળ વધારશે, તે વાત તો જાહેર છે, જેમાં પહેલાં આપણે અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાનને જોઈ ચૂક્યા છીએ. એવા પણ અહેવાલો હતા કે આ ફિલ્મમાં વિક્રાંત મેસ્સી વિલનના રોલમાં જોવા મળશે. પ્રેગનન્સીના કારણે કિઆરા અડવાણીએ જ્યારે 'ડોન ૩' છોડી ત્યારે ઘણા લોકોને એ જાણવાની ઉત્સુકતા હતી કે હવે આ રોલ કોણ કરશે. છેલ્લે ક્રિતિ સેનનની 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા' અને 'ક્રૂ' ખુબ વખણાઈ હતી. આ સાથે તેણે પોતાનું પ્રોડક્શન હાઉસ પણ શરૂ કર્યું, તેની પહેલી ફિલ્મ 'દો પત્તી'માં પણ ક્રિતિ પહેલી વખત ડબલ રોલમાં જોવા મળી અને તેના અભિનયના વખાણ પણ થયા. તેમાં તેની સાથે કાજોલ પણ હતી. હાલ ક્રિતિ ધનુષ સાથે આનંદ એલ રાયની 'તેરે ઈશ્ક મેં'માં વ્યસ્ત છે.જો ડોનની વાતો તાજી કરવામાં આવે તો પહેલી ફિલ્મ સલીમ જાવેદ દ્વારા લખી હતી, તે ચંદ્ર બારોટ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી હતી. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન લીડ રોલમાં હતા. પછીથી ફરહાન અખ્તરે આ ફિલ્મનો બીજો ભાગ બનાવ્યો, જેમાં શાહરુખ ખાન, પ્રિયંકા ચોપરા અને બોમન ઈરાની લીડ રોલમાં હતા. હવે ફરહાને રણવીર સિંહ સાથે 'ડોન ૩'ની જાહેરાત કરી છે. થોડા વખત પહેલાં ફરહાને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું, ''રણવીર તોફાની છે, અનર્જીથી ભરપુર છે, આ રોલ માટે એ જરુરી છે, એ લક્ષણો એનામાં છે. મને લાગે છે કે તેના અભિનયના આ પાસાની વાત કરીએ તો, એ હજુ કોઈએ બતાવ્યું નથી. ડોન તેની પાસેથી ઘણા અલગ પર્ફોર્મન્સની આશા રાખે છે. તમે તેને અલગ અવતારમાં જોશો.''

## મોટા ભાગના ઈમાનદાર ફિલ્મ મેકર્સને ૮ કલાક કામ કરવામાં વાંધો નથી હોતો

### કાજોલ-અજયની ફિલ્મ 'મા'નું ટ્રેલર શુક્રવારે મુંબઈના એક મલ્ટિપ્લેક્સમાં લોંચ કરવામાં આવ્યું હતું

કાજોલ અને અજય દેવગનની ફિલ્મ 'મા'નું ટ્રેલર શુક્રવારે મુંબઈના એક મલ્ટિપ્લેક્સમાં લોંચ કરવામાં આવ્યું હતું. તેમાં કાજોલ અને અજય દેવગન સાથે ફિલ્મના પ્રોડ્યુસર કુમાર મંગત પાઠક, ડિરેક્ટર વિશાલ ફુરિયા તેમજ ફિલ્મના ક્રિએટિવ પ્રોડ્યુસર વિશાલ દાનિશ દેવગન પણ જોડાયા હતા. તેમની સાથે આર.માધવન સરપ્રાઈઝ ગેસ્ટ તરીકે હાજર રહ્યા હતા. ત્યારે અજય દેવગન અને કાજોલને તાજેતરના દીપિકા પાદુકોણ અને સંદીપ રેડ્ડી વાંગા વચ્ચેના વિવાદ અંગે સવાલ પૂછાયા હતા. સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ' દીપિકાએ છોડી દીધી છે. જોકે, દીપિકાએ આની પાછળ તે એક માતા છે અને તે માત્ર ૮ કલાકની શિફ્ટમાં જ કામ કરી શકે છે, એવું કારણ આપ્યું છે. અહેવાલો અનુસાર વાંગા આ શરતો માટે રાજી નહોતા. આ અંગે પુછાયેલા સવાલના જવાબમાં કાજોલે કહ્યું,''મને તો જો ઓછા કલાકમાં કામ થઈ જતું હોય તો મજા આવશે.'' પરંતુ કાજોલ વધુ કશુ બોલી શકે એ પહેલાં અજયે તેની પાસેથી માઈક લઈ લીધું અને કહ્યું, ''દખલગિરી માટે માફી માગું છું, પરંતુ એવું નથી કે કોઈને આ નિશ્ચિત કલાક કામ કરવાની વાત ગમતી નથી. લોકો સમજે છે.''અજય દેવગને આગળ કહ્યું,''મોટા ભાગના ઈમાનદાર ફિલ્મ મેકર્સને આ વાતથી



કોઈ જ વાંધો નથી હોતો. માત્ર એક માતા હોવા અને ૮ કલાક માટે કામ કરવા ઉપરાંત હવે ઘણા લોકોએ આઠ કલાકની શિફ્ટમાં કામ કરવાનું શરૂ કરી દીધું છે. તો આ તો વ્યક્તિ સાથે વ્યક્તિના સંબંધની વાત છે, ઈન્ડસ્ટ્રીમાં લોકો આ વાત સમજે છે.''કાજોલની આ ફિલ્મમાં એક માતા-પુત્રીના સંબંધની વાત છે. તેમાં કાજોલની ઓન સ્ક્રીન દિકરી ખેરીન શર્માનો કાજોલ સાથેનો સંબંધ પણ ખરેખર લાગણીથી જોડાઈ ગયો છે. આ અંગે ખેરીને કહ્યું,''હું આ ફિલ્મ માટે નર્વસ છું એટલી જ ઉત્સાહિત છું.'' કાજોલે તરત તેના જવાબમાં કહ્યું,''જૂઠું ન બોલીશ.''ત્યારે ખેરીને આગ્રહપૂર્વક કહ્યું કે તે ખોટું નથી બોલતી અને આગળ કાજોલે કહ્યું,''તમને બધાને કહી દઉં કે એ જરાય નર્વસ નથી.''

## રણબીરની રામાયણમાં મોહિત રૈનાની એન્ટ્રી

બોલિવૂડ અભિનેતા રણબીર કપૂરના ચાહકો તેમની ફિલ્મ રામાયણની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં બોલિવૂડના ઘણા મોટા સ્ટાર્સ જોવા મળશે. હવે સોશિયલ મીડિયા પર એક સમાચાર વાયરલ થઈ રહ્યા છે કે ટીવી એક્ટર મોહિત રૈના પણ આ ફિલ્મમાં જોવા મળી શકે છે. મોહિત રૈના ટીવી પર પ્રસારિત થતી 'દેવોં કે દેવ મહાદેવ'માં ભગવાન શિવની ભૂમિકા ભજવતા હતા. એવા સમાચાર છે કે મોહિત રૈના ફિલ્મમાં પણ ભગવાન શિવની ભૂમિકા ભજવી શકે છે.એક અહેવાલ મુજબ, સોશિયલ મીડિયા પર એક સમાચાર વાયરલ થઈ રહ્યા છે જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે નિતેશ તિવારીની રામાયણ માટે ટીવી અભિનેતા મોહિત રૈના સાથે વાતચીત ચાલી રહી છે. મોહિત રૈના ફિલ્મમાં ભગવાન શિવની ભૂમિકા ભજવી શકે છે. જોકે, આ



વાયરલ સમાચાર અંગે કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.નિતેશ તિવારીની રામાયણ વિશે વાત કરીએ તો, રણબીર કપૂર આ ફિલ્મમાં ભગવાન રામની ભૂમિકા ભજવશે, દક્ષિણ અભિનેતા યશ રાવણની ભૂમિકા ભજવશે. ટીવી અભિનેતા રવિ દુબે ભગવાન લક્ષ્મણની ભૂમિકામાં જોવા મળશે. બોલિવૂડ અભિનેતા રણબીર કપૂરના ચાહકો તેમની ફિલ્મ રામાયણની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે આ ફિલ્મમાં સાઈ પલ્લવી માતા સીતાની ભૂમિકા ભજવશે. અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, કાજલ અગ્રવાલ ફિલ્મમાં રાવણની પત્ની મંદોદરીની ભૂમિકામાં જોવા મળી શકે છે. મોહિત રૈના વિશે વાત કરીએ તો, તે મહાદેવની ભૂમિકા ભજવીને દરેક ઘરમાં પ્રખ્યાત બન્યો. આ ઉપરાંત, મોહિત રૈના ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈકમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળ્યો હતો.

### આ પુરસ્કાર ૧૪ જૂને અપાશે

## ફિલ્મ'પુષ્પા ૨' અલ્લુ અર્જુનનું માટે ગદર એવોર્ડથી સન્માન થશે




અલ્લુ અર્જુનને ફિલ્મ 'પુષ્પા ૨' માં તેના અભિનય માટે ખૂબ પ્રશંસા મળી હતી. હવે તેલંગાણા સરકારે 'ગદર તેલંગાણા ફિલ્મ એવોર્ડ્સ ૨૦૨૪' ની જાહેરાત કરી. આ કાર્યક્રમનો હેતુ તેલુગુ ફિલ્મ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે. 'કલ્કી ૨૮૯૮ એડી' ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો એવોર્ડ આપવામાં આવ્યો હતો, જ્યારે અલ્લુ અર્જુનને 'પુષ્પા-૨' માં તેના કામ માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. અને આ સન્માન ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન ભાગદોડ અને તેમાં એક મહિલાના મૃત્યુ માટે ધરપકડ થયાના ઘણા મહિનાઓ પછી અભિનેતાને મળ્યું છે.તેલંગાણા ફિલ્મ વિકાસ નિગમના અધ્યક્ષ દિલ રાજુ અને પીઢ અભિનેત્રી જયસુધાએ મસાબટાંકના સમાચાર ભવનમાં એક પ્રેસ કોન્ફરન્સમાં 'ગદર તેલંગાણા ફિલ્મ એવોર્ડ્સ ૨૦૨૪' ની જાહેરાત કરી. જયસુધાએ દિલ રાજુ સાથે મળીને ૧૫ સભ્યોની જ્યુરી સમિતિની અધ્યક્ષતા કરી હતી જેણે વિજેતાઓની પસંદગી કરી હતી.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ શેર કરતા, અલ્લુ અર્જુને કેપ્શનમાં લખ્યું, 'ગદર તેલંગાણા ફિલ્મ એવોર્ડ્સ ૨૦૨૪ માં પુષ્પા ૨ માટે પ્રથમ શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર પ્રાપ્ત કરીને હું ખરેખર સન્માનિત છું. આ પ્રતિષ્ઠિત સન્માન માટે તેલંગાણા સરકારનો આભાર. હું આ પુરસ્કાર મારા બધા ચાહકોને સમર્પિત કરું છું, તમારો અવિરત ટેકો મને પ્રેરણા આપે છે.'તેલંગાણાની રચના પછી આ પ્રથમ સત્તાવાર રાજ્ય સ્તરનો ફિલ્મ પુરસ્કાર છે. છેલ્લે આ એવોર્ડ સમારોહનું આયોજન વર્ષ ૨૦૧૧ માં કરવામાં આવ્યું હતું. જયસુધાએ જણાવ્યું હતું કે જ્યુરીને ૧૧ શ્રેણીઓમાં પુરસ્કારો માટે ૧,૨૪૮ નામાંકન મળ્યા હતા. હવે ૧૪ જૂને દરેકને પુરસ્કારો આપવામાં આવશે. મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ ગયા વર્ષે જાહેરાત કરી હતી કે તેલુગુ સિનેમાને પ્રોત્સાહન આપવા માટે નંદી પુરસ્કારનું ફરીથી આયોજન કરવામાં આવશે અને તેનું નામ બદલીને ક્રાંતિકારી કવિ અને ગીતકાર ગુમ્માડી વિઠ્ઠલ રાવ ઉર્ફે ગદાર રાખવામાં આવશે, જેમનું ૨૦૨૩ માં અવસાન થયું હતું.

## અભિષેક બચ્ચને ૨૦૨૫ના સ્ટ્રિમિંગ અને ડિજિટલ પાવર લિસ્ટમાં ટોચનું સ્થાન મેળવ્યું

### ફિલ્મ 'હાઉસફુલ ૫' | સ્ટ્રિમિંગ-ડિજિટલ પાવર લિસ્ટમાં ૧૦૦ સેલેબ્રિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે

અભિષેક બચ્ચન ઈન્ડિયન સ્ટ્રિમિંગ એકેડેમીએ જાહેર કરેલા ૨૦૨૫ના ટોપ ૧૦૦ સ્ટ્રિમિંગ અને ડિજીટલ પાવર લિસ્ટમાં ટોચ પર રહ્યો છે. આ ભારતમાં ઓટીટી અને ડિજિટલ કન્ટેન્ટની દુનિયામાં સૌથી અસરકારક અવાજને ઉજવવા માટેની એક યાદી છે. આ યાદીમા ટોપ પર રહીને અભિષેક બચ્ચને ફરી એક વાર સાબિત કર્યુ છે કે તે સૌથી વૈવિધ્યસભર અને સાતત્યપુર્ણ નામ છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં તેણે સ્ટ્રિમિંગ પ્લેટફર્મ સાથે મોટા પડદા પર પણ ઘણા યાદગાર પર્ફોર્મન્સ આપ્યા છે, જેમાં 'યુવા', 'લુડો', 'બોબ બિશ્વાસ', 'ઘૂમર' અને 'મનમર્ઝિયાં' સહિતની ફિલ્મનો સમાવેશ થાય છે. અભિષેકની 'દસવી'નેટફ્લિક્સ પર પહેલા નંબરે ટ્રેન્ડિંગ રહી હતી. પછી એમેઝોન પ્રાઈમ વીડિયો પર પણ તેની 'બી હેપ્પી' અને 'આઈ વોન્ટ ટુ ટોક'ને પણ વિવેચકોએ ઘણી વખાણી અને તેના કારણે તેને એવોર્ડ્ઝ પણ મળ્યા છે.આ સફર આટલે અટકતી નથી, તેની ફિલ્મ 'હાઉસફુલ ૫' રિલીઝ થવાની તૈયારીમાં છે, આમ અભિષેકની સફર તેજ ગતિએ ચાલી રહી છે. તે મજબુત પર્ફોર્મન્સની સાથે દરેક રિલીઝ સાથે સ્ટ્રિમિંગમાં નવા અને મજબુત વિકલ્પો પણ ઉપલબ્ધ કરે છે.અભિષેક બચ્ચન સાથે આ યાદીમાં તેના પછી અદિતિ રાવ



હૈદરી, આદિત્ય રોય કપુર પણ છે. સાથે જ યુટ્યુબ આઈકોન અજેય નાગર ઉર્ફે કેરી મિનાતિ પણ ચોથા ક્રમે છે. જોકે, તે એક ટોપ પર રહેલો નોન એક્ટર સેલેબ્રિટી છે.આ જાહેરાત કરતા સ્ટ્રિમિંગ એકેડમીના ફાઉન્ડર વિષ્ણુ ઈંદુરીએ કહ્યું,''ભારતમાં ડિજિટલ ક્ષેત્રમાં વાર્તાઓનો વ્યાપ ઘણો ઉત્સાજનક તબક્કામા છે, જેમાં દેશના દરેક ખુણેથી સર્જકો આવી રહ્યા છે અને દુનિયાભરની કથાઓ લોકો સુધી પહોંચાડી રહ્યા છે. પાવર લિસ્ટ એ મનોરંજનના ભવિષ્યને આકાર આપતા આપણા દેશના લોકોના વિચારોની ઉજવણી છે. આ માત્ર કન્ટેન્ટની વાત નથી, તેમાં આપણી સંસ્કૃતિ પણ પ્રતિબિંબિત થાય છે અને આ લિસ્ટ એવા લોકોનું સન્માન કરે છે, જેઓ નવા નિયમો લખી રહ્યા છે.''આ એવોર્ડનો એક સમારોહ ૫ જુલાઈએ મુંબઈના જિઓ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે.

## સિદ્ધાર્થ જાહ્નવી સાથે પ્રણય ફાગ ખેલશે

### દર્શકોને અત્યાર સુધી બોલિવૂડમાં ઉત્તર-દક્ષિણ પ્રેમકથાનો ટ્વિસ્ટ ગમ્યો છે

'મેડોક ફિલ્મ્સ' આ વર્ષે ફિલ્મ પ્રેમીઓ માટે ઉત્તર અને દક્ષિણની પ્રેમકથા લઈને આવી રહી છે. તેમની નવી ફિલ્મ 'પરમ સુંદરી'નો ફર્સ્ટ લૂક ટીઝર રિલીઝ થઈ ગયો છે જેમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂર જોવા મળી રહ્યા છે.સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'પરમ સુંદરી'ની ચર્ચા ઘણા સમયથી થઈ રહી હતી. થોડા મહિના પહેલા, ફિલ્મનું પોસ્ટર રિલીઝ થયું હતું જેમાં બંને મુખ્ય કલાકારોના પાત્રો દર્શાવવામાં આવ્યા હતા. સિદ્ધાર્થ ઉત્તર ભારતના પરમનો રોલ ભજવી રહ્યો છે, જ્યારે જાહ્નવી દક્ષિણ ભારતની સુંદરીનો રોલ ભજવી રહી છે. હવે ફિલ્મનો ફર્સ્ટ લૂક ટીઝર પણ રિલીઝ થઈ ગયો છે જેના પરથી વાર્તાનો અંદાજ લગાવી શકાય છે.મેડોક ફિલ્મ્સે તેની નવી ફિલ્મ 'પરમ સુંદરી' નું ટીઝર રિલીઝ કર્યુ છે, જેમાં તેઓ સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂરની પ્રેમકથાની ઝલક આપે છે. ટીઝરની શરૂઆતમાં, આપણને સિદ્ધાર્થના પાત્ર પરમનો પરિચય મળે છે, જે ઉત્તરના ગુરુગ્રામ શહેરમાં કામ કરે છે. તે એક લાક્ષણિક દેખાવ ધરાવતો હીરો છે જે દક્ષિણની સુંદરતા, જાહ્નવી સાથે પ્રેમમાં પડે છે. બંનેની પ્રેમકથા સારી રીતે આગળ વધતી રહે છે.પરંતુ આ દરમિયાન, તેમની પ્રેમકથામાં એક વળાંક આવે છે, જેના પછી મામલો થોડો વધુ ખરાબ થાય છે. ગામના કેટલાક લોકો સિદ્ધાર્થ એટલે કે પરમનો છરીઓ લઈને પીછો કરવાનું શરૂ કરે છે, જેમાંથી તે ભાગતો જોવા મળે છે. તે જાહ્નવીને દુઃખી થઈને તેના ઘરેથી ચાલ્યો જાય છે. હવે તેમની પ્રેમકથા પૂર્ણ થશે કે નહીં, તે ફિલ્મ જોયા પછી જ ખબર



સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'પરમ સુંદરી'ની ચર્ચા ઘણા સમયથી થઈ રહી હતી

પડશે. તેમની ફિલ્મ ૨૫ જુલાઈના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મનું દિગ્દર્શન તુષાર જલોટા દ્વારા કરવામાં આવ્યું છે અને નિર્માણ દિનેશ વિજન દ્વારા કરવામાં આવ્યું છે.સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂરની 'પરમ સુંદરી' ઉત્તર-દક્ષિણ પ્રેમકથા દર્શાવે છે. આ પહેલા બોલિવૂડમાં આના પર બે ફિલ્મો બની છે. ૨૦૧૩માં શાહરુખ-દીપિકાની 'ચેન્નઈ એક્સપ્રેસ' અને અર્જુન કપૂર-આલિયા ભટ્ટની '૨ સ્ટેટ્સ'માં ઉત્તર-દક્ષિણ પ્રેમકથાનો ટ્વિસ્ટ હતો. રસપ્રદ વાત એ હતી કે આ બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. દર્શકોને અત્યાર સુધી બોલિવૂડમાં ઉત્તર-દક્ષિણ પ્રેમકથાનો ટ્વિસ્ટ ગમ્યો છે.

## પૈસા ખર્ચીને પણ કેમિકલથી પકાવેલી કેરી નથી લઇ આવતા ને?

**જાણો સાચી કેરી ઓળખવાનો દેશી જુગાડ; કાપ્યા વગર ખબર પડી જશે!**



ઉનાળામાં કેરી ખાવાનો એક અલગ જ આનંદ હોય છે પરંતુ આજકાલ બજારમાં રાસાયણિક રીતે પાકેલી કેરીઓની વધતી જતી સંખ્યા ચિંતાનો વિષય બની ગઈ છે. જે સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો ઉભો કરી શકે છે. આવી સ્થિતિમાં, અમે તમને સાચી કેરી ઓળખવાની એક સરળ રીત જણાવી રહ્યા છીએ. જેના માટે તમારે કેરી કાપવાની પણ જરૂર પડશે નહીં.

કેરી જેને 'ફળોનો રાજા' કહેવામાં આવે છે, જે ઉનાળાની સૌથી પ્રિય વસ્તુઓમાંની એક છે. લોકો કેરી ખાવા માટે થઈને આખું વર્ષ રાહ જોતા હોય છે. મોટાથી લઈને નાના સૌ કોઈને કેરી ભાવતી હોય છે. આ કેરીની મીઠાશ અને રસદાર સ્વાદ દરેકને આકર્ષે છે. પરંતુ આજકાલ બજારમાં વધતા મિલાવટ અને રસાયણિક રીતે પકાવેલી કેરીને કારણે લોકો કઈ કેરી ખરીદવી અને કઈ નહીં તે સમજતા નથી.

ઘણાં લોકો અસલી અને કુદરતી રીતે પકાવેલી કેરીની ઓળખ કરતી વખતે ગૂંચવણમાં પડી જાય છે. હકીકતમાં કેલ્શિયમ કાર્બાઈડ જેવા કેમિકલથી પકાવેલી કેરી આરોગ્ય માટે હાનિકારક હોય છે. તેથી કુદરતી રીતે પકાવેલી કેરીની ઓળખ કરવા માટે એક સરળ રીત અમે તમને જણાવીએ છીએ. જે કાપ્યા વિના અસલી કેરી ખરીદવામાં મદદરૂપ થશે.

શું છે પાણી વાળી રીત?- પકાવેલી કેરીને ઓળખવા માટે પાણીમાં ડૂબાડવાની રીત ખૂબ જ સરળ છે. આ રીત મુખ્યત્વે તે કેરીની ઓળખ કરવામાં મદદ કરે છે જેને કેલ્શિયમ કાર્બાઈડ જેવા રસાયણોથી પકાવેલી હોય છે. આ માટે તમારે એક બાલ્ટી અથવા ઊંડા વાસણમાં પાણી ભરો. હવે કેરીને ધીમે ધીમે પાણીમાં નાખતા જાવ.

ઝેરી આમની ઓળખ કેવી રીતે કરવી?- જો કેરી પાણીમાં ડૂબી જાય, તો તેનો અર્થ છે કે તે કુદરતી રીતે પકાવેલી છે. કારણ કે આ કેરીની ડેન્સિટી પાણીથી વધુ હોય છે, તેથી તે ડૂબી જાય છે. જ્યારે કેરી પાણીમાં તરતી રહે તો તે કેલ્શિયમ કાર્બાઈડ જેવા કેમિકલથી પકાવેલી હોઈ શકે છે. આ પ્રકારની કેરી હળવી હોય છે, તેથી પાણીમાં તરતી રહે છે.

રસાયણથી પકાવેલી કેરી કેમ હળવી હોય છે?- હકીકતમાં કેલ્શિયમ કાર્બાઈડ જેવા કેમિકલ કેરીને ઝડપથી પકાવવા માટે વપરાય છે. આ કેમિકલ રસાયણ કેરીની અંદરની કુદરતી રીતે પકવવાની પ્રક્રિયાને અસર કરે છે, જેના કારણે કેરી અંદરથી સંપૂર્ણ રીતે પાકતી નથી અને તેની ડેન્સિટી ઓછી થઈ જાય છે.

આ બાબતોનું પણ ધ્યાન રાખો- કેમિકલ વાળી કેરીની ઓળખ કરવા માટે તમે રંગ પર પણ ધ્યાન આપો. તે ખૂબ જ ચમકદાર અને નારંગી રંગના હોય છે, જ્યારે કુદરતી રીતે પકાવેલા આમનો રંગ એકસરખો ન હોય અને તેના પર લીલા ડાઘ પણ હોઈ શકે છે. કેમિકલથી પકાવેલી કેરી કેટલીક જગ્યાએ કઠણ અને કેટલીક જગ્યાએ નરમ લાગે છે, જ્યારે કુદરતી રીતે પકાવેલી કેરી સંપૂર્ણપણે નરમ લાગે છે.

પકાવેલી કેરી- કુદરતી રીતે પકાવેલી કેરીમાં મીઠી અને ફળોની જેમ તીવ્ર સુગંધ આવે છે, જ્યારે કેમિકલ વાળી કેરીમાં અજીબ અથવા હળવી ગંધ હોઈ શકે છે. કેરીમાં કોઈપણ પ્રકારનું છિદ્ર હોય અથવા ક્યાંકથી ફાટેલું કે કાપેલી હોય તો બિલકુલ ન ખરીદો, તેમાં કીડા હોઈ શકે છે, જે ઘણીવાર દશેરી કેરીમાં જોવા મળે છે.

# ગરમીમાં સ્કિન ઓઈલી જ રહે છે? દૂધમાં આ એક વસ્તુ નાખીને બનાવો ફેસ માસ્ક

**દૂધ અનેક ગુણોથી ભરપૂર છે અને તેના ઉપયોગથી ત્વચા સંબંધિત સમસ્યાઓ પણ ઓછી થાય છે, ઉપરાંત, તેના ફેસ માસ્કનો ઉપયોગ ચહેરા પર ચમક લાવી શકે છે**

ગ્લો આવશે અને ડાઘ પણ થશે ગાયબ, દૂધ અનેક ગુણોથી ભરપૂર છે અને તેના ઉપયોગથી ત્વચા સંબંધિત સમસ્યાઓ પણ ઓછી થાય છે. ઉપરાંત, તેના ફેસ માસ્કનો ઉપયોગ ચહેરા પર ચમક લાવી શકે છે. દરેક મહિલાને એવું હોય છે કે, તેમની સ્કીન ખૂબ જ સરસ અને ગ્લો વાળી રહે. આ માટે જ મહિલાઓ ચહેરા પર ગ્લો લાવવા માટે ઘણી મોંઘી ક્રીમનો ઉપયોગ કરે છે અને પાર્લર જઈને ફેશિયલ પણ કરાવે છે. પરંતુ, પાર્લર જઈને ફેશિયલ અને પ્રોડક્ટ્સનો ઉપયોગ બંધ કર્યા પછી સ્કિનનો ગ્લો ગાયબ થઈ જાય છે. આ સાથે જ આ ટ્રીટમેન્ટ એટલી મોંઘી પડતી હોય છે કે, દર વખતે પાર્લરમાં જવું એ બજેટને હલવાઈ દેતું હોય છે. જો તમે ખર્ચ કર્યા વિના ચહેરા પર ગ્લો લાવવા માંગો છો અને સ્કિનની સમસ્યાઓને ઓછી કરવા માંગો છો, તો તમે દૂધનો ઉપયોગ કરી શકો છો. આ આર્ટિકલમાં અમે તમને દૂધના ફેસ માસ્ક વિશે જણાવી રહ્યા છીએ, જેના ઉપયોગથી મિનિટોમાં ચહેરા પર ચમક આવી શકે છે. ચાલો જાણીએ તે કઈ રીતે બનાવવું. દૂધ ચહેરા માટે ફાયદાકારક છે અને તેમાં ઘણા ગુણ છે. દૂધનો ઉપયોગ કરવાથી સ્કિનની સમસ્યાઓ ઓછી થાય છે અને સ્કિન પર ગ્લો પણ આવે છે. દૂધ અનેક ગુણોથી ભરપૂર છે અને તેના ઉપયોગથી ત્વચા સંબંધિત સમસ્યાઓ પણ ઓછી થાય છે, દૂધમાં લેક્ટિક એસિડ હોય છે, જે સ્કિનની ડેડ સ્કિનને સાફ કરવામાં મદદ કરે છે. દૂધનો ઉપયોગ મેકઅપને સરળતાથી દૂર કરવા માટે પણ થાય છે. એક વીકમાં ૨ દિવસ દૂધથી ચહેરો સાફ કરવાથી સ્કિન પર ગ્લો આવે છે. દૂધના ફેસ માસ્કનો ઉપયોગ કરવાથી સ્કિન પણ નીખાર આવે છે. દૂધ સ્કિન ટોનને સમાન બનાવે છે અને સ્કિનને હાઈડ્રેટ પણ કરે છે. મિલ્ક ફેસ માસ્ક બનાવવા માટે સામગ્રીઃ ૨ મોટા ચમચા કાચું દૂધ, ૧ ચમચા બેસન, ૧/૪ ચમચા હળદર, ૧ ચમચા મધ, મિલ્ક ફેસ માસ્ક બનાવવાની રીતઃ એક બાઉલમાં ઉપર જણાવેલી તમામ સામગ્રીને સારી રીતે મિક્સ કરો. આ તમામ વસ્તુઓને



મિક્સ કરીને પાતળું પેસ્ટ બનાવો. પછી ચહેરાને સાફ કરો અને પેસ્ટને ચહેરા પર લગાવો. ૧૦ મિનિટ પછી મસાજ કરતા ચહેરાને સાફ કરો. પછી ચહેરાને સારી રીતે મોઈશ્ચરાઈઝ કરો. આ ઉપાયને તમે વીકમાં બે વાર કરી શકો છો. ગરમીમાં ઓઈલી ત્વચાની સમસ્યા અને દૂધથી નિરાકરણ, ગરમીના દિવસોમાં ત્વચા વધુ ઓઈલી બની જાય છે. આ સમયે ચહેરા પર ધૂળ, ઘામ અને ઓઈલ એકઠું થઈ જાય છે, જેને કારણે પિંપલ્સ, એક્ને અને ડાઘ જેવી ત્વચાની સમસ્યાઓ વધી શકે છે. મોંઘી બ્યુટી પ્રોડક્ટ્સના બદલે કુદરતી ઉપાયો વધુ સારો વિકલ્પ બની શકે છે - જેમાં દૂધ સૌથી અસરકારક ઘરગથ્થું ઉપાય છે. દૂધથી ફાયદા - ત્વચા માટે શા માટે છે ઉત્તમ? લેક્ટિક એસિડનું સ્ત્રોતઃ દૂધમાં રહેલું લેક્ટિક એસિડ ત્વચાના મૃત કોષોને હટાવે છે અને સ્કિનને નવો ચમક આપે છે, હાઈડ્રેશનઃ દૂધ ત્વચાને અંદરથી હાઈડ્રેટ કરે છે, જે ગરમીમાં સ્કિનના ડ્રાય પેચ અને ખંજવાળમાંથી રાહત આપે છે. ટાન દૂર કરેઃ દૂધ નિયમિત લગાડવાથી સનટાનની સમસ્યા ઓછી થાય છે અને સ્કિન ટોન ન્યાયસંગત બને છે. એન્ટિ-એજિંગ ગુણધર્મોઃ દૂધમાં રહેલા પ્રોટીન અને વિટામિન્સ સ્કિનને યુવા અને તાજગીભરી રાખે છે. દૂધ ફેસ માસ્કના અન્ય વિકલ્પોઃ ૧. દૂધ અને પાપઈાનો ફેસ માસ્ક (ટેન અને પિમ્પલ્સ માટે)ઃ ૨ ચમચી દૂધ, ૨ ટુકડા, ૧ ચપટી હળદર, મસળી દૂધ અને હળદર સાથે મિક્સ કરો અને ચહેરા પર લગાવો. ૧૦-૧૫ મિનિટ પછી ધોઈ નાંખો. દૂધ અનેક ગુણોથી ભરપૂર છે અને તેના ઉપયોગથી ત્વચા સંબંધિત સમસ્યાઓ પણ ઓછી થાય છે, ઉપરાંત, તેના ફેસ માસ્કનો ઉપયોગ ચહેરા પર ચમક લાવી શકે છે, દૂધ અને ઓટમિલ ફેસ માસ્ક (ડેડ સ્કિન માટે)ઃ ૧ ચમચી ઓટમિલ પાઉડર, ૨ ચમચી કાચું દૂધ, મિક્સ કરી પેસ્ટ બનાવો અને સ્કિન પર લગાવી હળવેથી સ્ક્રબ કરો. પછી ઠંડા પાણીથી ધોઈ લો. દૂધ અને લીંબુનો માસ્ક (ઓઈલી સ્કિન માટે)ઃ ૨ ચમચી દૂધ, ૧/૨ ચમચી લીંબુનો રસ. બંનેને મિક્સ કરી ચહેરા પર લગાવો. લીંબુ ઓઈલ કન્ટ્રોલ કરે છે અને દૂધ સ્કિનને હાઈડ્રેટ કરે છે. ટિપ્સઃ દૂધ ફેસ માસ્ક લગાવતી વખતે ધ્યાનમાં રાખવાનુંઃ હંમેશા કાચું દૂધ વાપરો, પાવડર કે ઉકળેલું નહી. માસ્ક લગાવ્યા પછી સનસ્કીન લગાવવી ભૂલશો નહીં, કારણ કે લેક્ટિક એસિડ સ્કિનને સનસિટિવ બનાવી શકે છે. માસ્ક વાપરતાં પહેલાં પેચ ટેસ્ટ જરૂર કરો, ખાસ કરીને સેન્સિટિવ સ્કિન હોય તો. સારા પરિણામ માટે ને સતત ઉપયોગ કરો - સપ્તાહમાં ૨ વખત. આ રીતે, ઘરમાં ઉપલબ્ધ દૂધ અને સરળ ઘટકોના ઉપયોગથી તમે ચમકદાર અને સ્વસ્થ ત્વચા મેળવી શકો છો - તે પણ કોઈ વધારાની કીંમત ચૂકવ્યા વગર.

# શું સવારે ખાલી પેટે કેળું ખાવું જોઈએ? શું તેનાથી શરીરને નુકસાન?

**ખેલાડીઓ કેળા ખાવાનું કારણ તેની તાત્કાલિક ઉર્જા અને પોષણ છે, જોકે, ખાલી પેટે કેળું ખાવાથી બ્લડ સુગર વધી શકે છે**

કુસ્તીબાજ પહેલવાન હોય કે એથલીટ્સ, તમે ઘણીવાર ખેલાડીઓને કેળા ખાતા જોયા હશે. આ પાછળનું કારણ આ ફળ દ્વારા મળતી તાત્કાલિક ઉર્જા અને પોષણ છે. કેળા એક તરફ ઈન્સ્ટન્ટ એનર્જીનો ખજાનો છે, તો બીજી તરફ તેને પોટેશિયમ અને મેગ્નેશિયમનો ખજાનો પણ માનવામાં આવે છે. ઈન્સ્ટન્ટ એનર્જીને કારણે, લોકો ઘણીવાર સવારે વહેલા ઉઠીને જીમમાં જતા પહેલા અથવા કોઈપણ કસરત કરતા પહેલા કેળું ખાય છે. પણ શું સવારે ખાલી પેટે કેળું ખાવું જોઈએ? શું આ સ્વાસ્થ્ય માટે યોગ્ય નિર્ણય છે? ચાલો આ સમજીએ. કેળા એક એવું ફળ છે જે દરેક ઋતુમાં બજારમાં જોવા મળે છે. તેની ઉપલબ્ધતા જેટલી સરળ છે, તેના ફાયદા પણ એટલા જ છે. ત્વરિત ઉર્જા અને કુદરતી ખાંડનો ઉત્તમ સ્ત્રોત હોવા ઉપરાંત, કેળું પાચન માટે પણ ખૂબ સારું છે. કેળા બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે અને જો યોગ્ય રીતે ખાવામાં આવે તો તે વજન નિયંત્રણમાં પણ ફાયદાકારક સાબિત થાય છે. તેમાં જોવા મળતું પોટેશિયમ અને મેગ્નેશિયમ હાડકાં અને સ્નાયુઓને મજબૂત બનાવે છે. ખાલી પેટે કેળું ખાવાના ગેરફાયદા જોકે, ખાલી પેટે કેળું ખાવાનું સામાન્ય રીતે હાનિકારક માનવામાં આવતું નથી. પરંતુ કેટલીક પરિસ્થિતિઓમાં તે થોડી અગવડતા અથવા હળવી સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. બ્લડ સુગર અચાનક વધી શકે છેઃ કેળામાં કુદરતી ખાંડ (ફ્રુક્ટોઝ અને ગ્લુકોઝ) વધુ માત્રામાં હોય છે. જો ખાલી પેટે ખાવામાં આવે તો તે બ્લડ સુગર ઝડપથી વધારી શકે છે. તેથી, જો તમને ડાયાબિટીસ છે, તો તમારે ખાલી પેટે કેળું ખાવાનું ટાળવું જોઈએ. પેટ ફૂલવું અથવા ગેસ બનવુંઃ કેળામાં હાજર ફાઈબર અને કુદરતી ખાંડ કેટલાક લોકોના પાચનતંત્રને અસર કરે છે. જેના કારણે



ગેસ, પેટ ફૂલવું કે એસિડિટી જેવી સમસ્યાઓ થઈ શકે છે, ખાસ કરીને જ્યારે પેટ ખાલી હોય. મેગ્નેશિયમ-સોડિયમ અસંતુલનઃ કેળામાં મેગ્નેશિયમનું પ્રમાણ વધુ હોય છે. તેને ખાલી પેટ ખાવાથી શરીરમાં મેગ્નેશિયમ અને કેલ્શિયમનું અસંતુલન થઈ શકે છે, જે હૃદયના ધબકારા પર અસર કરી શકે છે. જોકે આ એક દુર્લભ પરિસ્થિતિ છે, તે શક્ય છે. થોડા સમય પછી ભૂખ વધી શકે છેઃ કેળામાં ફાઈબર હોય છે, પરંતુ તેમાં પ્રોટીન અને ચરબી ખૂબ ઓછી હોય છે. ખાલી પેટ ખાવાથી થોડા સમય પછી તમને ફરીથી ભૂખ લાગી શકે છે, જેના કારણે વધુ પડતું ખાવાનું અને વજન વધવાની શક્યતા રહે છે. સવારે ખાલી પેટે કેળું ખાવું યોગ્ય છે કે નહીં? સંપૂર્ણ વિશ્લેષણ કેળા ને ''સૂપરફૂડ'' તરીકે માનવામાં આવે છે. આ ફળ માત્ર ઊર્જા પૂરું પાડતું નથી, પણ પાચન સુધારવાનું કામ પણ કરે છે. તેનામાં રહેલા પોટેશિયમ, વિટામિન મ્૬, વિટામિન ઝ અને ડાયટરી ફાઈબર તેને અત્યંત પૌષ્ટિક ફળ બનાવે છે. પરંતુ, જ્યારે વાત આવે છે સવારે ખાલી પેટે કેળા ખાવાની, ત્યારે આ ફાયદા સાથે થોડા ગેરફાયદાઓ પણ સમજવા જેવા છે. સકારાત્મક પાસાઓ (ફાયદા)ઃ ઈન્સ્ટન્ટ એનર્જીનો સ્ત્રોતઃ કેળામાં કાર્બોહાઈડ્રેટ્સ વધુ હોય છે, જે ઝડપથી તૂટીને શરીરને તાત્કાલિક ઊર્જા આપે છે. ખાસ કરીને જો તમે કસરત કરો છો તો એક કેળું લેવાથી એનર્જી મિલે છે. પોટેશિયમથી ભરપૂરઃ પોટેશિયમ હાર્ટ રેટ અને બ્લડ પ્રેશર નાં નિયંત્રણ માટે જરૂરી છે. ખાલી પેટે કેળું ખાવાથી પોટેશિયમની જરૂરિયાત સરળતાથી પૂરી થઈ શકે છે. પાચન સુધારેઃ કેળામાં રહેલું ફાઈબર પેટને સાફ રાખવામાં મદદ કરે છે અને કબજિયાતથી રાહત આપે છે. નકારાત્મક પાસાઓ (ગેરફાયદા)ઃ એસિડિટી અને ગેસઃ ખાલી પેટે ખાવાથી કેટલીકવાર પેટમાં ગેસ, એસિડિટી કે ફૂલવાનો અનુભવ થઈ શકે છે - ખાસ કરીને જો તમારું પાચનતંત્ર સંવેદનશીલ હોય. બ્લડ સુગરમાં તાત્કાલિક વધારોઃ કેળામાં રહેલી ફ્રુક્ટોઝ અને ગ્લુકોઝ ખાલી પેટમાં ઝડપથી એબ્ઝોર્બ થઈ બ્લડ શુગર વધારી શકે છે - જે ડાયાબિટીસ ધરાવતા લોકો માટે જોખમી સાબિત થઈ શકે છે. શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ અસંતુલનઃ વધુ માત્રામાં મેગ્નેશિયમ ખાલી પેટ લેતા શરીરમાં સોડિયમ અને મેગ્નેશિયમ વચ્ચે અસંતુલન થઈ શકે છે - જેનાથી ક્યારેક કમજોરી કે હૃદયની ધબકારા વધી શકે છે. લાંબા સમય સુધી પૂષ્ટિ ન આપેઃ કેળામાં ફેટ અને પ્રોટીન ખૂબ ઓછી હોય છે, તેથી તેને ખાવાથી પેટ લાંબા સમય સુધી ભરેલું રહેતું નથી અને થોડીવારમાં ફરીથી ભૂખ લાગે છે. કેળા ખાવાનો યોગ્ય સમય અને રીત શું હોવી જોઈએ? સવારના નાસ્તા સાથેઃ કેળા સાથે નટ્સ, દહીં, ઓટમિલ કે પીનટ બટર જેવા પ્રોટીન-ફેટસ યુક્ત વસ્તુઓ ખાવું વધુ યોગ્ય ગણાય છે. કસરત પહેલાઃ જીમ અથવા કસરત કરતા પહેલા કેળા ખાવાથી એનર્જી મળે છે અને કસરત સારી રીતે થાય છે.

# ફાયદાની વાત! હલતા દાંત માટે રામબાણ ઇલાજ

મહુડો પોતાની પૌષ્ટિકતા અને ઔષધિય ગુણોના માટે ઓળખાય છે. આ એક ઝાડ છે, જેના ફળ જ નહીં પણ ફુલ, પત્તા તથા છાલ બધું જ ઔષધિય ગુણોથી ભરપૂર હોય છે. જાણકારીના અભાવમાં મોટા ભાગના લોકો તેના ફળનું સેવન કરતા હોય છે. પણ તેના પત્તા, ફુલ તથા છાલ પણ એટલી જ લાભકારક છે. મહુડો, એક એવું ઔષધીય વૃક્ષ છે, જે ભારતના ગામડાઓમાં પ્રકૃતિના આશીર્વાદના નામે ઓળખાય છે. આ વૃક્ષના ફળ, છાલ અને ફૂલોનો ઉપયોગ આયુર્વેદ અને પરંપરાગત ઉપચારોમાં સદીઓથી થતો આવ્યો છે. મહુડામાં ફોસ્ફરસ, શુગર, કેલ્શિયમ, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, આયર્ન, વિટામિન સી જેવા અનેક પોષક તત્વો મળી આવે છે. આ પોષક તત્વો શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારીને વિવિધ રોગો સામે રક્ષણ પૂરું પાડે છે. આ અહેવાલમાં મહુડાના ફાયદાઓ, તેના ઉપયોગો અને તેની ઔષધીય શક્તિ વિશે વિગતવાર ચર્ચા કરીશું. મહુડો ખાસ કરીને દાંત અને હાડકાંની સમસ્યાઓ માટે ખૂબ ફાયદાકારક છે. જો કોઈ વ્યક્તિને દાંતમાં દુખાવો હોય કે, દાંત હલતા હોય, તો મહુડાની છાલનો અર્ક બનાવીને તેનાથી કોગળા કરવાથી રાહત મળે છે. આ અર્ક થોડા દિવસોના નિયમિત ઉપયોગથી દાંતને મજબૂત બનાવે છે. આ ઉપરાંત, મહુડામાં રહેલું કેલ્શિયમ હાડકાંને મજબૂત કરવામાં મદદ કરે છે. જે લોકોના હાડકાં નબળાં હોય કે હાડકાંમાં દુખાવો રહેતો હોય, તેમના માટે મહુડો એક પ્રાકૃતિક ઉપચાર તરીકે કામ કરે છે. મહુડામાં રહેલા એન્ટી-માઈક્રોબિયલ ગુણો શરીરમાં થતા ચેપ (ઈન્ફેક્શન) સામે લડવામાં મદદ કરે છે. આ ગુણો ખાસ કરીને પેટના કીડાને નષ્ટ કરવામાં અને પેટને સ્વચ્છ રાખવામાં અસરકારક છે. આથી, મહુડો પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. મહુડો ખાસ કરીને જિમમાં વર્કઆઉટ કરતા લોકો માટે ફાયદાકારક છે. જો કોઈ વ્યક્તિ સ્નાયુઓ (મસલ્સ) વધારવા ઈચ્છતો હોય, તો મહુડો તેના માટે એક ઉત્તમ વિકલ્પ બની શકે છે. મહુડામાં રહેલું કેલ્શિયમ અને પ્રોટીન સ્નાયુઓના વિકાસમાં મદદ કરે છે. ખાસ કરીને, મહુડાને ગાયના દૂધ સાથે લેવાથી તેની અસર વધુ વધે છે. આ ઉપરાંત, મહુડામાં રહેલા પોષક તત્વો શરીરને ઊર્જા પૂરી પાડે છે, જે વર્કઆઉટ દરમિયાન સ્ટેમિના વધારવામાં મદદ કરે છે. મહુડાનો ઉપયોગ વિવિધ રીતે થાય છે. ગામડાઓમાં લોકો તેનો ઉપયોગ હલવો, ઉકાળો કે રોટલીના રૂપમાં કરે છે.



**દિવસભરના કામ પછી થાક આવવો સામાન્ય છે, થાકના ઘણા કારણો હોઈ શકે જેમ કે વધારે મહેનત**

એપ્રિલ મહિનામાં જ મહુડાના ઝાડમાંથી પીળા અને સફેદ રંગના રસીલા ફૂલો ટપકવા લાગે છે, જેનું સેવન દૂધ સાથે કરવામાં આવે છે. આ ફૂલો ખૂબ જ સ્વાદિષ્ટ અને પોષટિક હોય છે. મહુડાની છાલનો અર્ક દાંતની સમસ્યાઓ માટે, જ્યારે તેના ફળનો ઉપયોગ પાચન અને શારીરિક શક્તિ વધારવા માટે થાય છે. મહુડામાં રહેલા વિટામિન સી અને આયર્ન શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારે છે, જેનાથી શરદી, ખાંસી અને અન્ય નાની-મોટી બીમારીઓથી બચી શકાય છે. આ ઉપરાંત, તેના એન્ટી-માઈક્રોબિયલ ગુણો શરીરમાં બેક્ટેરિયા અને વાયરસના હુમલાને રોકવામાં મદદ કરે છે. મહુડો ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે ફાયદાકારક છે, કારણ કે તે પોષણની ઉણપને પૂરી કરે છે.

## ઘરમાં ગરોળી અને વંદાના ત્રાસથી કંટાળી ગયા છો?

ગરમીમાં ગરોળી, વંદાથી લઈને બીજા જીવજંતુઓનો ત્રાસ ઘરમાં વધી જાય છે. આમ, વંદા અને ગરોળી દૂર કરવા માટે લોકો જાતજાતનાં નુસખાઓ અજમાવતા હોય છે. ગરમીની સિઝનમાં દીવાલ પર ગરોળી અને ઘરમાં વંદાથી લઈને બીજા જીવજંતુઓનો ત્રાસ વધી જાય છે. ઘરમાંથી વંદા અને ગરોળી ભગાડવા માટે બજારમાં અનેક પ્રકારનાં કેમિકલયુક્ત ક્લીનર મળતા હોય છે. પરંતુ આ બધા કેમિકલ્સ ઘરનાં લોકો માટે હાનિકારક બની રહે છે. આ ક્લીનરની સ્મેલ એકદમ તીવ્ર હોય છે જેનાં કારણે એલર્જી થવાનાં ચાન્સિસ પણ વધારે રહે છે. આમ, તમે પણ વંદા અને ગરોળીનાં ત્રાસથી કંટાળી ગયા છો તો આ ટિપ્સ તમને કામમાં આવી શકે છે. તો જાણો આ માટે શું કરશો? ગરોળીને ભગાડવા માટે ડુંગળી અને લસણનો ઉપયોગ કરી શકો છો. આ બંને વસ્તુઓની તીવ્ર ગંધ આવે છે, જેના કારણે ગરોળી ભાગી જાય છે. જ્યાં ગરોળી આવે છે ત્યાં ડુંગળી અને કાચા લસણના ટુકડા રાખો. જ્યાં સુધી તેની ગંધ રહેશે ત્યાં સુધી ગરોળી ઘરમાં નહીં આવે. જો તમે ઈચ્છો તો આ વસ્તુઓને પાણીમાં નાખીને વાસણમાં રાખી શકો છો. આનાથી પણ તમે સમસ્યામાંથી પણ રાહત મેળવી શકો છો. ઘરમાં આવતી ગરોળી અને વંદાથી તમે કંટાળી ગયા છો તો પાણીમાં આ વસ્તુ મિક્સ કરીને પોતું મારો. આ માટે એક લીટર પાણી લો. ત્યારબાદ ૨ થી ૩ મોટી ચમચી કાળા મરીનો પાઉડર મિક્સ કરો. આ પ્રોસેસ થઈ જાય પછી લીમડાનાં તેલનાં ટીપાં નાખો અને ૨ થી ૩ કપૂરની ગોળી નાખો. આમ, આ બધી વસ્તુઓ પાણીમાં બરાબર મિક્સ થઈ જાય પછી પોતું મારો. આ પાણીથી તમે ઘરમાં પોતું મારશો તો વંદા, કીડી, મકોડા તેમજ ગરોળી છૂ થઈ જશે. આ માટે તમે કાળા મરીને પીસીને પાઉડર બનાવીને એક બોટલમાં ભરી શકો છો. કપૂરની ગોળીનો પણ પાઉડર બનાવી શકો છો. તમે આ પાણીથી પોતું મારવા ઈચ્છતા નથી તો આ પાણીને સ્પ્રે બોટલમાં ભરીને ઘરમાં અલગ-અલગ જગ્યા પર છાંટી દો.

## લાંબા સમયથી પોતાના પહેલા ખિતાબ માટે ઝંખતી RCB પ્રિય ટીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

રજત પાટીદારના નેતૃત્વ હેઠળની રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) IPL 2025 ની ફાઈનલમાં પહોંચી ગઈ છે. આ ટાઈટલ મેચ ૩ જૂને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાવા જઈ રહી છે. RCB નવ વર્ષ પછી IPL ની ફાઈનલમાં પહોંચી છે, જ્યાં તેને છેલ્લે ૨૦૧૬ માં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ બેટ્સમેન ડેવિડ વોર્નરે ટીમ વિશે મોટી આગાહી કરી છે. તેમણે એ પણ જણાવ્યું હતું કે ફાઈનલ મેચમાં પ્લેયર ઓફ ધ મેચ કોણ બની શકે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક ચાહકના પ્રશ્નનો જવાબ આપતા વોર્નરે કહ્યું કે લાંબા સમયથી પોતાના પહેલા ખિતાબ માટે ઝંખતી RCB તેની પ્રિય ટીમ છે. તેમણે પોતાના ભૂતપૂર્વ સાથી અને ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ વિશે આગાહી કરી હતી કે તે ફાઈનલ મેચમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીતશે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે પણ IPLની ફાઈનલ મેચમાં કાંગારૂ ફાસ્ટ બોલર પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો, જ્યારે કોલકાતા નાઈટ રાઈડર્સના મિશેલ સ્ટાર્કે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે મેચ વિનિંગ સ્પેલ ફેંકીને પોતાની ટીમને વિજય અપાવ્યો હતો.

# અજિત પવારને મોટો ઝટકો! ૭ ધારાસભ્યોએ સાથ છોડ્યો

### નાગાલેન્ડમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP અજિત પવાર જૂથ)ના તમામ સાત ધારાસભ્યો શાસક NDPPમાં જોડાયા

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

નાગાલેન્ડમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP અજિત પવાર જૂથ)ના તમામ સાત ધારાસભ્યો શાસક NDPPમાં જોડાયા, જેનાથી મુખ્યમંત્રી નેફ્યુ રિયોના નેતૃત્વ હેઠળની પાર્ટીને ૬૦ સભ્યોની વિધાનસભામાં સંપૂર્ણ બહુમતી મળી. આ વિલીનીકરણ સાથે રાષ્ટ્રવાદી ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી (NDPP)ના ધારાસભ્યોની સંખ્યા ૨૫થી વધીને ૩૨ થઈ ગઈ.

શરદ પવારની પાર્ટી એનસીપીમાં ભાગલા પડ્યા પછી નાગાલેન્ડ યુનિટે અજિત પવારના નેતૃત્વ હેઠળના જૂથને ટેકો આપ્યો હતો. વર્ષ ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં એનડીપીપી અને તેના સાથી ભાજપ પછી એનસીપી



રાજ્યમાં ત્રીજા સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો, તેણે ૧૨ બેઠકો જીતી. વિધાનસભા અધ્યક્ષ શેરિંગેન લોંગકુમેર દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, તમામ સાત ધારાસભ્યો રૂબરૂ હાજર થયા અને એનડીપીપીમાં ભળી જવાના નિર્ણયને દર્શાવતા ઔપચારિક પત્રો સુપરત કર્યા. તેમણે કહ્યું કે, આ વિલીનીકરણ બંધારણની ૧૦મી અનુસૂચિ હેઠળ બંધારણીય આવશ્યકતાઓને પૂર્ણ કરે છે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે નાગાલેન્ડ વિધાનસભા સભ્યો (પક્ષપલટાના આધારે ગેરલાયકાત) નિયમ ૨૦૧૯ અનુસાર, વિધાનસભા અધ્યક્ષે વિલીનીકરણને મંજૂરી આપી અને વિધાનસભા સચિવાલયને તે મુજબ પક્ષ જોડાણ રેકોર્ડ અપડેટ કરવાનો નિર્દેશ આપ્યો. રાજ્ય સરકારના મંત્રી કેજી કેન્યેએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ૭ એનસીપી ધારાસભ્યોએ વિધાનસભા અધ્યક્ષને તેમનો વિલીનીકરણ પત્ર સુપરત કર્યો હતો, જેને તેમણે ઉદારતાથી સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૧૪મી નાગાલેન્ડ વિધાનસભામાં એનડીપીપી સભ્યોની સંખ્યા ૨૫થી વધીને ૩૨ થઈ ગઈ છે.

### કોંગ્રેસ નેતાઓ પર થરૂરનો વળતો પ્રહાર

# હાલ મારું ધ્યાન મિશન પર, ભારત આવીને જવાબ આપીશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કોંગ્રેસ નેતા શશિ થરૂર ભારત તરફથી વિશ્વભરમાં મોકલવામાં આવેલા ડેલિગેશનનો હિસ્સો બનતાં જ પોતાના જ પક્ષના લોકોની ટીકાઓનો ભોગ બન્યા છે. વારંવાર કોંગ્રેસનો વિવિધ નેતાઓ થરૂરની ટીકા કરી રહ્યા છે. જેના પર ફરી એકવાર સ્પષ્ટતા આપતાં થરૂરે કહ્યું કે, હાલ મારી પાસે આ બધી વાતો માટે સમય નથી. મીડિયા સાથે વાતચીતમાં બ્રાઝિલમાં થરૂરને સવાલ કરવામાં આવ્યો હતો કે, કોંગ્રેસ નેતા તમારી ટીકાઓ કરી રહ્યા છે. તો તેનો જવાબ આપતાં તેમણે કહ્યું કે, આ બધી વાતો માટે મારી પાસે સમય નથી. હું હાલ માત્ર મારા મિશન પર ધ્યાન કેન્દ્રિત



કરી રહ્યો છું. થરૂરે આગળ કહ્યું કે, આપણે આ મિશનને ગંભીરતા પૂર્વક ધ્યાનમાં લેવું જોઈએ. એક સંપન્ન લોકતંત્રમાં ટિપ્પણીઓ અને ટીકાઓ થતી રહે છે. પરંતુ મને લાગે છે કે, હાલ આ બધી વાતો પર ધ્યાન આપવાની જરૂર નથી. જ્યારે અમે ભારત પાછા આવીશું, ત્યારે અમારી પાસે અમારા સહયોગીઓ, ટીકાકારો, મીડિયા સાથે વાતચીત કરવાની તક હશે. પરંતુ હાલ અમે એવા દેશો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છીએ, જ્યાં અમે જઈને આપણા દેશનો સંદેશ પહોંચાડી રહ્યા છીએ. ડેલિગેશન માટે જ્યારે કેન્દ્ર સરકારે વિવિધ પક્ષો પાસેથી પોતાના નેતાઓની યાદી મગાવી હતી, ત્યારથી જ કોંગ્રેસ અને થરૂર વચ્ચે મડાગાંઠ ઉભી થઈ છે. કેન્દ્ર સરકારે ડેલિગેશન માટે કોંગ્રેસમાંથી થરૂરની ભલામણ ન થઈ હોવા છતાં પસંદગી કરી હતી. જેનાથી વિપક્ષ નારાજ થયો હતો. વધુમાં થરૂરના નિવેદનો પર ટીકા કરતાં કોંગ્રેસના નેતા ઉદિત રાજે કહ્યું હતું કે, કોંગ્રેસે તેમને બધું આપ્યું, પરંતુ કોંગ્રેસ વિરુદ્ધ નિવેદનો આપીને તેમણે સ્પષ્ટ કરી દીધું કે તેઓ કોંગ્રેસનું કલ્યાણ ઈચ્છતા નથી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી એશિયન ડેવલપમેન્ટ બેંકના પ્રમુખ મસાટો કાંડાને મળ્યા.

## છેલ્લા ૨૪ કલાકમાં ૬૮૪ નવા કેસ, ચાર દર્દીનાં મોત

। નવી દિલ્હી, તા.૧ ।

દેશભરમાં કોરોનાના કેસમાં ફરી સતત વધારો જોવા મળી રહ્યો છે, જેણે સરકાર અને નાગરિકોની ચિંતા વધારી દીધી છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૮૪ કેસ સામે આવ્યા છે તથા ચાર લોકોનાં મોત થયા છે. આ સાથે કુલ કેસ ૩૩૯૫ થયા છે જ્યારે કોરોનાથી કુલ ૨૨થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે. દેશમાં કોરોનાના સૌથી વધુ કેસ કેરળમાં નોંધાયા છે, જ્યાં ૨૪ કલાકમાં નવા ૧૮૯ કેસ સાથે કુલ ૧૩૩૬ કેસ નોંધાયા છે. સરકારે કહ્યું છે કે ગભરાવાની જરૂર નથી, માત્ર લોકોએ સાવચેતી રાખવી જરૂરી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે ૩૧ મેના રોજ કોરોનાના આંકડા જાહેર કર્યા હતા, જે મુજબ કોરોનાના કુલ એક્ટિવ કેસની સંખ્યા વધીને ૩૩૯૫ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં જ ૬૮૫ નવા કેસ સામે આવ્યા છે જ્યારે કોરોનાથી ચાર લોકોનાં મોત નીપજ્યાં છે, જેમાં છત્તીસગઢ, કર્ણાટક, કેરળ અને ઉત્તર પ્રદેશમાં એક-એક દર્દીનાં મોત થયા છે. બીજીબાજુ કોરોનાના ૧૪૩૫ દર્દીએ સાજા થઈ જતા હોસ્પિટલમાંથી રજા લીધી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે બધા જ રાજ્યોને એલર્ટ રહેવા અને ટેસ્ટિંગ વધારવા માટે નિર્દેશ આપ્યા છે.

## ટીમ ઈન્ડિયા સાથે સોહમ દેસાઇનો સફર સમાપ્ત થતાં ભાવુક થયો સિરાજ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪-૨૫માં ખરાબ પર્ફોર્મન્સ બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ટીમ ઈન્ડિયા માટે આકરો નિર્ણય લીધો છે. બીસીસીઆઈએ આસિસ્ટન્ટ કોચ અભિષેક નાયરને દૂર કરવાનો નિર્ણય લીધો હતો. સ્ટ્રેન્થ એન્ડ કંડિશનિંગ કોચ સોહમ દેસાઈ અને એક મસાજરની પણ હાંકલપટ્ટી કરવામાં આવી છે. બીસીસીઆઈએ ફિલ્ડિંગ કોચ ટી. દિલિપને દૂર કરવાનો નિર્ણય લીધો હતો. પરંતુ બાદમાં બોર્ડે યૂ-ટર્ન લેતાં ટી. દિલિપને ફરીથી ફિલ્ડિંગ કોચ બનાવવાનું નક્કી કર્યું છે. ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે પણ સોહમ દેસાઈ માટે એક ભાવનાત્મક પોસ્ટ કરી હતી કે, એવી વ્યક્તિને ગુડબાય કહેવું ક્યારેય સરળ નથી જે ફક્ત કોચ જ નહીં, પણ માર્ગદર્શક, મેન્ટર અને ભાઈ રહ્યો છે. આ અંત નથી, અમે તમને ફરી મળીશું. તમારો પ્રભાવ હંમેશા મારી સાથે રહેશે. ડ્રેસિંગ રૂમમાં, જીમમાં અને અમે જે પણ દોડમાં ભાગ લઈએ છીએ તેમાં તમારી ગેરહાજરી અનુભવાશે. સ્ટ્રેન્થ એન્ડ કંડિશનિંગ કોચ સોહમ દેસાઈ ૩૧ મેના રોજ સત્તાવાર રૂપે ટીમ ઈન્ડિયાના સપોર્ટ સ્ટાફથી અલગ થયા છે. સોહમ દેસાઈ રવિ શાસ્ત્રીના સમયથી ટીમ સાથે જોડાયેલા હતાં. ઈન્સ્ટાગ્રામ પર ભાવુક પોસ્ટ લખી દેસાઈએ ટીમ ઈન્ડિયાના મેનેજમેન્ટને શુભેચ્છાઓ પાઠવી હતી.

### અલ્જિરિયામાં ઓવૈસીએ પાકિસ્તાનને ઉઘાડું પાડ્યું

# એક કુખ્યાત આતંકવાદી સત્તાવાર રીતે જેલમાં હોવા છતાં પિતા બન્યો

। (એજન્સી) અલ્જિરિયા, તા.૧ ।

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) ના વડા અને હૈદરાબાદના સાંસદ અસદુદીન ઓવૈસીએ શનિવારે આતંકવાદને પ્રોત્સાહન આપવાના બેવડા ધોરણો બદલ પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા. ઓવૈસીએ આતંકવાદમાં પાકિસ્તાનની સંડોવણીને ઉઘાડી પાડતાં કહ્યું કે એક કુખ્યાત આતંકવાદી સત્તાવાર રીતે જેલમાં હોવા છતાં પિતા બન્યો.

ઓવૈસી સર્વપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળનો ભાગ છે અને



હાલમાં અલ્જિરિયામાં છે. તેમણે શનિવારે ભારતીય સમુદાયને સંબોધિત કરતાં પાકિસ્તાનનો પર્દાફાશ કર્યો. ઓવૈસીએ કહ્યું કે આતંકવાદીઓને આશ્રય આપવાની ઈસ્લામાબાદની નીતિ દક્ષિણ એશિયામાં અસ્થિરતાને પ્રોત્સાહન આપે છે. તેમણે આતંકવાદી ઝકીઉર રહેમાન લખવીનો ઉલ્લેખ કર્યો અને પાકિસ્તાનના વલણની ટીકા કરી. ઓવૈસીએ કહ્યું, ઝકીઉર રહેમાન લખવી નામનો એક આતંકવાદી છે. દુનિયાનો કોઈ પણ દેશ આતંકવાદના આરોપોનો સામનો કરી રહેલા આતંકવાદીને જેલમાંથી બહાર આવવા દેશે નહીં, પરંતુ તે જેલમાં બેસીને એક પુત્રનો પિતા બન્યો. જોકે, જ્યારે પાકિસ્તાનને ગ્રે લિસ્ટ (FATF) માં મૂકવામાં આવ્યું, ત્યારે કેસ તરત જ આગળ વધ્યો.

### સમગ્ર બનાવ જાણીને હચમચી જશો

# ૨૫૦ રૂપિયા લેવાના ચક્કરમાં મહિલાને ૫ લાખનો ચૂનો લાગ્યો

। (એજન્સી) બેંગ્લોર, તા.૧ ।

દેશમાં સાયબર છેતરપિંડીના બનાવો સતત વધી રહ્યા છે. ત્યારે સાયબર ફ્રોડનો વધુ એક મામલો બેંગ્લોરથી સામે આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પીડિત મહિલાએ ૨૫૦ રૂપિયાના ચક્કરમાં ૫ લાખ રૂપિયા ગુમાવ્યા છે. હાલ મહિલાએ આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ત્યારે ચાલો જાણીએ શું છે આ સમગ્ર મામલો. બેંગ્લોરની એક ૩૫ વર્ષીય મહિલા, જે એક ખાનગી કંપનીમાં કામ કરે છે, તેના ઈન્સ્ટાગ્રામ પર એક મેસેજ આવ્યો હતો. જેમાં તેને જણાવવામાં આવ્યું હતું કે જો તે એક ટાસ્ક પૂર્ણ કરશે તો તેને ૨૫૦ રૂપિયા મળશે. જે બાદ મહિલાએ ટાસ્ક કમ્પ્લેટ કર્યો અને ૨૫૦ રૂપિયા તેને મળ્યા. જે બાદ ફરી તેને મેસેજ આવ્યો, જેમાં તેને એક ઈનવેસ્ટમેન્ટનો પ્લાન જણાવવામાં આવ્યો હતો. સાયબર ઠગે મહિલાને મોટા રૂપિયા કમાઈ આપવાની લાલચ આપી હતી. જેથી મહિલાએ તેની વાતમાં આવીને ૨૦,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું. થોડા દિવસોમાં તેને એક ઓનલાઈન ડેશબોર્ડ દ્વારા બતાવવામાં આવ્યું કે તેનું રોકાણ ૪૦,૦૦૦ રૂપિયા થઈ ગયું છે. જે બાદ સ્કેમર્સે તેને ટેલિગ્રામ ગ્રુપમાં જોડી દીધી, જ્યાં અન્ય "સફળ રોકાણકારો" દ્વારા મોટા નફાના દાવા કરવામાં આવતા હતા. આ ગ્રુપમાં સ્કેમર્સે મહિલાને મોટા રૂપિયા કમાવાની લાલચ આપીને વધુ પૈસા રોકવા જણાવ્યું. જેથી તેણે પોતાની બચતમાંથી ૪.૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા, અને પછી સ્કેમર્સે તેને ૫૦,૦૦૦ રૂપિયાની "પ્રોસેસિંગ ફી" ભરવા માટે કહ્યું હતું. જ્યારે તેણે પોતાનો નફો ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે સ્કેમર્સે વધુ ફીની માંગણી કરી અને અંતે સંપર્ક તોડી નાખ્યો.

### જો ડીલ થઈ તો ચીનના પણ હાંજા ગગડી જશે

# રશિયાએ ભારતને અત્યાધુનિક ફાઇટર જેટ Su-57Eની ઓફર આપી

। (એજન્સી) મોસ્કો, તા.૧ ।

રશિયાએ ભારતને ફિફ્થ જનરેશન અત્યાધુનિક SU-57E ફાઈટર જેટનું એક્સપોર્ટ વેરિયન્ટ ખરીદવાની ઓફર આપી છે. જેટ એટલું ખતરનાક છે કે, જો ભારત-રશિયા વચ્ચે ડીલ થઈ જશે તો પાકિસ્તાન જ નહીં ચીન પર ટેન્શનમાં આવી જશે. ભારત પાસે ફિફ્થ જનરેશનના કોઈપણ ફાઈટર પ્લેન નથી, ભારત હજુ તેના પર કામ કરી રહ્યું છે, જ્યારે રશિયા અને અમેરિકા ખૂબ જ એડવાન્સ જેટ વિકસાવી દીધા છે અને ભારતને ઓફર કરી રહ્યા છે. અગાઉ અમેરિકાએ પણ ભારતને F-35 ફાઈટર જેટ ખરીદવાની ઓફર કરી હતી. Su-57Eમાં ભારતના સુપર-૩૦ જેટ માટે આયોજિત મુખ્ય ટેકનોલોજીઓનો સમાવેશ કરાશે. તેમાં જેન આધારિત AESA રડાર અને ભારત દ્વારા વિકસાવાયેલ મિશન કોમ્પ્યુટર સામેલ છે. સ્ટીલ્થ ફાઈટર જેટ Su-57Eની સ્પીડ ૨૭૭૮ કિમી પ્રતિકલાક છે. આ ઉપરાંત Su-57Eમાં ૧૨ હાર્ડપોઈન્ટ છે. તે વિવિધ ટૂંકા, મધ્યમ અને લાંબા અંતરની



હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો અને ગાઈડેડ એરિયલ બોમ્બ લઈ જઈ શકે છે. Su-57માં ફીટ કરાયેલ R-37M મિસાઈલ રશિયાની અત્યાધુનિક ટેકનોલોજી ધરાવતું હથિયાર છે. રશિયાએ યુક્રેન યુદ્ધમાં આ મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. Su-57Eની સ્ટીલ્થ સિસ્ટમ સ્પીડ ઘટાડ્યા વિના અને મનુવરેબિલિટીને નુકસાન પહોંચાડ્યા વીને કામ કરે છે. રશિયન ફાઈટર જેટ એક મલ્ટી-રોલ ફાઈટર જેટ છે. તે અનેક પ્રકારના ઓપરેશનને પાર પાડી શકે છે. Su-57Eની કોમ્બેટ રેન્જ ૧૨૫૦ કિલોમીટર છે. તે મહત્તમ ૬૬ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. સ્ટીલ્થ ફાઈટર જેટ Su-57E સુપરસોનિક છે. આ ફાઈટર જેટની લંબાઈ ૬૫.૧૧ ફૂટ, વિંગસ્પેન ૪૬.૩ ફૂટ અને ઊંચાઈ ૧૫.૧ ફૂટ છે.

### કસ્ટમ ડ્યુટી ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવી

# ઘટી જશે ખાદ્યતેલના ભાવ, સરકારે ભાવ ઘટાડવા ભર્યું મોટું પગલું

### કેન્દ્ર સરકારે ક્રૂડ પામ તેલ, ક્રૂડ સોયાબીન તેલ અને ક્રૂડ સૂર્યમુખી તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી અડધી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

જુન મહિનાની શરૂઆતમાં જ ભારત સરકારે મોંઘવારી ઘટાડવા માટે એક મોટું પગલું ભર્યું છે. ખાદ્ય તેલના ભાવ ઘટાડવા માટે કસ્ટમ ડ્યુટી ઘટાડી દીધી છે. કેન્દ્ર સરકારે ક્રૂડ પામ તેલ, ક્રૂડ સોયાબીન તેલ અને ક્રૂડ સૂર્યમુખી તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી અડધી કરી દીધી છે. અગાઉ, આ તેલ પર ૨૦ ટકા ડ્યુટી લાગતી હતી, જે હવે ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે ભારત તેની સ્થાનિક ખાદ્ય તેલની જરૂરિયાતના ૫૦ ટકાથી વધુ આયાત કરે છે. શુક્રવારે આ સંદર્ભમાં એક સૂચના જાહેર કરવામાં આવી હતી અને તે તાત્કાલિક અસરથી અમલમાં આવી છે. ક્રૂડ પામ તેલ, ક્રૂડ સોયાબીન તેલ અને ક્રૂડ સૂર્યમુખી તેલ પર અસરકારક આયાત ડ્યુટી (મૂળભૂત કસ્ટમ ડ્યુટી અને અન્ય ડ્યુટી) હવે ૧૬.૫ ટકા રહેશે. જ્યારે પહેલા તે ૨૭.૫ ટકા હતી. રિફાઈન્ડ તેલ પર અસરકારક ડ્યુટી ૩૫.૭૫ ટકા રાખવામાં આવી છે. SEA અને ઈન્ડિયન વેજીટેબલ ઓઈલ પ્રોડ્યુસર્સ



એસોસિએશન (IVPA) બંનેએ આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેઓ સ્થાનિક પ્રોસેસર્સને સુરક્ષિત રાખવા માટે ક્રૂડ અને રિફાઈન્ડ ખાદ્ય તેલ વચ્ચે ડ્યુટી તફાવત વધારવાની માંગ કરી રહ્યા છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયની પ્રશંસા કરતા, સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (SEA) ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બી.વી. મહેતાએ જણાવ્યું હતું કે આનાથી સ્થાનિક ઉદ્યોગને તેની રિફાઈનિંગ ક્ષમતાનો ઉપયોગ કરવામાં મદદ મળશે. તેમણે કહ્યું કે આ પગલાથી ખાદ્ય તેલના છૂટક ભાવ ઘટાડવામાં પણ મદદ મળશે.

બી.વી. મહેતાએ કહ્યું કે રિફાઈન્ડ પામ તેલની આયાત વધારે છે, કારણ કે તે ક્રૂડ પામ તેલ કરતાં સસ્તું છે. ભારત મલેશિયા અને ઈન્ડોનેશિયાથી પામ તેલની આયાત કરે છે. IVPA ના પ્રમુખ સુધાકર દેસાઈએ ક્રૂડ ખાદ્ય તેલ પરની મૂળભૂત આયાત ડ્યુટી ૨૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવાના સરકારના નિર્ણયનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે ક્રૂડ અને રિફાઈન્ડ ખાદ્ય તેલ વચ્ચે ડ્યુટી તફાવત ૧૯.૨૫ ટકા કરવા માટે IVPA ની ભલામણ સ્વીકારવા બદલ અમે સરકારનો આભાર માનીએ છીએ. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે ૧૪ સપ્ટેમ્બરે સરકારે ક્રૂડ સોયાબીન તેલ, ક્રૂડ પામ તેલ અને ક્રૂડ સૂર્યમુખી તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી ૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરી હતી, જેના કારણે ક્રૂડ તેલ પરની અસરકારક ડ્યુટી ૨૭.૫ ટકા થઈ હતી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, રિફાઈન્ડ પામ તેલ, રિફાઈન્ડ સૂર્યમુખી તેલ અને રિફાઈન્ડ સોયાબીન તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી ૧૨.૫ ટકાથી વધારીને ૩૨.૫ ટકા કરવામાં આવી હતી, જેના કારણે રિફાઈન્ડ તેલ પરની અસરકારક ડ્યુટી ૩૫.૭૫ ટકા થઈ હતી.

## આતંક ફેલાવનારા પાકિસ્તાને જ સિંધુ જળ સંધિનું ઉલ્લંઘન કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તંગદિલી તેમજ સિંધુ જળ સંધિના ઉલ્લંઘન માટે ભારતને દોષિત ઠેરનારા પાકિસ્તાનને આકરો જવાબ આપતાં પર્યાવરણ રાજ્યમંત્રી કિર્તિવર્ધન સિંહે કહ્યું છે કે, પાકિસ્તાન પોતે આતંકવાદ મારફત આ સંધિનું ઉલ્લંઘન કરી રહ્યું છે. તેમજ તેમણે સંધિના ઉલ્લંઘન માટે પાકિસ્તાનની જમીન પરથી ફેલાયેલા આતંકવાદને જવાબદાર ઠેરવ્યું હતું. તાજિકિસ્તાનની રાજધાની દુશાંબેમાં આયોજિત ગ્લેશિયર્સ પર યુનાઈટેડ નેશન્સના પ્રથમ સંમેલનના પૂર્ણ સત્રને સંબોધિત કરતાં પર્યાવરણ રાજ્યમંત્રી કિર્તિવર્ધન સિંહે જણાવ્યું હતું કે, સિંધુ જળ સંધિ જેવા મુદ્દાઓ ઉઠાવી પાકિસ્તાન આ મંચનો દુરૂપયોગ કરી રહ્યું છે.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

નં. ED/G/838/1 (CMP) તારીખ : ૩૦-૦૫-૨૦૨૫

**અધિસૂચના**

**વિષય : અમદાવાદ ડિવિઝન (WR) પર પૂર્ણ સમયના કોન્ટ્રાક્ટ મેડિકલ પ્રેક્ટીશનર્સ (CMPs) (જનરલ ડ્યૂટી મેડિકલ ઓફિસર) ની નિમણૂંક**

અમદાવાદ ડિવિઝનની વિવિધ હોસ્પિટલો ખાતે કોન્ટ્રાક્ટ મેડિકલ પ્રેક્ટીશનર (CMPs / જનરલ ડ્યૂટી મેડિકલ ઓફિસર) ના પદની નિમણૂંક માટે ખુલ્લા બજારમાંથી યોગ્ય ડોક્ટર અને નિવૃત્ત સરકારી ડોક્ટરો જે સૂચિત યોગ્યતા માપદંડ પરિપૂર્ણ કરતા તેમની પાસેથી અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે.

ઓફર કરાનારી નિમણૂંક તદ્દન કોન્ટ્રાક્ટ ધોરણે એક વર્ષના સમયગાળા માટે રહેશે જેને નવા કોન્ટ્રાક્ટ તરીકે વર્ષથી વર્ષના ધોરણે ૧૨ વર્ષો થી વધુ અથવા ૬૫ વર્ષની ઉંમર થાય જે વહેલું હોય તેના કરતાં વધુ નહીં એમ રિન્યુ કરી/લંબાવી શકાશે, અને ખુલ્લા બજારના ડોકટરના મામલામાં નિમણૂંકની પ્રત્યેક મુદત એક વર્ષ કરતાં અને ૬૫ વર્ષની વય મર્યાદા સુધીની નિવૃત્ત સરકારી ડોકટરના મામલામાં ૦૭ વર્ષ કરતા અથવા UPSC દ્વારા પસંદ કરાયેલ ડોક્ટર્સ ઉપલબ્ધ થાય, જે વહેલું હોય એવા સમય થી વધારી શકાશે નહીં.

વૉક-ઈન-ઈન્ટરવ્યૂની તારીખ ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસના બોર્ડ રૂમ, ગુજરાત કેન્સર સોસાયટીની જનરલ હોસ્પિટલ (જીસીએસ)ની સામે, નરોડા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૫ (ગુજરાત) ખાતે તા.૧૯-૦૬-૨૦૨૫ (ગુરુવાર) ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે નિશ્ચિત કરવામાં આવી છે.

વિગતવાર અધિસૂચના રેલવે વેબસાઈટ https://wr.indianrailways.gov.in ઉપર પણ ઉપલબ્ધ છે અને પશ્ચિમ રેલવે વેબસાઈટ https://wr.indianrailways. gov.in ના અમદાવાદ ડિવિઝનના પેજ પર "Division" ક્લિક કરી "Ahmedabad" ક્લિક કરો.

ADI-054

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

### અનાજના જથ્થાના ઉપાડ, વળતર, e-KYC મુદ્દે મડાગાંઠ

# સસ્તા અનાજના દૂકાનદારો- સંચાલકો હડતાલ પર ઉતર્યા

## સરકાર સામે વિવિધ પ્રશ્નો અને માંગણીઓને મુદ્દે રાશન દુકાનોમાં અનાજ વિતરણ ન કરવા નિર્ણય લેવાયો હતો



। (એજન્સી) અમદાવાદ, તા.૧ । અનાજના જથ્થાના ઉપાડ, વળતર અને e-KYC મુદ્દે સર્જાયેલી મડાગાંઠને પગલે ગુજરાતના સસ્તા અનાજના દૂકાનદારો- સંચાલકોએ રવિવારથી શટડાઉન કરીને હડતાલ પર ઉતરવાનુ જાહેર કર્યુ છે. ગુજરાત ફેર પ્રાઈસ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનની આજે બેઠક મળી હતી. જેમાં સરકાર સામે વિવિધ પ્રશ્નો અને માંગણીઓને મુદ્દે ૧ જુનથી રાશન દુકોમાં અનાજ વિતરણ ન કરવાનો નિર્ણય લેવાયો છે. બીજી તરફ રેશનિંગની દૂકાનો બંધ ન રહે તેના માટે રાજ્યના અન્ન- નાગરીક પુરવઠા વિભાગે અત્યાર સુધીમાં ૮૫ ટકાથી વધારે NFSA રેશનકાર્ડ ધારકોએ e-KYC પૂર્ણ કર્યુ હોવાના દાવા સાથે બાકી રહેલા રેશનકાર્ડ હોલ્ડરોને ઘરે બેઠા આ પ્રક્રિયા પૂર્ણ કરી લેવા અપીલ કરી છે. તેમણે વધુમાં કહ્યું કે, રાજ્ય સરકારનો વિભાગ ફકત છાપામાં જાહેરાત આપે એ કેટલે અંશે યોગ્ય કહેવાય. દુકાનદારોને દબાણ કરવાથી EKYC પૂર્ણ નહીં થાય. અમે આ સામે કોર્ટમાં જઈને લડવા માટે પણ તૈયાર છીએ. રાજ્ય સરકાર EKYC પ્રક્રિયા ૧૦૦% પૂર્ણ નહીં કરે તો ૧ જૂનથી વિતરણ વ્યવસ્થા બંધ કરીશું. દુકાનદારોને મળતા ૨૦ હજાર કમિશન અંગે પણ પદ્ધતિ સરકાર બદલે. સરકારનો દાવો છે કે, જરૂરીયાતમંદ નાગરિકોને અનાજનો જથ્થો સમયસર મળી રહે તે માટે KYC અનિવાર્ય છે. જેનાથી સાચા શકે. આ દિશામાં જ ભારત સરકારે નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ- NFSA હેઠળ e-KYC કરવા રાજ્યોને સુચના આપી છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૮૫ ટકાથી વધુ રેશનકાર્ડ ધારકોએ e-KYC પૂર્ણ કર્યુ છે. બાકી રહેતા નાગરિકો હવે ઘરે બેઠા માય રેશન એપ ઉપરાંત નજીક આવેલી મામલતદાર કચેરી કે ઝોનલ કચેરી કે પછી ગ્રામ પંચાયતમાં જઈને સત્વરે e-KYC કરાવી શકે છે. ઉલ્લેખનિય છે કે, સરકારના દાવા વચ્ચે પણ રેશનિંગની દૂકાનોના સંચાલકોએ રવિવારથી હડતાલ યથાવત રાખી છે અને આ લડતને આગળ વધારવા રવિવારે અમદાવાદમાં બેઠક પણ બોલાવી છે. થોડા દિવસ પહેલા રેશનકાર્ડ દુકાનદારોની મહત્વની બેઠક મળી હતી. જેમાં ૧ જુનથી રાશન દુકાન ધારકો નહીં કરે અનાજ વિતરણ કરવાનો નિર્ણય લેવાયો છે.

અમદાવાદના વસ્ત્રાલ ખાતે એક પાર્ટી પ્લોટમાં બેઠક મળી હતી. આ બેઠકમાં રેશન દુકાનદારો હાજર રહ્યા હતા. આ બેઠકમાં દુકાનદારોને પડતી વિવિધ મુદાઓને લઈને ચર્ચા થઈ હતી. બેઠક અંગે ફેર પ્રાઈસ શોપ એન્ડ કેરોસીન ડીલર્સ એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ જણાવ્યું કે, EKYC ની પ્રક્રિયા પૂર્ણ કરવામાં રાજ્ય સરકાર નિષ્ફળ રહી છે. રાજ્ય સરકાર ખોટા આંકડા જાહેર કરી રહી છે. આધાર કાર્ડ અને મતગણતરી પ્રક્રિયા સરકાર જે રીતે કરે એ પ્રમાણે EKYC પણ કરવું જોઈતું હતું. ઘરે ઘરે જઈને રેશન કાર્ડની EKYC પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં પવન સાથે વરસાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ શહેરમાં મોડી સાંજથી ધીમ ધારે વરસાદ શરૂ થયો હતો. અમદાવાદ શહેરમાં મેઘરાજાનું આગમન થતા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહેલી આઈપીએલ મેચમાં પણ વિલંબ થયો હતો. શહેરના એસજી હાઈવે, ગોતા, સાબરમતી, ચાંદખેડા, પ્રહલાદનગર, પકવાન ચાર રસ્તા, માનસી, શિવરંજની, ડ્રાઈવ ઈન રોડ સહિતના વિસ્તારમાં વરસાદ શરૂ થયો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં પવન સાથે વરસાદી છાંટા પડ્યાં છે. કેટલીક જગ્યાએ ટ્રાફિક જામની સ્થિતિ પણ જોવા મળી. છેલ્લા કેટલાય સમયથી ક્રિકેટના રસિયાઓ આ મેચની રાહ જોઈ રહ્યા હતા. દેશના ખૂણે ખૂણેથી લોકો આ મેચને નિહાળવા માટે અમદાવાદમાં આવ્યા હતા. સાથે જ અમદાવાદના લોકો પણ આ મેચની છેલ્લા કેટલાય સમયથી રાહ જોઈ રહ્યા હતા. જોકે, મેચ શરૂ થતા પહેલા જ વરસાદ પડ્યો. જેના કારણે સ્ટેડિયમમાં બેઠેલા લોકોની મજા બગડી હતી. વરસાદ પડવાને કારણે સ્ટેડિયમમાં બેસેલા લોકોને ભારે હાલાકી થઈ હતી. ઘણા બધા દર્શકો આ વરસાદને કારણે ભીના થઈ ગયા હતા. મેદાનમાં ટોસ પણ થઈ ગયો હતો. જોકે, ટોસ થયા બાદ વરસાદ પડ્યો. જેના કારણે મેચમાં વિલંબ સર્જાયો હતો.

### ગુજરાતે દૂધ ઉત્પાદનનો ડંકો વગાડ્યો કે વહાવી દૂધની નદીઓ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ભારતનું દૂધ ઉત્પાદન દર વર્ષે ૫.૭ ટકા, જ્યારે ગુજરાતનું દૂધ ઉત્પાદન દર વર્ષે ૯.૨૬ ટકાના દરે તેજ ગતિએ વધ્યું. છેલ્લા બે દાયકામાં ગુજરાત દૂધ ઉત્પાદનમાં ૧૧.૮ મિલિયન ટનના અભૂતપૂર્વ વધારા સાથે દેશમાં ચોથા ક્રમે પહોંચ્યું. વૈશ્વિક ખોરાક તરીકે દૂધના મહત્વને ઉજાગર કરવા તેમજ ડેરી ઉદ્યોગને ટેકો આપવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે ૧લી જૂનને “વિશ્વ દૂધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. અનેક પોષકતત્વો ધરાવતું દૂધ માત્ર પૌષ્ટિક આહાર જ નહિ, પરંતુ પશુપાલન અને ડેરી ઉદ્યોગ સાથે જોડાયેલા કરોડો લોકોની આજીવિકાનું મહત્વપૂર્ણ માધ્યમ પણ છે. આજે વિશ્વનું દૂધ ઉત્પાદન દર વર્ષે ૨ (બે) ટકાના દરે વધી રહ્યું છે, જ્યારે ભારતનું દૂધ ઉત્પાદન દર વર્ષે ૫.૭ ટકાના દરે તેજ ગતિએ વધી રહ્યું છે. ભારતની કુલ ય્ઙ્ઘઁમાં લગભગ ૪.૫ ટકા જેટલો ફાળો ડેરી ઉદ્યોગ ક્ષેત્રનો છે. ભારત વર્ષ ૧૯૯૮થી આજ દિન સુધી દૂધ ઉત્પાદન અને ડેરી વિકાસ ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં સર્વપ્રથમ રહ્યું છે. ભારત દેશ વાર્ષિક ૨૩૯ મિલિયન ટન જેટલા દૂધ ઉત્પાદન સાથે વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં ૨૫ ટકા જેટલો ફાળો ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ભારત સરકાર દ્વારા કરાયેલી વિવિધ પહેલોના પરિણામે દર વર્ષે ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં તેજ ગતિએ વધારો થઈ રહ્યો છે.

### બે ગોલ્ડ અને બે સિલ્વર મેડલ જીત્યા

# ચાર વિદ્યાર્થિનીઓએ ઇન્ટરનેશનલ રીંગ ફાઇટમાં ગુજરાતનો ડંકો વગાડ્યો

## મહેસાણાની ચાર વિદ્યાર્થિનીઓએ હૈદરાબાદમાં યોજાયેલી ઇન્ટરનેશનલ રીંગ ફાઇટ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો




। (એજન્સી) મહેસાણા, તા.૧ । ઈન્ટરનેશનલ રીંગ ફાઈટ ચેમ્પિયનશિપનું પ્રથમ વખત આયોજન તેલંગાણામાં થયું હતું. જ્યાં મહેસાણાની ચાર વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આમાં બે વિદ્યાર્થિનીએ ગોલ્ડ મેડલ અને બાકીની બે વિદ્યાર્થિનીએ સિલ્વર મેડલ જીતી વિજેતા બની છે. રીંગ ફાઈટ ફેડરેશન ઑફ ઈન્ડિયા અને રીંગ ફાઈટ ફેડરેશન ઑફ તેલંગાણા દ્વારા આયોજિત 1st ઈન્ટરનેશનલ રીંગ ફાઈટ ચેમ્પિયનશિપ ૨૩ થી ૨૫ મે ૨૦૨૫ દરમિયાન હૈદરાબાદના ગવર્મેન્ટ કૉલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન ખાતે યોજાઈ હતી. જેમાં મહેસાણાની ચાર વિદ્યાર્થિનીઓ વિજેતા બનીને મહેસાણાનું અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. ઈન્ટરનેશનલ રીંગ ફાઈટ ચેમ્પિયનશિપ માં ભારત સહિત બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન અને શ્રીલંકા જેવા દેશોએ ભાગ લીધો હતો. ભારતમાંથી જુદા જુદા ૧૨ રાજ્યોના ખેલાડીઓએ પણ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. કુલ ૩૮૦ જેટલા ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. મહેસાણાના ૪ ખેલાડીઓએ આ સ્પર્ધામાં મહેસાણા જિલ્લાનું, ગુજરાત રાજ્યનું અને ભારત દેશનું પ્રતિનિધિત્વ કરીને વિજય હાંસલ કર્યો હતો. મહેસાણા શહેરની પટેલ પરી સુરેશભાઈ, જેમણે ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા પાસ કરી છે, તેમણે Under-19 વયજૂથના ૮૦ કિગ્રા વજનગ્રુપમાં ગોલ્ડ મેડલ મેળવી વિજેતા બની હતી. તેમજ પટેલ આભાબેન ઘનશ્યામભાઈ, જેમણે હાલ ધોરણ ૯ ની પરીક્ષા પાસ કરી છે, તેમણે Under-14 વયજૂથના ૩૩ કિગ્રા વજનગ્રુપમાં ગોલ્ડ મેડલ મેળવી વિજેતા બની હતી. પટેલ જાનવી અલ્પેશભાઈ, જેમણે U-14 વય જૂથના ૫૩ કિગ્રા વજન જૂથમાં સિલ્વર મેડલ જીતી વિજેતા બની હતી, અને હાલમાં ધોરણ ૮ ની પરીક્ષા પાસ કરેલી છે. પટેલ યાના વિનોદભાઈ, જેમણે આ સમયે ધોરણ ૯ ની પરીક્ષા પાસ કરી છે, તેમણે U-17 વય જૂથના ૬૫ કિગ્રા વજન જૂથમાં સિલ્વર મેડલ સાથે વિજેતા બની હતી. વિજેતા પામેલા ખેલાડીઓને તેમના કોચ પાંચા ભાગ્યેશભાઈ, ગુજરાત રીંગ ફાઈટ રમતના જોઈન્ટ સેક્રેટરી તરુણભાઈ નિસાદ, અને ભારત વ્યાયામ મંદિરના મંત્રી જયંતભાઈ એચ. પટેલ દ્વારા શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### રોડ પર યુવકને ડંડાથી બેરહેમીપૂર્વક ફટકારતી પોલીસનો વીડિયો વાયરલ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગઈ રાત્રે જ શહેરના પોલીસ કોન્સ્ટેબલ યુવરાજસિંહ વાઘેલા નશાની હાલતમાં વાહન હંકારીને અકસ્માત સર્જ્યો હતો. જેમાં ૩ લોકોને અડફેટે લીધા હતા. ત્યારે વધુ એક વીડિયા વાયરલ થઈ રહ્યો છે, જેમાં ૨ પોલીસકર્મીઓ એક યુવકે લાકડી અનં દંડાથી મારી રહ્યા છે. જણાવી દઈએ કે, શહેરના હીરાભાઈ માર્કેટ, દીવાન બલ્લુભાઈ રોડ પર પોલીસકર્મી દ્વારા એક વ્યક્તિને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ ઘટના રોંગ સાઈડમાં વાહન ચલાવવાને લઈને થયેલા ઝઘડાને કારણે બની હોવાનું જાણવા મળે છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે, એક પોલીસકર્મી ખાખી વર્દીમાં લાકડી વડે વ્યક્તિ પર ઢોર માર મારી રહ્યો છે. આ વીડિયો સામે આવતા ખાખી પર મોટા સવાલો ઉભા થયા છે. જો સામાન્ય બાબતમાં આ રીતે લોકોને રસ્તા પર પોલીસ મારશે તો લોકો કોના પર વિશ્વાસ કરશે? આ વીડિયોમાં પોલીસની દાદાગીરી અને અનૈતિક વર્તન સ્પષ્ટ દેખાય છે, જેના કારણે સામાન્ય નાગરિકોમાં ભય અને અસંતોષનું વાતાવરણ ઊભું થયું છે. ઘટનાની વિગતો અનુસાર, રોંગ સાઈડમાં વાહન ચલાવવાને લઈને પોલીસકર્મી અને વ્યક્તિ વચ્ચે શાબ્દિક બોલાચાલી થઈ, જે પછી પોલીસે આક્રમક વલણ અપનાવીને મારપીટ શરૂ કરી હતી. વીડિયોમાં દેખાતી આ બર્બરતાએ પોલીસની કામગીરી અને નૈતિકતા પર સવાલો ઉભા કર્યા છે.

### અમદાવાદ શહેરમાં નશામાં ધૂત કોન્સ્ટેબલે ગાડીથી લોકોને કચડ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

હમણાં ઘણા સમયથી દરરોજ ખાખી પર સવાલો કરતી ઘટનાઓ સામે આવી રહી છે. વડોદરા, અમરેલી, અમદાવાદ સહિતના શહેરોમાં પોલીસકર્મીઓના કાંડ સામે આવી રહ્યા છે. ત્યારે ફરી એક વખત ખાખી પર ઘાડ લાગે તેવી ઘટના અમદાવાદથી સામે આવી છે. રાણીપ વિસ્તારમાં બકરા મંડી નજીક એક પોલીસ કોન્સ્ટેબલે નશાની હાલતમાં વાહન ચલાવી અકસ્માત સર્જ્યો હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ ઘટનામાં પોલીસ કોન્સ્ટેબલ યુવરાજસિંહ વાઘેલા, જે માધુપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે, તેણે ગઈ રાત્રે નશામાં વાહન હંકારીને અકસ્માત સર્જ્યો હતો. આ પોલીસકર્મીએ નશાની હાલતમાં બે થી ત્રણ વાહનોને અડફેટે લીધા હતા, જેમાં એક લારી અને ટુ-વ્હીલરનો સમાવેશ થાય છે. આ અકસ્માત એટલો ગંભીર હતો કે, લારીમાં ટક્કર લાગતા જ નજીકના ઘરમાં ઘૂસી ગઈ હતી, જેના કારણે આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં ત્રણ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી, જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક લોકો અને પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, પોલીસ કોન્સ્ટેબલ નશાની હાલતમાં હોવાનું સ્પષ્ટ દેખાતું હતું, જેના કારણે તેણે વાહન પર નિયંત્રણ ગુમાવ્યું હતું. આ ઘટનાએ પોલીસ વિભાગની કામગીરી અને શિસ્ત પર પણ સવાલો ઉભા કર્યા છે.

### રજિસ્ટ્રેશન ફીમાં કરાયો વધારો

# અમદાવાદ શહેરમાં પાળતૂ શ્વાન રાખવું મોંઘું પડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાં હવે પાળતૂ શ્વાન માટેના નિયમો વધુ આકરા બનાવવામાં આવ્યા છે. સાથે જ હવે અમદાવાદ કોર્પોરેશન દ્વારા પાળતૂ શ્વાનની રજિસ્ટ્રેશન ફીમાં વધારો કરવામાં આવ્યો છે. પેટ ડોગ રજિસ્ટ્રેશન ફી ૨૦૦ રૂપિયાથી વધારીને ૫૦૦ રૂપિયા કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં પાળતૂ શ્વાનનું રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જે લોકો ઘરમાં પેટ ડોગ રાખે છે, તેઓએ અમદાવાદ કોર્પોરેશનમાં રજિસ્ટ્રેશન પ્રોસેસ કરાવવી જરૂરી છે. ત્યારે અમદાવાદ કોર્પોરેશન દ્વારા પેટ ડોગ રજિસ્ટ્રેશન ફીમાં વધારો કરવામાં આવ્યો છે.

અત્યાર સુધી રજિસ્ટ્રેશન ચાર્જ તરીકે ૨૦૦ રૂપિયા વસૂલાતા હતા, જેને બદલે હવે ૫૦૦ રૂપિયા ફી રાખવામાં આવી છે.

અમદાવાદ કોર્પોરેશન દ્વારા ૩૧ મે સુધીમાં પેટ ડોગનું રજિસ્ટ્રેશન કરવાની અંતિમ તારીખ હતી.

## કુરિયર કંપનીની ડીલરશીપ આપવાના બહાને ઠગાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

દિલ્હી બેઈઝ કુરિયર કંપની ચાલુ કરી દેશભરમાં ફ્રેન્ચાઈજી અને ડીલરશીપ આપવાના બહાને ઠગાઈ કરતી ટોળકીના એક આરોપીની આર્થિક ગુના નિવારણ શાખાએ ધરપકડ કરી છે. આરોપીઓ ડિપોઝિટ લીધા બાદ ઊંચું વળતર આપવાની લાલચ આપતા હતા. મહત્વનું છે કે ન માત્ર અમદાવાદ પરંતુ દેશભરમાં આ ટોળકીઓ વિરૂદ્ધ ફરિયાદ અને અરજીઓ નોંધાઈ છે. જેમાં સંખ્યાબંધ ભોગ બનનાર લોકો સામે આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખાએ આરોપી રવિ બાબુલાલ ચૌધરીની ધરપકડ કરી છે. જેની ધરપકડ દિલ્હી ખાતેથી કરવામાં આવી છે. આરોપીએ DALLAS ECOM INFOTECH PRIVATE LIMITED કંપની ચાલુ કરી ઓનલાઈન તેના બ્રોસર અને વિગતો અપલોડ કરી દેશભરમાં કુરિયર ઓફિસ ચાલુ કરવાના બહાને લોકો પાસેથી ડિપોઝિટ પેટે ૧૨,૫૦,૦૦૦ પડાવતા હતા.

# રેલવે સુરક્ષા બળ અમદાવાદની અનાધિકૃત પાર્કિંગ પર કડક કાર્યવાહી, ૧૪ વાહનો કર્યા જપ્ત



। અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ રેલવે સંકુલમાં ટ્રાફિક વ્યવસ્થાને સુગમ બનાવી રાખવા અને યાત્રીઓને ઉત્તમ સુવિધા આપવાના ઉદ્દેશથી રેલવે સુરક્ષા બળ (RPF) અમદાવાદ દ્વારા વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું. જેમાં સ્ટેશનના સર્ક્યુલેટિંગ વિસ્તારમાં નો પાર્કિંગ ઝોનમાં નિયમોની અવગણના કરતાં ગેરકાયદેસર રૂપે ઉભેલા ટેક્સી અને ઑટો રિક્શા માત્ર ટ્રાફિકમાં અડચણરૂપ જ નહોતા બની રહ્યા પરંતુ યાત્રીઓની અવરજવરમાં પણ અસુવિધાનું કારણ બની રહ્યા હતા.

આ સ્થિતિ પર નિયંત્રણ મેળવવાના હેતુથી RPF એ એક સુનિયોજિત કાર્યવાહી કરતાં કુલ ૧૪ ટેક્સી અને ઑટો રિક્શા જપ્ત કર્યા. તમામ જપ્ત વાહનોના ચાલકો વિરૂદ્ધ રેલવે અધિનિયમ હેઠળ કાયદાકિય કાર્યવાહી કરવામાં આવી રહી છે.

રેલવે સંકુલમાં અશિસ્ત, અવ્યવસ્થા અને નિયમોનું ઉલ્લંઘન કોઈ પણ હાલતમાં ચલાવી લેવામાં આવશે નહીં. રેલવે સ્ટેશન જાહેર સેવાનું કેન્દ્ર છે, જ્યાં સુવ્યવસ્થા, શાંતિ અને સુરક્ષા સર્વોપરિ છે. નો પાર્કિંગ વિસ્તારમાં પોતાની મરજી ચલાવનારા ચાલકો પર કડક કાર્યવાહી કરવામાં આવશે, RPF ની દેખરેખ સતત ચાલુ છે અને ભવિષ્યમાં આ મુજબની કોઈપણ પ્રવૃત્તિ પર કડક કાર્યવાહી કરવામાં આવશે.

